**નોટબંધી :** કાળા નાણાંને બહાર લાવવા મોદીનું પ્રશંસનીય પગલું

Global Edition

'Feelings'-International Gujarati Family Magazine

શ્રી

ઝંખના કેવળ સત્યને પામવાની

# ફીલિંગ્સ

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન


૧૫ ડિસેમ્બર, ૨૦૧૬ | કિંમત ₹૨૫




Read online : www.feelingsmultimedia.com

અભિનેત્રીથી રાજકીય નેતા સુધીની સફળ સફર બાદ

## 'અમ્મા'ની વસમી વિદાય...






મારા
લગ્નને
શણગાર્યું છે
ટીબીઝેડ ધ ઓરિજનલે

O&M 8180 GUJ

tbz®
The original since 1864
TRIBHOVANDAS BHIMJI ZAVERI
SHRIKANT ZAVERI GROUP

www.tbztheoriginal.com facebook.com/tbztheoriginal instagram.com/tbz1864

AHMEDABAD: 079 3048 5001 • BHAVNAGAR: 0278 243 5001 • GANDHIDHAM: 02836 235 008 • RAJKOT: 0281 308 5001
SURAT: 0261 304 5001 • VADODARA: 0265 235 1560 • VAPI: 0260 297 0500

AURANGABAD • DHANBAD • HYDERABAD • INDORE • JAMSHEDPUR • KOCHI • KOLKATA
MUMBAI • NAGPUR • PATNA • PUNE • RAIPUR • UDAIPUR • VIJAYAWADA

ALSO AVAILABLE ON amazon.in Flipkart snapdeal

**FEELINGS**
MULTIMEDIA LIMITED

*Presents*




# FEELINGS PRIDE OF INDIA AWARDS 2017

## Award Categories

- NRI (Asia, Europe, USA, Africa, Aus., UAE)
- Medical
- Media (Print / Electronic Media)
- Corporate
- Education
- Literature
- Music
- Entertainment Golden Achievement ( Film & Tellywood)
- Sports
- Dynamic Woman
- Young Achievers
- Social / NGO
- Arts & Culture
- Child Artiste
- Life Time Achievement

**Bollywood, Celebrities and Dignitires from 22 countries will glorify this mega event.**

For further information contact : 0265-2489477, +91-98253 28488, Web.: www.feelingsmultimedia.com

- Saturday, 7th January 2017
- 6.00 pm onwards
- Ahmedabad Airport-Gandhinagar Rd.,

Venue at :
NARAYANI HEIGHTS
HOTEL AND CLUB

# અનુક્રમણિકા

## આ અંકના આકર્ષણ...


◎ કેડીઓ કલરવની પ્રેરણાદાયક વાત - ડૉ. આઈ. કે. વીજળીવાળા ૧૪

◎ ઈન્વેસ્ટમેન્ટ -મની મેનેજર ૩૭

◎ મુશાયરો ૩૯

◎ નેટ ડાયરી -અભિમન્યુ મોદી ૪૬

◎ હેલ્થ ઈઝ વેલ્થ -ડૉ. શૈલેષ જાની ૪૮

◎ RTO-દ્વારા અંગદાનની નવી પહેલ ૪૯

◎ સંવેદના - પારૂલ સોલંકી ૫૨

◎ મારી પત્ની મારી નજરે પ્રતાપ રાવલ - પ્રદિપ ત્રિવેદી ૫૩

◎ રાશિ-ભવિષ્ય ૫૪

◎ એસ્ટ્રોલોજર -દીપક શાહ ૫૫

◎ બુક રિવ્યુ ૫૬

◎ લગ્ન વિષયક ૫૭

◎ ફીલિંગ્સ મિર્ચી ૬૨





'અમ્મા'ની વસમી વિદાય...
૮ | - વિજય રોહિત






૨૪ | કાળા નાણાં માટે કરેલી આ સર્જરી કામયાબ રહેશે ખરી? - ફીલિંગ્સ ટીમ






૨૮ | 'કેશલેસ' સોસાયટી તરફ આગેકૂચ - મનહર ડી.શાહ





૧૮ | અમેરિકા, ડોનાલ્ડ ટ્રમ્પ અને નવા યુગના એંધાણ -પરીક્ષિત જોશી






૩૪ | સ્વાદરસિયા સુરતીલાલા - જિજ્ઞાસા સોલંકી






૪૦ | આવી નોટો પાછી ખેંચવા જેવી હતી! - બધિર અમદાવાદી


૪૨ | બોક્સ ઓફિસ અને કાળા નાણાંની ફિલ્મી કહાની.. - મેઘવિરાસ






૩૮ | અનમોલ કલબ તેમજ ફીલિંગ્સ ફાઉન્ડેશનના ઉપક્રમે યોજાઈ દિવ્યાંગ કલાકારોની નાઈટ


શક્તિ
આધુનિક નારીનો ખાસ વિભાગ




૫૦ | પેન્ટિંગ્સ અને રંગોના માધ્યમથી ખુશીની પળો આપનારું અનોખું વ્યક્તિત્વ
ચૌલા દોશી
- ફીલિંગ્સ ટીમ


Borivali
Shop No. 6. 10, 14-B, 18, 33, 34
Borivali Shopping Centre,
Chandavakar Road,
Borivali (W), Mumbai - 400 092.
Tel.: 2892 9903
Santacruz
Shop No. 9, 10, 11
Opp. S.N.D.T College,
Juhu Tara Road,
Santacruz (W), Mumbai - 400 049.
Tel.: 2660 9535
Kalbadevi
Kalbadavi Next to
Madras Bhuvan
Bhang wadi
SANSKRUTI
WEDDING HOUSE
Email : sanskruti3399@yahoo.in
Web : www.sanskrutiweddinghouse.com
FB : Shrisanskrutiweddinghouse
You Tube : Shrisanskrutiweddinghouse

**તંત્રી-માલિક-પ્રકાશક : અતુલ શાહ**
ડાયરેક્ટર : ખ્યાતિ શાહ
એક્ઝિ. ડાયરેક્ટર : દિપ્તી દેઢિયા
માર્કેટિંગ કન્સલ્ટન્ટ : અરવિંદ પુરોહિત
સહતંત્રી : એમ. એ. મોદી
સંપાદક : વિજય રોહિત
માર્કેટિંગ એડવાઈઝર : નીતિન વસાણી (સૌરાષ્ટ્ર)
એડિટોરિયલ ટીમ : એચ.દેસાઈ, કૌસ્તુભ આઠવલે
ગ્રાફિક ડિઝાઈનર : કમલેશ સોલંકી
ફોટોગ્રાફર : ચેતન મિસ્ત્રી, પરેશ શાહ

**ઈન્ટરનેશનલ ઓફિસ**

**U.S.A. (New Jersey)**
266, Middlesex - Essex Turnpike Iselin,
New Jersey 08830
E-mail : feelingsusa@gmail.com, info@feelingsmultimedia.com

**U.S.A. (Chicago)**
2609 W. Devon Avenue, Chicago IL 60659
PHONE # 773 - 799 - 0283, E-mail : feelingsusa@gmail.com

**London**
Mkt. Head U.K. - **Ashish Popat** - M.: +44(O)7753386909

**રિજિયોનલ ઓફિસ**

**મુંબઈ**
૪૧૧, ચોથો માળ, બિલ્ડિંગ-૯, શ્રી લક્ષ્મી પ્લાઝા
પ્રીમાઈસીસ સીએચએસ, અંધેરી(વે), ન્યૂ લિંક રોડ, મુંબઈ-૪૦૦૦૫૩

**અમદાવાદ**
સુરેશ ઠક્કર - મો : ૦૯૮૨૫૦ ૦૮૫૭૭,
જગદીશ ઝવેરી - મો : ૦૯૮૨૪૦ ૭૨૧૭૫
અરવિંદભાઈ શાહ - મો : ૦૯૮૭૯૧ ૦૬૫૨૫
મિલિંદ શાહ - મો : ૦૯૦૩૩૫ ૫૫૫૯૭

**રાજકોટ**
માનસી એડ. એજન્સી, એ-૧૧, પ્રમુખ સ્વામી આર્કેડ,
પ્રથમ માળ, યાજ્ઞિક રોડ, રાજકોટ. ફોન : ૦૨૮૧-૨૨૪૦૧૨૩
મો.: ૦૯૮૨૫૨ ૫૮૪૫૧

**આણંદ :** મેગેઝિન વર્લ્ડ - ૦૨૬૯૨-૨૪૪૫૮૨

**કચ્છ :** ભાવેશ ગાંધી - મો : ૦૯૮૭૯૫ ૮૪૪૯

**વાર્ષિક લવાજમ**
ભારતમાં : રૂા. ૯૦૦/- (કુરિયર ચાર્જ સાથે)
વિદેશમાં : **100 US Dollars (Air-Mail)**
**આજીવન સભ્યપદ**
ભારતમાં : રૂા. ૩૧,૦૦૦/-
વિદેશમાં : **5000 US Dollars**
ચેક/ડ્રાફ્ટ **Feelings Multimedia Ltd.** ના નામે મોકલવો

**દર પંદર દિવસે પ્રકાશિત થતું મેગેઝિન**

**વર્ષ-૧૯, સળંગ અંક : ૪૩૭**

રાજકારણ, ઉદ્યોગ, અર્થશાસ્ત્ર, સ્વાસ્થ્ય, હાસ્યલેખ, સાંસ્કૃતિક, જ્યોતિષશાસ્ત્ર, મહિલાવિભાગ, શેરબજાર, લગ્નવિષયક, રમતજગત, બાલ અને યુવા વિકાસની વાતો

**મુખ્ય કાર્યાલય :**
**FEELINGS MULTIMEDIA LIMITED**
૧૦૨-૩-૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ,
કારેલીબાગ, વડોદરા-૧૮. (ગુજરાત) ભારત.
ફોન : (ઓ) ૦૨૬૫-૨૪૮૯૪૭૭ (મો.) ૦૯૮૨૫૩ ૨૮૪૮૮
E-mail : info@feelingsmultimedia.com
hitechfeelings@yahoo.co.in
Web : www.feelingsmultimedia.com

**Feelings Foundation**
80-G(5)No BRD/CIT-III/104/80-G/119-F/2011-12/486

Member
**THE INDIAN NEWSPAPER SOCIETY**

'Feelings'-International Gujarati Family Magazine
ફીલિંગ્સ
ઝંખના કેવળ સત્યને પામવાની
વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

## તંત્રી સ્થાનેથી



# નોટબંધીનો નિર્ણય કેટલો સફળ રહશે?

શિયાળો હજુ તેની ચરમસીમાએ પહોંચ્યો નથી એ પહેલાં જ આપણાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકો વગર ઠંડીએ થીજી જાય એવી આકરી જાહેરાત કરી નાખી..નોટબંધીની! દેશમાં રૂા.૫૦૦ અને રૂા.૧000ની ચલણી નોટો અચાનક ચલણમાંથી રદ કરીને મોદીએ ફરી એકવાર દેશની જનતા, તેમાંય ખાસ કરીને કાળાબજારિયાંઓને ઊંઘતાં ઝડપ્યા છે.

દેશના હિત માટે, તેના વિકાસ માટે મોદી ક્યારેય પાછા નથી પડ્યા, એ તેમની કાર્યશૈલીએ સાબિત કરી આપ્યું છે. આ નોટબંધીનો નિર્ણય પણ તેમની દૂરંદેશી દૃષ્ટિનો પરિચય આપે છે. હાલ ભલે લોકો આ ચલણી નોટો રદ થતાં અટવાયા હોય કે મુશ્કેલીમાં મૂકાયા હોય, પણ લાંબા ગાળે આ વાત દેશની સિકલ પણ બદલી શકે છે. ટેકનોલોજિને વરેલા મોદીનું ધ્યેય છે સમગ્ર દેશને કેશલેસ બનાવવાનું, તેમનું માનવું છે કે ઓનલાઇન ટ્રાન્ઝેકશન વધતાં કાળું નાણું ચોક્કસ બહાર આવશે. તેમજ વર્ષોથી દેશની સમસ્યા રહેનાર કાળા બજાર, ત્રાસવાદ, ભ્રષ્ટાચાર પર પણ કાબૂ આવી શકશે. પાકિસ્તાનમાં મોદીએ કરેલી સર્જિકલ સ્ટ્રાઇક બાદ નરેન્દ્ર મોદીનું આ બીજું મહત્ત્વનું પગલું છે. આ નોટબંધીના કારણે પાકિસ્તાનને પણ મોટી અસર થઇ છે. સૌથી મોટી વાત એ કે આપણાં ચલણની નકલી નોટો છાપનારા પાકિસ્તાનીઓ પણ હવે અટવાઇ ગયા છે. જેના કારણે ત્રાસવાદીઓને મળતું ફંડિંગ પણ બંધ થઇ ગયું છે.

ખેર, આ નોટબંધીનો લાભ તો લાંબા ગાળે જોવા મળશે. પણ હાલ તો સમગ્ર દેશ શોકના માહોલમાંથી પસાર થઇ રહ્યો છે. તામિલનાડુની પ્રજાના દિલમાં મજબૂત સ્થાન જમાવનાર ત્યાંના મુખ્યમંત્રી જયલલિતા (અમ્મા)એ ચિર વિદાય લીધી. અભિનેત્રીથી કારકિર્દીની શરૂઆત કરનાર જયલલિતાએ રાજકારણમાં પણ સફળ નેતૃત્ત્વ કર્યું છે, જેની નોંધ સમગ્ર દેશે લીધી છે. તેમની વસમી વિદાયથી દેશના રાજકારણમાં ક્યારેય ના પૂરાય તેવી ખોટ પડી છે. ઇશ્વર આ દિવંગત આત્માને ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના...

અતુલ શાહ
એડિટર


Nature's TM
TREAT
Inspired by Nature & Ayurveda
Dark Jewels TM
Enriched with Cardamom
جوهرة الداكن
JOYA OSCURA
BIJOU NOIR
NATURAL CARDAMOM MOUTH FRESHENER
TRY ME!
From the house of
Chandan ®
MOUTH FRESHENER
100% Natural
Health Benefits:
• Good source of Energy & Fiber.
• Rich in Calcium & Iron.
• Good for digestion.
Mouth Fresheners, Digestives, Paan & Confectioneries
+91-22-4065 2652 | info@chandanmukhwas.com
Mfg. & Pkd. By:
STC
India Pvt. Ltd.
STC India Pvt. Ltd.,
A-505, 5th Floor, Western Edge II,
Western Express Highway, Borivali (E),
Mumbai - 400066, INDIA.
GLOBALLY ASSURED
HYGIENIC FOOD
NIMBUS
ISO 22000
ASCB(E)
www.chandanmukhwas.com
Reach us on

વિજય રોહિત



## મહિલા રાજકારણી તરીકે નવા સીમાચિહ્નો સર કરનાર જયલલિતા

# 'અમ્મા'ની વસમી વિદાય...

કોઈ રાજકીય નેતાનું અવસાન થાય અને નાગરિકો પોતાના પરિવારનું કોઈ સ્વજન ગુજરી ગયું હોય તે રીતે શોક મનાવે તો નિશ્ચિતપણે માનવું જોઈએ કે એ નેતાએ પ્રજાહિતના અનેક કામો કર્યા છે, પ્રજામાં તેની લોકચાહના ભરપૂર છે. હાલમાં જ કાર્ડિયાક અરેસ્ટના કારણે અવસાન પામેલ તામિલનાડુના મુખ્યમંત્રી જયલલિતાની અંતિમયાત્રામાં આવા દશ્યો ઠેરઠેર જોવા મળ્યાં. તેમના ચાહકો માટે આ ખૂબ મોટો આઘાત હતો. જયલલિતાની અપાર લોકપ્રિયતાનું કારણ હતું કે અમ્માએ તેમના મુખ્યમંત્રી કાળમાં પ્રજાહિતના અને ખાસ કરીને મહિલાઓ માટે ખૂબ કામ કર્યું હોવાથી તેઓ પ્રજાના હૃદયમાં રાજ કરતાં હતા.

છ વાર તામિલનાડુના મુખ્યમંત્રી રહી ચૂકેલ જયલલિતા એક સમયે અભિનેત્રી તરીકે ખ્યાતનામ હતા. તેમનો જન્મ ફેબ્રુઆરી, ૧૯૪૮માં કર્ણાટકના મૈસૂરમાં થયો હતો. બેંગલોરમાં તેમણે પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. દસમા ધોરણની પરીક્ષામાં તેમણે તામિલનાડુમાં બીજું સ્થાન મેળવ્યું હતું.

એમ.જી.રામચંદ્રન ફિલ્મો છોડીને રાજનીતિમાં આવ્યા હતા અને સફળ નેતા બન્યા હતા. જયલલિતા પર એમ.જી.આર.નો મોટો પ્રભાવ હતો. એક ઈન્ટરવ્યુમાં પણ તેમણે કહ્યું હતું કે મારી જિંદગીના એક તૃતીયાંશ હિસ્સા પર મારી માતાનો અને બીજા એક તૃતીયાંશ હિસ્સા પર એમજીઆરનો પ્રભાવ રહ્યો છે. જયલલિતાએ પણ તેમના પગલે પગલે ૧૯૮૨માં સક્રિય રાજકારણમાં પ્રવેશ કર્યો. તિરુચેંદુર બેઠક પરથી તેમણે પોતાની સૌ પ્રથમ ચૂંટણી જીતી. ત્યારબાદ તેઓને રાજ્યસભાના સભ્ય પણ બનાવવામાં આવ્યા હતા. ૧૯૮૭માં એમ.જી. રામચંદ્રનનું નિધન થતાં જયલલિતાને આઘાત લાગ્યો હતો પરંતુ તેમણે ત્યાં સુધીમાં રાજનીતિમાં પોતાનું સ્થાન ખૂબ મજબૂત કરી લીધું હતું. ૧૯૮૮માં અન્નાદ્રમુક પક્ષના બે ભાગ પડી ગયા જેમાં એકનું નેતૃત્વ એમજીઆરના પત્ની જાનકીએ કર્યું જ્યારે બીજા પક્ષનું નેતૃત્વ જયલલિતાએ કર્યું. ૧૯૮૯માં અલગ થયેલ તેમના પક્ષે પ્રથમવાર ચૂંટણી લડી અને ૨૭ બેઠકો પર વિજય મેળવી વિપક્ષના નેતાનું સ્થાન પ્રાપ્ત કર્યું. તામિલનાડુ વિધાનસભામાં થયેલા એક હોબાળામાં જયલલિતા બહાર જઈ રહ્યા હતા ત્યારે બંને પક્ષના સભ્યો વચ્ચે થયેલ ઝપાઝપીમાં તેમની સાડી ફાટી ગઈ હતી. તેમણે સંકલ્પ કર્યો હતો કે મુખ્યમંત્રી બનીને જ સદનમાં પ્રવેશ કરશે.

> **'અમ્મા કેન્ટીન', 'અમ્મા મિનરલ વોટર', 'અમ્મા નમક' જેવી સામાન્ય માણસો માટેની અને ખાસ કરીને મહિલાઓ અંગેની યોજનાએ તેમને 'અમ્મા' તરીકે ખ્યાતિ અપાવી.**

૧૯૯૧માં કોંગ્રેસ સાથે સમજૂતી કરીને ચૂંટણી લડયા અને જીતીને પ્રથમવાર મુખ્યમંત્રી બન્યા. આ દરમિયાન વચ્ચે વચ્ચે ઘણીવાર તેમની પર અપ્રમાણસર સંપતિના આરોપ મૂકાયા, હાર પણ મેળવી છતાં તેઓ વધુ મજબૂત થઈને બહાર આવતા.૧૯૯૬-૯૮માં ઉપરોક્ત કારણોસર તેઓ ચૂંટણી હારી ગયા. ૨૦૦૨માં પેટાચૂંટણીમાં ફરી જયલલિતા વિજયી બન્યા. આ વખતે તેમણે કરુણાનિધી સામે બદલો લેવા તેમને જેલભેગા કર્યા હતા એ મુદ્દો પણ ખૂબ ચગ્યો હતો. ૨૦૦૬માં ફરી ચૂંટણી હારી ગયા. ત્યારબાદ ૨૦૧૧ અને ૨૦૧૬માં



પણ જયલલિતાએ ભવ્ય વિજય મેળવ્યો અને મુખ્યમંત્રી બન્યા. આમ રાજકારણમાં તેમણે મહિલા તરીકે ભવ્ય સફળતા મેળવી ઈતિહાસ રચ્યો. તેમના પક્ષ અને તામિલનાડુના રાજકારણમાં તેમનું એકહથ્થું શાસન હતું.

૧૧૭ કરોડની સંપતિ સાથે જયલલિતા દેશના સૌથી અમીર મુખ્યમંત્રી હતા. તેમના વોર્ડરોબમાં સાડીઓ અને ચંપલોનો ખજાનો પણ ચર્ચાસ્પદ બન્યો હતો. તેમનાં અંગત જીવન અથવા સંબંધીમાં કોઈ ખાસ ન હતું પરંતુ શશીકલા નામની તેમની બહેનપણી જયલલિતાની ખૂબ નજીક હતી. જોકે આ શશીકલા પર જયલલિતાને ઝેર આપવાનો આક્ષેપ પણ થયો હતો. તેમના દત્તકપુત્ર સુધાકરનના ભવ્યાતિભવ્ય લગ્ન માટે સૌથી મોટી ભવ્ય રિસેપ્શન પાર્ટીનો ગિનેઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાયો હતો. ૫૦ એકર વિસ્તારમાં યોજાયેલ આ રિસેપ્શનમાં લગભગ દોઢ લાખ મહેમાનો આવ્યા હતા.

આઉટલૂક મેગેઝિનને આપેલી એક મુલાકાતમાં જયલલિતાએ કહ્યું હતું કે, 'તે ક્રિકેટ મેચ જોવા જતાં ત્યારે દૂરબીન લઈને જતાં અને માત્ર પટૌડીને જોતાં રહેતાં.' જયલલિતાને સંધિવાની બીમારી હોવાથી તેઓ જ્યાં જતા ત્યાં તેમના માટે ખાસ બનાવેલ ખુરશી પહોંચી જતી. એટલું જ નહીં તેઓ જ્યોતિષમાં પણ અખૂટ વિશ્વાસ ધરાવતા હતા. જ્યોતિષશાસ્ત્રથી મળેલ સલાહ અનુસાર તેઓ લીલા રંગની સાડી પહેરતા હતા. તેમના પર લખાયેલ પુસ્તક 'અમ્મા જર્ની ફ્રોમ મૂવી સ્ટાર ટૂ પોલિટિકલ ક્વીન' ચર્ચાસ્પદ રહ્યું હતું.

મુખ્યમંત્રી તરીકે જયલલિતાએ મેળવેલ સિદ્ધિઓ અતુલ્ય છે, દરેક મહિલાઓ અને રાજકીય નેતાઓ માટે પ્રેરણાદાયક છે. તેમણે ગરીબ અને સામાન્ય પ્રજાના હિતમાં એટલા કામ કર્યા હતા કે તેઓ અભિનેત્રથી અમ્માનું બિરુદ મેળવી શક્યા. એમજીઆર કરતાં પણ તેઓ વધુ પ્રભાવશાળી બની ગયા હતા. તેમના સમર્થકો તેમના માટે કોઈપણ હદે જવા તૈયાર રહેતા. તામિલનાડુ સહિત સમગ્ર ભારતની પ્રજા શોકગ્રસ્ત છે કારણકે ભારતે એક પ્રભાવશાળી નેતા ગુમાવી દીધો છે.

## ગરીબો માટેની કલ્યાણકારી યોજનાઓએ જયલલિતાને 'અમ્મા'નું બિરુદ અપાવ્યું....

'અમ્મા કેન્ટીન', 'અમ્મા રસોઈ', 'અમ્મા મિનરલ વોટર', 'અમ્મા નમક', 'અમ્મા સિમેન્ટ', 'ક્રેડલ બેબી સ્કીમ' જેવી સામાન્ય માણસો માટેની અને ખાસ કરીને મહિલાઓ અંગેની આ લોકપ્રિય યોજનાએ તેમને 'અમ્મા' તરીકે ખ્યાતિ અપાવી. ૧૯૯૨માં તેમણે અનાથ અને નિરાધાર બાળકો માટે 'ક્રેડલ બેબી સ્કીમ' જાહેર કરી હતી જેમાં દરેક સરકારી હોસ્પિટલમાં પારણા લગાવ્યા હતા જેથી ગમે ત્યાં નવજાત બાળકીને ત્યજી દેવાને બદલે લોકો પારણામાં દીકરીઓને મૂકી જતા. અમ્મા કેન્ટીન જેવી યોજનામાં એક રૂપિયામાં ઈડલી, પાંચ રૂપિયામાં સંભાર-ભાત અને દસ રૂપિયામાં શાક-રોટલી મળતી. ગરીબ વર્ગને મહિને મફત ચોખા મળતા તો વિદ્યાર્થીઓને વિનામૂલ્યે લેપટોપ જેવી યોજનાઓના કારણે જયલલિતાને લોકપ્રિયતા મળી હતી. ગરીબ સ્નાતક યુવતીના લગ્નમાં ચાર ગ્રામ સોનુ અને પચાસ હજાર રૂપિયાની સરકારી મદદ મળતી એટલું જ નહીં પણ એ યુવતી જ્યારે માતા બને ત્યારે પણ સરકાર તેને હજાર રૂપિયાની બેબી-કેર પ્રોડક્ટ આપતી. તેમણે મહિલાઓ માટે ૯ મહિનાની મેટરનીટિ લીવ, દારુબંધી અને મહિલા પોલીસ સ્ટેશનની શરૂઆત કરી હતી. આ ઉપરાંત ૧૦ રૂપિયે લિટર પાણીની બોટલ, રાહતદરે મીઠું, મિક્સર, પંખા વગેરે સહિત વિનામૂલ્યે બિયારણ પણ સરકાર આપતી. જયલલિતાને 'અમ્મા'નો દરજ્જો આ કલ્યાણકારી યોજનાઓએ અપાવ્યો હતો.

## ફિલ્મી કારકિર્દીમાં પણ સુપરહિટ જયલલિતા

૧૯૬૫માં માત્ર પંદર વર્ષની ઉંમરે પહેલીવાર તેમણે ફિલ્મમાં કામ કર્યું હતું અને તેમની અભિનેત્રી બનવાની સફર શરૂ થઈ હતી. તેમની પ્રથમ તામિલ ફિલ્મનું નામ હતું 'વેનીરા આદાઈ' જેને 'એ' સર્ટિફિકેટ મળ્યું હતું. જોકે જયલલિતાએ આ ફિલ્મ ક્યારેય જોઈ ન હતી.ત્યારબાદ તેમણે તે સમયના સુપરસ્ટાર એમ.જી. રામચંદ્રન સાથે જોડી બનાવી અને એક પછી એક સુપરહીટ ફિલ્મો આપતાં ગયા. એક સમયે




તેઓ તામિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સૌથી વધુ ફી લેનાર અભિનેત્રી હતા. છેલ્લે તેઓ ૧૯૮૦માં આવેલ ફિલ્મ 'નદિયાઈ થેડી બંદા કાદલ'માં દેખાયા હતા. શમ્મીકપૂર પર તેઓ સૌથી વધુ આફરીન હતા. તેમણે એકમાત્ર હિન્દી ફિલ્મ 'ઈજ્જત'માં કામ કર્યું હતું જેમાં હીરો ધર્મેન્દ્ર હતો. ફિલ્મી કરિયરમાં તેમણે કુલ ૧૨૫ ફિલ્મો કરી હતી જેમાંથી ૧૧૯ બોક્સઓફિસ પર સુપરડુપર હિટ રહી હતી. તેમની ૬ ફિલ્મો હિન્દીમાં ડબ થઈ હતી જ્યારે ૯ ફિલ્મોમાં તેમણે મહેમાન કલાકારની ભૂમિકા ભજવી હતી.

■ વિનય




જાનું જો શોપિંગ માટે જતી હોય તો તારા માટે હજારની નોટોનું બંડલ મૂકેલ છે,
તારા માટે સોનાનો ગમતો હાર પણ લેતી આવજે...






સોરી મેડમ આ નોટને અમે નહીં બદલી આપીયે...



# GO CASHLESS

## 0% Interest on EMI. Buy now and Pay in 2017^

Swipe on and bring home plethora of happiness.



Carrier | Midea | SHARP | HITACHI Inspire the Next | Whirlpool | KENSTAR | LG Life's Good | MITSUBISHI | PHILIPS

VIDEOCON | Electrolux | SONY | SIEMENS | BOSCH | TOSHIBA Leading Innovation | Panasonic | GENERAL AIR CONDITIONERS | BAJAJ FINSERV

No warranty issues | No stock issues | Assured lowest prices | Assured deliveries | Assured gifts on select models | EASY FINANCE | QUALITY BRANDS | BEST PRICE

**Andheri (W)** J.P. Road 2620 4324/25 | **Borivali (W)** S.V. Road 2899 8066/67 | **Vile Parle (W)** S.V. Road 2671 9115/6/7

SONY MONY™

Bada Dil.Badi Jagah.

*Terms and conditions apply. Images shown in the ad are for representation purpose only.^Offer valid on select brands. For more details visit our outlets. Finance at the sole discretion of the financier. #Under Exchange.

વાંચો ફીલિંગ્સ ઓનલાઈન
*feelingsmultimedia.com*

## પ્રતિભાવ મોકલાવો આ રીતે

**આપના પ્રતિભાવ ફોટા સાથે અહીં મોકલો**
**પોસ્ટકાર્ડ / કવર / આંતરદેશી દ્વારા**

૧૦૨-૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ,
કારેલીબાગ, વડોદરા-૧૮. (ગુજરાત) ભારત.
ટેલિફેક્સ : (ઓ) ૦૨૬૫-૨૪૮૯૪૭૭

**ઈ-મેલ દ્વારા**
info@feelingsmultimedia.com
hitechfeelings@yahoo.co.in

**વેબસાઈટ /ઈ-મેગેઝિન દ્વારા**
www.feelingsmultimedia.com

**ફેસબુક દ્વારા**
facebook.com/feelingsmultimedia

**SMS દ્વારા**
Mobile : 088663 99530

"like" us on Facebook
facebook.com/feelingsmultimedia

The beauty of soul is spoken by words. A nice making of the Diwali issue on writings.
**- Chintan Shah, Nairobi**

Wish all the team of "Feelings" a joyous new year. Got a beautiful touch of emotions of various writers in this issue regarding their writing styles.
**- Nainesh Jha, Chicago, USA**

As emotions always speak through any source. Writing is the best source to speak is with words. good issue. congratulations.. .
**- Rupesh Saini, New Jercy, USA**


Hi, it's new year started with beautiful words of different writers" and their styles of writings.
**- Param Vijaparia, Rajkot**

Really very nice and informative issue on 'lekhan visheshank'..
**- Reshma Kamdar, Canada**

# આપના પ્રતિભાવ, આપની કલમે...

'લેખન એ જીવનનો લ્હાવો છે' કહી, સર્જક અને સર્જનને અનોખી રીતે બિરદાવતો અને ગુજરાતી ભાષાની ગૌરવપૂર્વક સરાહના કરતો ફીલિંગ્સનો દીપોત્સવી અંક એક અનોખુ સંભારણું બની રહે છે. પ્રત્યેક દિવાળી અંક નવા જ વિષય સાથે રજૂ કરતા ફીલિંગ્સે આ વર્ષે પણ પરંપરા જાળવી છે.

**– ફિલિપ ક્લાર્ક, ગાંધીનગર**




મારે લખવું છે પણ શું લખું તે ખબર નથી પડતી... આવો પ્રશ્ન થાય ત્યારે લખવાની કસબ કેળવવા માગતા વિદ્યાર્થીઓને દિશાસૂચક થાય તેવો અંક છે ફીલિંગ્સનો લેખન વિશેષાંક. જે સાચા અર્થમાં એક વિશિષ્ટ મદદરૂપ સાહિત્ય તરીકે તેમની લાઇબ્રેરીમાં ચોક્કસ સ્થાન જમાવશે.

**–અભિજીત પરીખ, મોડાસા**

લખાણું એ વંચાણું....એવું જ કંઈક હૃદયમાં આવ્યું તે જ બહાર આવ્યું. ભાવ હોય તો જ એને શબ્દની ગૂંથણીએ ગૂંથી શકાય. એવો જ આ દીપોત્સવી અંક વાચકો માટે ગુજરાતી સાહિત્ય અને સર્જનના ધૂરંધર લેખકોને સમાવનારો એક અલભ્ય અંક સાબિત થશે. આવા જ વિશિષ્ટ અંક પ્રકાશિત કરતા રહો તેવી શુભેચ્છાઓ.

**–અંજલિ ઉપાધ્યાય, વડનગર**

ફીલિંગ્સ પરિવારને સૌપ્રથમ નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ. એ સાથે સાથે દીવાળી અંકના સુંદર વિષયની વરણી બાબતે ખૂબ ખૂબ અભિનંદન. ક્યાંક કોઈ કલ્પના કવિતારૂપે પ્રકટે છે જ્યારે ગહન ચિંતન એ લેખની સરવાણીરૂપે પ્રકટે છે. એવા લેખકોને આ અંકમાં આવરીને આપે વાચકોને યાદગાર ભેટ આપી છે.

**–મનિષા અંધારિયા, અમરેલી**

સૌપ્રથમ 'ફીલિંગ્સ' પરિવારને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ. આપ સહુના પ્રયાસોનું પરિણામ એટલે વાચકોને દર દિવાળીએ મળતા આવા સુંદર વિશેષાંકો છે. લેખન અને સાહિત્ય પરનું શ્રેષ્ઠ સર્જન કરનાર સાહિત્યકારોની અંતરંગ વાતોને લેખકો અને સાહિત્યકારોએ ખૂબ જ મુકત મને આ અંકમાં ખુલ્લી મૂકી છે. જેને લીધે સારા લેખન માટે ઈચ્છુક નવોદિતો માટે આ અંક સાચે જ એક નજરાણું પુરવાર થશે.

**– અમીત પંડ્યા, મસ્કત**

મારે કંઈક લખવું છે નવું. મારું પોતાનું મારાં મનનું અને મારી જાતને જીવંત કરતું. એના માટે શરૂઆત કેવી રીતે કરવી આ પ્રશ્નો મનમાં ઉભા થતા હોય છે. ત્યારે ગુજરાતી સાહિત્યકારો અને લેખકોના અનુભવના નિચોડની સાથે સાથે તેમની લખવાની સ્ટાઈલ, આદતો વિશેની સુંદર અને રસાળ શૈલીમાં લેખકોએ રજૂ કરેલી તેમની વાતો કલમની કસબ વધારવા ઈચ્છતા લોકો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

**– કોણાર્ક પંચાલ, મુંબઈ**

આપના દ્વારા ફીલિંગ્સનો દીપોત્સવી અંક પ્રાપ્ત થયો આપે જે જે લેખકોના લેખ લખ્યા છે તેના ઉત્કૃષ્ટ અનુભવો, વાંચનની ભાવના, અભિપ્રાય તેમની લેખન પ્રત્યેની શ્રદ્ધા ખરેખર અનુમોદનીય છે. ધન્યવાદ

**– મલય ગૌતમભાઈ બાવીશી**

આ વખતનો દિવાળી અંક સરસ કલેક્ટિવ ઈસ્યુ છે. લેખન થકી લાગણીઓની ઉર્મિઓને વાચા આપતો, લેખકોની અંતરંગ વાતો કહેતો અંક ખરેખર સુંદર છે.


**– મિતુલ પરીખ, દુબઈ**

કટાર લેખનથી માંડીને કલાત્મક સર્જનશીલતા એ કેવું ધૈર્ય અને મેધાવી દ્રષ્ટિ માગી લે છે તેનો ખ્યાલ આવે છે. આપના લેખન વિશેષાંકથી. આ અંકમાં સાહિત્યકારોએ સર્જનશીલતાને જે રીતે રજૂ કરી છે તે રસપ્રદ છે. લેખકોને લેખન વખતે કેવી અજીબો-ગરીબ આદતો હોય છે તેની પણ જાણકારી મળી.


**– આનંદ પાટણવાડિયા, પૂણે**

**જાહેર આમંત્રણ**

**અમારા માનવંતા બહોળા વાચકવર્ગના હિતને લક્ષમાં રાખીને અમારી ફરિયાદ નામની કોલમ થકી અમે સરકારી, અર્ધસરકારી કે ખાનગી તંત્રમાં 'સેવા'ના નામે થતા અન્યાય અને અત્યાચાર વિરુદ્ધની ફરિયાદને વિનામૂલ્યે વાચા આપી રહ્યા છીએ.. જો આપની સાથે પણ અન્યાય કે શોષણ થયું હોય તો શક્યતઃ પૂરી વિગત અને જરૂરી પુરાવા સાથે અમને જણાવી શકો છો.જે સંપૂર્ણ રીતે ગુપ્ત રહેશે. અમારી કાયદાકીય તજજ્ઞો સાથેની નિષ્ણાત ટીમ આપને સહાય કરવા સદાય તત્પર રહે છે. અત્યાર સુધી ઘણી સમસ્યાઓને અમે ન્યાય અપાવ્યો છે. આપની વેદનાને વાચા આપી અમે પત્રકારત્વનો સ્વધર્મ નિભાવી આપને જરૂર સહાયરૂપ થઈશું, આ અમારું વચન છે... આ બાબતે આપ અમારા ઈ-મેલ, ફોન અથવા પત્ર દ્વારા ફીલિંગ્સના એડ્રેસ પર સંપર્ક કરી શકો છો.**



Khandelwal Home Decor
THE COMPLETE HOME FURNISHING SHOWROOM
Khandelwal Home Decor
10/A, Saranagar Society,
Opp. Kishan Complex,
Nr. Yash Complex,
30 Mtr. Road, Gotri Road,
Vadodara.
S.No.-3, Haveli Darshan, Opp. Bank of Baroda,Goverdhannathji Haveli, Productivity Road, Alkapuri, Vadodara-5.
Ph.: 0265-23333259, 6546969 E-mail : khandelwalhomedecor@gmail.com www.khandelwalhomedecor.com

HERITAGE
PALACES
Wedding destination
Party Time
Royal Venues
Corporate Events
Gettogether
Enjoy the stay, Experience the Royal Heritage Hospitality in any one
of the above Heritage Palace in Gujarat and get a feel of Royal Retreat.
For more information and Booking, Please Contact
9909907726 / 9687600654 / 9825328488
OM HOLIDAYS
The ultimate in Luxury Tours
Baroda Office : 102-03-04, Pacific Plaza, VIP Road, Karelibaug, Vadodara-390 018, Gujarat (India)
Email : baroda@omholidays.co, omholidaysbaroda@gmail.com




J.J. SANKHEDA FURNITURE
Divyang Kharadi
M. : 98790 09936
Dinesh Kharadi
M.: 98250 09688
We also give
EXPORT SERVICES
any
Handicraft Items
Eight
Export
Award
Winner
For Finishing touch of your sweet home.
J.J. Sankheda Furniture
Mangaldeep, opp. Mesonic Hall, Productivity Road,
Alkapuri, Vadodara-390 005. (Guj.) India.
Ph.: 91-265-2339181, 2340257
Now
Available
On
www.sankhedafurniture.com
e-mail:jj@sankhedafurniture.com, rasikjk@yahoo.com



આઈ.કે. વીજળીવાળા

**એણે જોયું કે, ભગવાન એની એકદમ પાસે આવી ગયા હતા. એની આંખ બરાબર જોતી થઇ ત્યારે એને એકદમ નવાઈ લાગી. ભગવાનના હાથમાં એક મોટી સૂટકેસ હતી. એને ઉત્સુકતા તો ઘણી થઈ પણ એ ચૂપ રહ્યો...**

# સૂટકેસ!

એક માણસને લાગ્યું કે એ મૃત્યુ પામ્યો. મૃત્યુ પામ્યા પછી એણે જોયું કે એની આજુબાજુનાં વાદળોમાંથી સફેદ પ્રકાશ આવી રહ્યો હતો. થોડીવાર પછી એ પ્રકાશ એકદમ તીવ્ર બની ગયો અને અચાનક એમાંથી ભગવાન પ્રગટ થયા. સંપૂર્ણપણે અંજાઇ ગયેલા એ માણસે માંડ માંડ આંખો ખોલી. એણે જોયું કે ભગવાન એની એકદમ પાસે આવી ગયા હતા. એની આંખ બરાબર જોતી થઇ ત્યારે એને એકદમ નવાઇ લાગી. ભગવાનના હાથમાં એક મોટી સૂટકેસ હતી. એને ઉત્સુકતા તો ઘણી થઇ પણ એ ચૂપ રહ્યો.

'ચાલ દીકરા! હવે જવાનો સમય થઇ ગયો છે!' મંદ મંદ હસતા ભગવાન બોલ્યા.

'પરંતુ ભગવાન! આટલું બધું જલદી?' પેલો માણસ થોડા ખચકાટ અને ઘણી બધી નારાજગી સાથે બોલ્યો, 'હજુ તો મારે ઘણા કામ બાકી છે, મારા ઘણા પ્લાન અધૂરા છે. ઘણી વસ્તુઓ કરવાની બાકી છે અને ઘણું બધું મેળવવાનું પણ રહી ગયું છે!'

'હું એ બધું જાણું છું દીકરા!' ભગવાન બોલ્યા, 'પરંતુ જ્યારે જવાનો સમય આવે ત્યારે કોઇનાથી એક ક્ષણ પણ રોકાઇ શકાતું નથી. એટલે ચાલો હવે!'

ન છૂટકે ચાલવાની તૈયારી કરતાં પેલાએ પૂછ્યું, 'હું એક વાત પૂછી શકું પ્રભુ?'

'હા, કેમ નહીં? પૂછ, શું પૂછવું છે તારે?'

'આ તમારા હાથમાં છે એ સૂટકેસમાં શું છે?' એણે પોતાનું કુતૂહલ વ્યક્ત કર્યું.

'અરે! આ મારા હાથમાં છે એ સૂટકેસમાં?' ભગવાન હસી પડતાં બોલ્યાં, 'એમાં તારી આખીય જિંદગીમાં તારું કહી શકાય એવું જે કાંઇ હતું એ બધું છે! અહીં નિયમ છે કે જે તમારું હોય એ જ તમારી સાથે આવે!'

'મારું એટલે?' પેલાએ પૂછ્યું.

'તારું એટલે તારા અધિકારમાં જે હતું અને જેનો માલિક તું હતો એ બધું!' ભગવાને જવાબ આપ્યો.

પેલા માણસની ઉત્સુકતા હવે તો એકદમ વધી ગઇ. એનાથી પૂછ્યા વિના ન રહેવાયું. એ બોલી ઊઠ્યો, 'એટલે પ્રભુ! તમારા કહેવાનો અર્થ એવો છે કે એમાં મારી વસ્તુઓ, એટલે કે મારાં કપડાં, મોબાઇલ ફોન, પૈસા, ઘરેણાં એવું બધું છે?'

'ના દીકરા! એ બધું તો ધરતીનું હતું, તારું નહીં, એટલે એમાંનું કાંઇ નથી!' ભગવાને જવાબ આપ્યો.

'તો પછી મારી સારી કે ખરાબ સ્મૃતિઓ કે યાદગીરીઓ હશે, બરાબર?'

'ના, એ તો બધું સમયના અધિકારમાં હતું! તારા અધિકારમાં નહીં?'

'તો પછી એમાં મારી બુદ્ધિ, મારી સ્માર્ટનેસ છે?' આટલું પૂછતાં પણ એ માણસના અવાજમાં થોડો ગર્વ છલકી ગયો.

ભગવાન મલક્યા, પછી બોલ્યા, 'ના બેટા! એ બધું તો જે તે ઘટનાનું હતું. એ તારું નહોતું!'

હવે પેલાના મનમાં બરાબરનો ગૂંચવાડો ઊભો થયો. એને હવે આ બધું કોયડા જેવું લાગવા માંડ્યું હતું. એ બોલ્યો, 'તો પ્રભુ! એમાં મારા મિત્રો, કુટુંબીજનોના અસ્તિત્વના સૂક્ષ્મ અંશો છે?'

ભગવાન ફરીથી હસી પડ્યા અને બોલ્યા, 'અરે ગાંડિયા! એ બધા તારા થોડા હતા? એ બધા તો જિંદગીના રસ્તે મળી ગયેલા સાથીઓ હતા, હમસફર હતા!'

'તો પછી મારા પત્ની અને બાળકો?'

'એ પણ તારા હૃદયને વરેલાં હતાં, તારા હૃદયે એમને પોતાનાં ગણી લીધાં હતાં, એ

બધાં પણ તારાં કુટુંબીજનોની માફક તારાં હમસફર જ હતાં. એ ક્યારેય તારાં હતાં જ નહીં!'

હવે પેલાને નવાઇ લાગવા માંડી. એને સમજાતું નહોતું કે પોતાનું એવું તો શું આવડી મોટી સૂટકેસમાં ભર્યું હશે કે જે ભગવાનને ખુદને ઉપાડવી પડે છે? એણે થોડાક વિચાર પછી હિંમત એકઠી કરીને પૂછી લીધું, 'તો શું પ્રભુ! એમાં મારું શરીર છે?'

'અરે ભાઇ! એ તો ફક્ત માટી જ હતું! એના પર તો પૃથ્વીનો અધિકાર હતો. એ તો ધૂળનું બનેલું હતું અને ધૂળમાં ભળી ગયું!'

'તો પછી ભગવાન! હવે તો એક જ વસ્તુ બાકી રહે છે - મારો આત્મા! શું એમાં મારો આત્મા છે?'

ભગવાન આ વખતે તો ખડખડાટ હસી પડ્યા. પછી બોલ્યા, 'વ્હાલા દીકરા! તારો આત્મા પણ ક્યાં તારો હતો? એ તો મારો હતો. એ તો મારી અમાનત હતી. તું જ જોઇ લે, તું અત્યારે મારી પાસે જ છે!'

હવે પેલાને મૂંઝવણ થઇ આવી. પૂછવા જેવું બધું જ એણે પૂછી લીધું હતું. એ વિચારમાં પડી ગયો. જ્યારે એને કાંઇ જ ન સૂઝ્યું ત્યારે એણે ભગવાનને વિનંતી કરી, 'પ્રભુ! હવે હું મૂંઝાઇ ગયો છું. તમે આજ્ઞા આપો તો હું સૂટકેસમાં જોઇ શકું કે એમાં શું છે?'

> **'વ્હાલા દીકરા! તારો આત્મા પણ ક્યાં તારો હતો? એ તો મારો હતો, મારી અમાનત હતી. તું જ જોઈ લે, તું અત્યારે મારી પાસે જ છે!'**

'ચોક્કસ!' ભગવાને એનું નામ લખેલી એ મોટી સૂટકેસ એના હાથમાં આપી. કંપતા હાથે એણે એ ખોલી. અંદર જોયું, એ સ્તબ્ધ થઇ ગયો. સૂટકેસ બિલકુલ ખાલી હતી.

એણે ઘડીક ખાલી સૂટકેસ સામે જોયે રાખ્યું. એ પછી એની આંખોમાંથી આંસુ સરી પડ્યાં. ભગવાન તરફ ફરીને, બે હાથ જોડીને એણે પૂછ્યું, 'તો શું પ્રભુ! દુનિયામાં મારું કાંઇ કરતાં કાંઇ જ નહોતું?'

'હા મારા દીકરા! તેં જે કાંઇ ગણાવ્યું એમાંનું કાંઇ પણ તારું હતું જ નહીં. તારું જો કાંઇ પણ કહી શકાય એવું હોય તો એ હતી તને જે જીવવા મળી હતી, માણવા મળી હતી, બધા જોડે રહેવા મળી હતી એ ક્ષણ.'

'મને યાદ કરવા મળી હતી એ બધી ક્ષણો! બસ, એ ક્ષણો જ તારી માલિકીની હતી. બાકી કશું જ તારું નહોતું!'

શૂન્યમનસ્ક બનીને પેલો ઊભો રહી ગયો. ભગવાન મંદ હાસ્ય વેરતા ઊભા રહ્યા. બસ, ત્યારે જ એ માણસની આંખ ખૂલી ગઇ.

★ ★ ★

નથી લાગતું કે ઘણું બધું ભેગું કરવામાં લાગી રહેવા કરતાં ભેગા થઇને જીવી લેવું જોઇએ. જીવનની દરેક ક્ષણને માણવી જોઇએ. દરેક ક્ષણે મન ભરીને જીવવું એનું નામ જ ઉત્તમ જિંદગી! ફી



## જીવનમંત્ર



Believe you can and you are half way there.

**Theodore Roosevelt**

## આમને સામને



### નરેન્દ્ર મોદી

પ્રધાનમંત્રી, ભારત

હું યુ.પી.માંથી ગરીબી નાબૂદ કરવા માટે આવ્યો છું. જે ૭૦ વર્ષથી નથી થયું તે કામ હું કરવા આવ્યો છું.



### રાહુલ ગાંધી

ઉપાધ્યક્ષ, કોંગ્રેસ

પોતાની જ ઈમેજના કેદી મોદી TRPનું રાજકારણ રમે છે. શહીદોના પરિવારો તેની કિંમત ચૂકવી રહ્યાં છે.

## ધ્યાનથી સાંભળજો...



મોદીજી હવે તો આ દેશની ગરીબ જનતા પર દયા કરો. તમારી એમની સાથે શું દુશ્મની છે? તેમની આટલી હાય કેમ લો છો?

**અરવિંદ કેજરીવાલ**

મુખ્યમંત્રી, દિલ્હી



કોંગ્રેસ અને સપાની યુતિ ૪૦૩માંથી ૩૦૦ સીટો અપાવી શકે એવી સંભાવના છે. જોકે અંતિમ નિર્ણય મુલાયમજી લેશે.

**અખિલેશ યાદવ**

મુખ્યમંત્રી, ઉત્તર પ્રદેશ




ઈન્ડિયા પોસ્ટ ઓફિસ સ્ટાફે દિલ્હીમાં એક નવતર અભિગમ અપનાવ્યો હતો. જેમાં તેમણે દિલ્હીની હોસ્પિટલોમાં દાખલ થયેલા દર્દીઓ અને તેમના સગાઓ માટે તેમના જૂના ચલણના નાણાં બદલવા માટે તેમની પાસે જઈને તેમની જરૂરિયાતો પૂરી કરી હતી. આ એક ખૂબ જ સકારાત્મક પગલું કોઈ સરકારી સંસ્થાના કર્મચારીઓ દ્વારા લેવામાં આવ્યું હતું. વડાપ્રધાનશ્રી દ્વારા લેવાયેલા આ પગલાને સકારાત્મક રીતે અનુસરવા માટેના સંદેશરૂપી પહેલ તરીકે અમલમાં મૂકવામાં આવ્યો છે.

## ફીલિંગ્સ' twt — નોટબંદી બાદ મમતા બેનર્જીને પણ લાગે છે કે મનોરોગ ચિકિત્સકની મદદ લેવી પડશે....

નોટબંદીના નિર્ણય બાદ ઠેર-ઠેર વિવિધ પરિસ્થિતિઓનો સામનો કરી રહેલ લોકોના વિરોધ અને આવકાર વચ્ચે દેશમાં માહોલ ગરમાયેલો જ રહ્યો. નોટબંદી બાદ નોટો બદલવાની તારીખ લંબાવાતા કાળાબજારિયામાં થોડીક રાહત જોવા મળી હતી. પરંતુ આ નિર્ણયની સૌથી વિકટ અસરો રાજનૈતિક વિરોધ પક્ષના મોભીઓ પર પડી હતી જે સ્પષ્ટપણે દેખાઈ આવતું હતું. જેનો તાજો જ દાખલો મમતા બેનર્જી હોય તેવું દેખાય છે. કારણકે, મમતા બેનર્જીએ તાજેતરમાં જે રીતે નોટબંદીના નિર્ણય બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આક્ષેપોની ભરમાર ચલાવી છે તે જોતા તેમની રાજકારણની પીઢ અનુભવની ખોખલી દ્રષ્ટિ છતી થવા પામી છે. હમણાં હમણાં જ પશ્ચિમ બંગાળમાં ટોલ પ્લાઝાઓ ઉપર સૈન્ય દ્વારા કવાયત કરવામાં આવી હતી. આ બાબતે તૃણમુલ કોંગ્રેસના મમતા બેનર્જીને ગંભીર આરોપો સાથે ઉત્પાત મચાવવા બદલ રક્ષા મંત્રાલયના મુખિયા એવા મનોહર પર્રિકરે તેમનો વિરોધ એ એક પ્રકારનું રાજકીય ફ્રસ્ટ્રેશન ગણાવ્યું હતું. તેની સાથે સાથે તેમણે આ મુદ્દે મમતા બેનર્જીનું તૂત ખુલ્લુ મૂક્યું હતું. જ્યારે મમતાની આ હીપોક્રેસીનું ખંડન કરતી એક પ્રેસ કોન્ફરન્સ સેનાના જનરલ સુનિલ યાદવે તાત્કાલિક બોલાવીને આ કવાયતને સેનાનો એક રુટિન અભ્યાસ હતો. જ્યારે ટોલ પ્લાઝા પર સૈન્યના ડીપ્લોમેન્ટ બાબતે સુનિલ યાદવે જણાવ્યું કે આવા અનેક અભ્યાસ સ્થાનિક પોલીસબળ જોડે ભેગા મળીને સેના અનેક રાજ્યોમાં કરે છે. ટૂંકમાં હવે દેશમાં કોઈપણ નવાજૂની થાય છે કે કંઈપણ કોઈ ફેરબદલ થાય છે તો તેને વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવેલી સાજિશનો પ્રકાર જ ગણવામાં આવે છે. જે આજે વિરોધી પક્ષો દ્વારા સરકાર દ્વારા લેવાઈ રહેલા સારા પગલાંઓ તેમનાથી પચ્યા નથી તે વાત છતી કરે છે. એવું જ કંઈક દિલ્હીના ઉપમુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના પણ પેટમાં વારંવાર ચૂક ઉપડ્યા કરતી હોય તેવું હવે ખુલ્લું દેખાઈ રહ્યું છે. જ્યાં દેશ વિકાસના માર્ગે અગ્રેસર થઈ રહેવાની સાથે ડીજીટલ ટ્રાન્ઝેક્શનના માર્ગે જઈ રહ્યો છે તેવામાં આ રીતના સનકી વિધાનો અને આરોપો વિરોધપક્ષોના કાળા નાણાં સગેવગે કરવા બાબતે કાંડા કપાયા પછીના પીડાદાયક આક્રંદ હોય તેવું સ્પષ્ટપણે દેખાઈ આવે છે. વિરોધ કરનારાઓએ ચેતવા જેવું છે કે જો હવે આ ગ્રોઈંગ વ્હીલની અડફેટે ચડશે તો ક્યાંક ચગદાઈ જઈને તમારી રહીસહી ઓળખાણને સુપરતે-ખાક થવાનો વારો ન આવે તો સારું..! બોલજો જરાક વિચારીને...કે પસ્તાવું ના પડે..!

## નવા-જૂની

કાળા નાણાં પરની પ્રતિબંધથી માત્ર ભારત દેશના કાળા બજારિયાઓ જ નહીં પરંતુ ડુપ્લીકિટ કરન્સી પૂરી પાડીને ભારતમાં આતંકવાદ ફેલાવનારા પાકિસ્તાનના પણ હાથ પગ ઢીલા થઈ ગયા છે. જ્યારે આતંકવાદીઓને ભારતીય ચલણ મળતું બંધ થઈ ગયું તેથી તેમની પ્રવૃત્તિઓ પર પણ અંકુશ આવ્યો છે. હાલમાં જ પાકિસ્તાનના પ્રવક્તા અબ્દુલ બાસિત ભારત સાથે બિનશર્તી વાટાઘાટો કરવા તૈયારી બતાવી

## પોઝિટિવ ન્યૂઝ

### મોદીનું બચ્ચનને અભિવાદન...

તાજેતરમાં જ હરિવંશરાય બચ્ચનનો જન્મ દિવસ ગયો. તે દિવસે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ બોલીવુડ મેગાસ્ટાર અમિતાભ બચ્ચનનો તેમણે 'સ્વચ્છતા અભિયાન'માં આપેલા તેમના યોગદાન બદલ આભાર માન્યો હતો. શ્રી મોદીજીએ આ માટે એક ઓડિયો ફાઈલ શૅર કરી હતી જેમાં અમિતાભની એક કવિતા સાંભળી હતી. અમિતાભે સામે કૃતાર્થતા વ્યક્ત કરી હતી.

## સ્પોર્ટ્સ અપ

ભારતીય ક્રિકેટ ટીમનો સુકાની વિરાટ કોહલી તેના ફૂલ ફ્લેજ ફોર્મના કારણે નવા ઈતિહાસ રચે તો નવાઈ નહીં. ભારતના ભૂતપૂર્વ કપ્તાન સુનિલ ગાવસ્કરે ૧૯૭૦-૭૧માં વેસ્ટ ઈન્ડિઝ સામે પ્રથમ શ્રેણીમાં ૭૭૪નો રેકોર્ડ સ્કોર નોંધાવ્યો હતો. જે વિરાટ કોહલી ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલી ટેસ્ટ સીરિઝમાં તેનો રેકોર્ડ તોડે તેવી આશા છે. અત્યાર સુધીની ત્રણ ટેસ્ટમાં તે ૪૦૫ રન બનાવી ચૂક્યો છે..ઓલ ધિ બેસ્ટ વિરાટ..!

## વ્હેલની વૉમિટમાંથી માછીમારોની લાગી લોટરી-કરોડોનું એમ્બરગ્રીસ મળ્યું...



મિત્રો, કાદવમાં કમળ ઉગતા તો સાંભળ્યું હશે પણ ઉલ્ટીમાંથી કરોડો કમાયા એવું સાંભળવા મળે તો કેવું અજબ લાગે..! આશ્ચર્ય લાગે એવી વાત છે ને પરંતુ સાચી વાત છે. ઓમાનના દરિયાખેડુઓની સાથે આવી જ કંઈક ઘટના બની. માછીમારો તેમની જાળ નાંખીને માછલી ફસાવવાની રાહ જોતા હતાં ત્યાં કંઈક વજનદાર વસ્તુ જાળમાં ફસાઈ. જ્યારે આ વસ્તુને બહાર કાઢવામાં આવી ત્યારે તેમની આંખોજ ફાટી ગઈ. કારણકે તેમાં માછલીની ઉલ્ટીનો થીજેલો ગઠ્ઠો હતો. માછલીની આ કહેવાતી ગંદકીને એમ્બરગ્રીસ નામે ઓળખવામાં આવે છે. એક ખબર મુજબ તેમાં લગભગ ૮૦ કિ.ગ્રા. ગ્રીસ હતું. જે લગભગ ૧૬ કરોડ અને ૮૬ લાખની કિંમતનું હતું. ડોલરમાં તેની કિંમત ૨.૫ મિ. ડોલર જેટલી થાય છે. આ વેક્સનો ઉપયોગ પરફ્યુમ્સ બનાવવામાં થાય છે. નોંધનીય છે કે આ વેક્સનો ઉપયોગ ચેનલ અને લેન્વિન જેવી ખ્યાતનામ કોસ્મેટિક બ્રાન્ડ્સ પણ કરે છે.

## નોટબંદી પછી કાર્ડ ટ્રાન્ઝેક્શન્સમાં ૭૦% નો ઉછાળો આવ્યો....



દેશમાં નોટબંદીનો એવો તો પડઘો પડ્યો કે ઠેર ઠેર ઈ-બેન્કિંગ અને મોબાઈલ બેન્કિંગની બોલબાલા થઈ ગઈ. તે સાથે જ કાર્ડ સ્વાઈપીંગ્સમાં પણ બહોળો ઉછાળો જોવા મળ્યો હતો. ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમ અંતર્ગત થઈ રહેલા આ પરિવર્તનમાં કેશલેસ ઈકોનામી પર વેઈટેજ આપવાની વાતને હવે ધીમે ધીમે નાગરિકો સ્વીકારી રહ્યાં હોય તેવું દેખાય છે. માત્ર નવેમ્બર મહિનામાં જ દેશમાં લગભગ ૬૬.૪ કરોડ જેટલા ઈલેક્ટ્રોનિક ટ્રાન્ઝેક્શન્સ થયા છે. આ જ સમય દરમ્યાન ૯૩૯૩.૯ અબજના ટ્રાન્ઝેક્શન્સ થયા છે. રિઝર્વ બેન્કના એક આંકડા મુજબ ડેબિટ અને ક્રેડિટ કાર્ડથી ૧૯.૮૪ કરોડના ટ્રાન્ઝેક્શન્સ કરવામાં આવ્યા હતા. સાથે કુલ ડેબિટ અને ક્રેડિટ કાર્ડથી ૩૪૨.૧ અબજના ટ્રાન્ઝેક્શન્સ થયા. જ્યારે એનઈએફટીથી ૮૮૦૭.૮ અબજ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા. આરટીજીએસ મારફતે ૭૮૪૪૯.૯ અબજ રૂપિયાના ટ્રાન્ઝેક્શન્સ થયા. આ રીતે નોટબંદીના કડક હાથે અમલીકરણની એવી મજબૂત અસર થઈ કે લોકો ક્રેડિટ અને ડેબિટ કાર્ડની સુવિધાઓના ઉપયોગ તરફ વળવા લાગ્યા.

## ચીન દ્વારા કોલસાની ખાણ પર પ્રતિબંધ...

ચીન એ વિશ્વમાં કોલસાના ઉપયોગ કરતા દેશોમાં પ્રથમ ક્રમાંકે છે. જ્યારે આજે લગભગ ૮૦૦ વર્ષ ઉપરાંતના સમયથી ચીનમાં કોલસાનું ખનન કરવામાં આવે છે. જે માટે ત્યાંની ત્રણ મોટી ખાણોમાંથી સતત આ કામ થતું રહે છે. પરંતુ ચીનમાં તાજેતરમાં જ પ્રદૂષણની ઘેરી બનેલી સમસ્યાએ ચીનની સરકારને કેટલાક કઠોર નિર્ણયો લેવા પર મજબૂર કરી દીધું છે. જેમાંનો એક છે કોલસાના ઉત્પાદન પર



પ્રતિબંધ. આજે વિશ્વમાં ઈંધણના નવા નવા વિકલ્પો આવતાં કોલસાની માંગમાં ધીમો ધીમો પણ મજબૂત ઘટાડો થઈ રહ્યો છે. જે જોતાં આ નિર્ણય લેવાયો છે. જ્યારે બીજી બાજુએ ચીનની તીવ્ર ઠંડીની મૌસમમાં ત્યાંના લોકો ઘરે સગડીમાં કોલસાને ઉર્જા સ્રોત તરીકે પસંદ કરે છે. હાલમાંજ ચીનમાં આ રીતે હવામાં પ્રદૂષણ ફેલાવવાની માત્રા ખૂબ જ વધી જતા ત્યાંની સરકારે ચીનમાં 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું હતું. ચીને હમણાં જ તેની ૧૮ લાખ ટનની ઉત્પાદન ક્ષમતાવાળી બે ખાણોને બંધ કરી દીધી છે. બિજીંગ મ્યુનિસિપલ કમિશન ઓફ ડેવલપમેન્ટ એન્ડ રિફોર્મના સહાયક લિ બિને જણાવ્યું હતું કે લગભગ ૨૦૨૦ સુધીમાં ચીનમાં કોલસા ઉદ્યોગને સંપૂર્ણ રીતે બંધ કરી દેવામાં આવશે.

ક્ષિત જોશી



# અમેરિકા, ડોનાલ્ડ ટ્રમ્પ અને નવા યુગના એંધાણ

**ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના નવા રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાઈ આવ્યા એ આમ તો આશ્ચર્યજનક વાત છે. સત્તાના કોઈપણ સ્તરે કોઈ જ અનુભવ તેઓ ધરાવતા નથી. આમ છતાં તેમણે હિલેરી ક્લિન્ટન જેવા પીઢ રાજકારણીને મહાત આપી. ઉદ્યોગજગતના બહુ જૂના ખેલાડી ટ્રમ્પની જીત પાછળનું કોઈ કારણ હોય તો તે છે અમેરિકી મિજાજને પારખવાની એમની શક્તિ...**

અનેક તર્કવિતર્કોનો ત્યારે અંત આવ્યો કે જ્યારે અમેરિકી પ્રમુખપદની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પ પોતાના સશક્ત પ્રતિદ્વંદ્વી હિલેરી ક્લિન્ટનને ભારે બહુમતીથી હરાવીને અમેરિકી રાષ્ટ્રપતિપદની ચૂંટણી બાકાયદા જીતી ગયા. ચૂંટણી પહેલાં સાવ નબળા અને કહો કે નગણ્ય એવા ગણાતાં ટ્રમ્પ ચૂંટણીને અંતે વિજેતા જાહેર થયા એ પણ સૌના માટે આશ્ચર્યજનક બાબત તો છે જ, પરંતુ સત્તાના કોઇપણ સ્તરે લગીરેય અનુભવ ન ધરાવતા ટ્રમ્પ ઉદ્યોગ જગતના બહુ જૂના ખેલાડી છે. એમણે ચૂંટણી પ્રચાર દરમિયાન પોતાની નીતિમાં સામ-દામ-દંડ-ભેદની નીતિઓને સુપેરે પ્રયોગમાં લઇને બિલ ક્લિન્ટનથી માંડીને બરાક ઓબામા સુધીની અમેરિકી પ્રમુખના કાર્યકાળમાં સત્તાનો સતત અને એકદમ નજીકનો અનુભવ ધરાવતા હિલેરી ક્લિન્ટનને શિકસ્ત આપી છે.

ટ્રમ્પ ઉદ્યોગ જગતના જૂના ખેલાડી છે એ નાતે એમના તરફથી કોઇક ને કોઇક અવનવી બાજી રમવામાં આવશે એવી ગણતરી સૌની હતી. પરંતુ જ્યારે ટ્રમ્પ પોતાનું ટ્રમ્પકાર્ડ ચાલ્યા ત્યારે સૌ અવાક્ રહી ગયા અને અમેરિકી નાગરિકોએ ખોબલે ખોબલે મત આપીને ટ્રમ્પને વધાવી લીધા.

ટ્રમ્પની જીત પાછળનું સૌથી મોટું કારણ હોય તો એ અમેરિકી મિજાજને પારખવાની એમની શક્તિ છે. એક સફળ અબજોપતિ ઉદ્યોગપતિ તરીકે એમની કાર્યશૈલીમાં આ બાબત વણાયેલી છે. વિશ્વભરમાં અત્યારે એક પ્રકારે પરોક્ષ મંદીનો માહોલ બની રહ્યો છે ત્યારે ધંધા-રોજગાર ઉદ્યોગ અગત્યના બની જાય એ સ્વાભાવિક છે. અમેરિકા આમ તો મલ્ટિનેશનલ નેશન છે પરંતુ ત્યાંના મોટાભાગના લોકો, તકનીકની દૃષ્ટિએ,




મહેનત-મજૂરીની દૃષ્ટિએ અન્ય લોકો કરતાં ખાસા પાછળ પડે છે. એટલે જ બરાક ઓબામા હોય કે ડોનાલ્ડ ટ્રમ્પ એમણે અમેરિકી નાગરિકોના હકમાં, આઉટ સોર્સિંગ કે બહારથી આવીને વસનારા કર્મઠ લોકો સામે લાલ આંખ કરવાની વાત દોહરાવતા રહેવું પડે છે.

આમ પણ જે રીતે ચૂંટણી પ્રચાર દરમિયાન ટ્રમ્પે કોલ સેન્ટરમાં કામ કરનારા ભારતીય લોકોની જે રીતે મજાક કરી હતી અને બિલકુલ ઓબામાની જેમ જ આઉટ સોર્સિંગ ઉપર પ્રહાર કર્યા હતા, એ ઉપરથી તો એક એવી ધારણા બંધાઇ છે કે ટ્રમ્પ ભારતીયો અને ખાસ કરીને તકનીકી ક્ષેત્ર સાથે સંકળાયેલા ભારતીયો માટે કોઇક ગંભીર પગલાં લેશે. જો કે, બીજી તરફ એ વાત પણ એટલી જ સાચી છે કે સતત યુદ્ધખોરી અને બેકારી વચ્ચે અથડાતા-કૂટાતા અમેરિકી યુવાનોને પોતાની તરફ આકર્ષવા માટે એ ટ્રમ્પનું ટ્રમ્પકાર્ડ હતું. એમણે યુવાનોની યુદ્ધથી દૂર શાંતિપ્રિય પરિસ્થિતિ અને નિશ્ચિત આવકની રોજગારી-કામકાજ પ્રત્યેના વલણને જોઇ-જાણીને પોતાનો ચૂંટણી પ્રચાર એની આસપાસ રાખ્યો હતો. જો કે, રાજનીતિમાં કહેવાય છે અને એમાં ય ચૂંટણી પ્રચાર વખતે કહેવાય છે એ તો ખાસ, ચૂંટણી જીત્યા પછી ક્યારેય પાળવામાં આવતું નથી.

છતાં અમેરિકી વહેણ અને તે બાબતોના જાણકાર નિષ્ણાતોનું કહેવું છે કે નવનિયુક્ત રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત માટે સાવ નિરાશાજનક સાબિત થશે નહીં. એક મત એવો પણ છે કે તેઓ આતંકવાદ વિરોધી આક્રમક વલણને લીધે, આતંકવાદને પોષતા અને ખાસ તો ભારતના વિરોધી દેશો, પાકિસ્તાન અને ચીન માટે ચોક્કસપણે મુશ્કેલી ઊભી કરી શકે છે. યેનકેન પ્રકારેણ જે રીતે ચીન અને પાકિસ્તાન છેલ્લા દશકોથી અમેરિકાનો રાજકીય અને અબજો ડોલર્સની આર્થિક સહાય લઇને અમેરિકી શક્તિ અને સમૃદ્ધિનો દુરુપયોગ કરી રહ્યા છે એમ થવા દેવાની ટ્રમ્પ બિલકુલ વિરુદ્ધ છે. ટ્રમ્પના ભાષણો અને અત્યાર સુધીના વલણ ઉપરથી લાગે છે કે તેઓ આ બંને દેશોને મુશ્કેલીઓ સર્જી શકે છે. અમેરિકાના નાણાંના જોરે પાકિસ્તાને પોતાના શસ્ત્ર, સુરક્ષા અને રાજકીય કદ વધાર્યાં છે. જ્યારે ચીને પોતાનો આર્થિક વિકાસ સાધ્યો છે. જાનના બદલામાં અમેરિકાના ભાગમાં હંમેશાં ઘસાવાનું આવ્યું છે. એનો મહામૂલો ડોલર આ



# ડોનાલ્ડ ટ્રમ્પની જીતથી ભારતને સંભવિત ફાયદા અને નુકસાન



અમેરિકામાં રાષ્ટ્રપતિ ચૂંટણીમાં રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ અને ડેમોક્રેટિક ઉમેદવાર હિલેરી ક્લિન્ટન વચ્ચે સીધી ટક્કર થઇ અને અંતે ડોનાલ્ડ ટ્રમ્પ ૧૯મા રિપબ્લિકન રાષ્ટ્રપતિ બન્યા.

જો ભારતના સંદર્ભમાં જોઇએ તો અત્યાર સુધીના બધા રાષ્ટ્રપતિમાંથી રિપબ્લિકન પાર્ટીના રાષ્ટ્રપતિ ભારત માટે વધુ ફાયદાકારક રહ્યા છે. પરંતુ બિલ ક્લિન્ટન, જ્યોર્જ બુશ અને બરાક ઓબામા જેવા ડેમોક્રેટિક રાષ્ટ્રપતિના કાર્યકાળમાં પણ ભારત-અમેરિકાના સંબંધો સારા રહ્યા. એક અલગ મિજાજ ધરાવતા રિપબ્લિકન ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકી રાષ્ટ્રપતિ બન્યા છે ત્યારે એમના કાર્યકાળમાં ભારત અને અમેરિકાના સંબંધો ઉપર સંભવિત શું અસર થઇ શકે એની એક ઝલક...

## ભારતને સંભવિત નુકસાન

★ ડોનાલ્ડ ટ્રમ્પની સૌથી મોટી અસર શેરબજાર ઉપર જણાઇ શકે છે અને એ જણાઇ પણ રહી છે. એમના જીતવાની શક્યતા વધી ત્યારથી જીત્યા પછી આ લખાઇ રહ્યું છે ત્યાં સુધી વિશ્વના અનેક ઇન્ડેક્સ હજુ પણ પૂર્વવત્ શાંત થઇ શક્યા નથી. એમાં બેય તરફ ઉથલ-પાથલ ચાલુ જ છે અને હજુ જ્યાં સુધી ટ્રમ્પની નીતિઓ સ્પષ્ટપણે જાહેર નહીં ત્યાં સુધી એ થતી રહે એવી આશંકા છે.

★ ટ્રમ્પની ઉતાવળે બનાવેલી વેપાર નીતિ અને અમેરિકા ફર્સ્ટની નીતિ તથા એ વિશેના એમના સ્ફોટક નિવેદનોએ અમેરિકાના સહયોગી વ્યાપારિક દેશોમાં પણ ફફડાટ વ્યાપ્યો છે. કારણકે, જો આ નીતિ લાગુ થાય તો સીધું નુકસાન પહોંચાડી શકે છે.

★ ટ્રમ્પે એચ-૧ બી વિઝાને નકામા ગણાવ્યા છે અને તેનો દરજ્જો ખતમ કરવા માગે છે. જેની સીધી અસર હાલ તો તકનિકી ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો એમાંય ખાસ કરીને ભારતીયો અને ભારતીય આઇટી સ્ટોક તથા આઇટી કંપનીઓ પર દેખાઇ રહી છે.

★ ટ્રમ્પ આમ તો નખશીખ ઉદ્યોગપતિ છે. એટલે પોતાનું, પોતાના અમેરિકાનું હિત સર્વોપરિ ગણે એ સ્વાભાવિક છે. એટલે ચીન, પાકિસ્તાન વિરોધી વલણ અને નિવેદન છતાં પણ એમનું ભારત પ્રત્યે બેવડું વલણ છતું થતું રહે છે. એક તરફ તો તેઓ ભારત અને ભારતીય લોકોની તકનિકી વિકાસના ગુણગાન ગાય છે અને બીજી બાજુ તકનિકી ક્ષેત્રે અમેરિકામાં કામ કરતા ભારતીયોની નોકરીઓ ફરીથી અમેરિકીઓને મળે એવી નીતિની ચોખ્ખી તરફેણ કરે છે.

## ભારતને સંભવિત ફાયદા

★ ભારતીયોના તકનિકી જ્ઞાન અને કર્મઠતા જોઇને ડોનાલ્ડ ટ્રમ્પ એમની પ્રશંસા કરતાં થાકતા નથી. ભારતીય ઉદ્યોગ સાહસિકો અને વિદ્યાર્થીઓ અમેરિકાના વિકાસમાં પોતાનું યોગદાન આપે એવી ઇચ્છા તેઓ જાહેર કરી ચૂક્યા છે.

★ ડોનાલ્ડ ટ્રમ્પ હંમેશાં એક યા બીજા કારણોસર ચીનની ટીકા કરતાં રહ્યા છે. એ હિસાબે એમની ચીન વિરોધી માનસિકતાનો સીધો ફાયદો આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતને થઇ શકે એમ છે.


★ પાકિસ્તાન પ્રેરિત અને સંવર્ધિત આતંકવાદને જડમૂળમાંથી ઉખાડવા માટે પ્રતિબદ્ધ ડોનાલ્ડ ટ્રમ્પ એ અભિયાનમાં ભારતનો સહયોગ કરી શકે એમ છે.

દેશોના વિકાસ અને સુરક્ષામાં એટલો બધો કામમાં આવ્યો છે કે હવે એ અમેરિકાના વિકાસ અને સુરક્ષાની સામે ખતરારૂપે મંડરાવા લાગ્યો છે. એટલું જ નહિ, ચીનના વેપાર વિકાસને લીધે અમેરિકી કંપનીઓ અને એના અમેરિકન કર્મચારીઓ માટે પણ ધંધા-રોજગારનો એક અવકાશ સર્જાયો છે. આઉટ સોર્સિંગ સેક્ટરમાં નોકરીઓ નીતિવિષયક ફેરફાર આવે તો ભારતના તકનિકી વ્યવસાયને પણ નુકસાન થાય એમ છે. છતાં સરવાળે જોઇએ તો એમાં ચીનને વધુ નુકસાન થાય એમ છે.

રહી વાત પાકિસ્તાન અને એના આતંકવાદની. પૂર્વ અમેરિકી રાજદ્વારી વિલિયમ એચ. એવરી તો ત્યાં સુધી કહે છે કે ભારતના પાડોશી દેશ પાકિસ્તાન માટે ટ્રમ્પનો વિજય સૌથી ખરાબ અહેવાલ બની રહ્યા હતા. જગજાહેર બાબત છે કે ટ્રમ્પ પાકિસ્તાનને સૌથી ખતરનાક દેશ કહી ચૂક્યા છે. તો જ્યારે અમેરિકાના પ્રમુખપદે ડોનાલ્ડ ટ્રમ્પ ચૂંટાયા કે ભારતીય વડાપ્રધાને તરત જ એમને ફોન કરીને અભિનંદન આપ્યા છે. કૂટનીતિના ક્ષેત્રમાં ટ્રમ્પ કરતાં નમોની પાસે બહોળો અનુભવ છે. વડાપ્રધાનપદની અત્યાર સુધીની આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતના દબદબાને સ્થાપિત કરવાની સંપૂર્ણ કવાયત એની શાહિદી પૂરે છે, ત્યારે હવે એવી આશા પ્રબળ બની છે કે આતંકવાદના વિરોધના મુદ્દા પર ડોનાલ્ડ ટ્રમ્પ ભારત સાથે સહયોગ વધારશે અને એ મુદ્દા પર પાકિસ્તાનને ઘેરવામાં બરાક ઓબામા કરતાં પણ મજબૂત રીતે ભારતની સાથે ખભેખભો મિલાવીને ઊભા રહેશે. આમ તો રિપબ્લિકનના બહુમતવાળી અમેરિકી સંસદે પોતાના દેશમાં પાંગરેલી અને ફૂલેલી-ફાલેલી આતંકવાદી સંસ્થાઓ પર કાર્યવાહી ન કરવા પર પાકિસ્તાનને ૩૦ કરોડ ડોલરની સૈન્ય મદદ અટકાવી છે તે પણ ઘણી સૂચક છે. ડોનાલ્ડ રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર છે અને અમેરિકી સંસદમાં એમના પક્ષની બહુમતી છે એટલે સંજોગોની દૃષ્ટિએ તકો ઉજ્જવળ છે.

ચીન માત્ર ભારતની સુરક્ષાને કે શક્તિને પડકારરૂપ છે એવું નથી. રશિયા પછી અમેરિકા માટે ચીન પણ એક માથાનો દુઃખાવો છે. એને

*We will not let you down at any step !*




Plasma, Signboards, LEDS, Neon Tubes, Scrollers, Glowboxes.

2267 6364

VORA GROUP Over 60 Yrs.

CREATION PUBLICITY PVT. LTD

"we create an impact"

Internet, Short Films, Exhibitions, Satellite Channels, Vinyl Prints.

4078 4444

www.indiacreation.com

CREATION PUBLICITY PVT. LTD.

Parekh-Vora Chambers, 66, Nagindas Master Road, Fort. Mumbai : 400 001. | Email : creation@indiacreation.com

*Out Of Home publicity throughout India*

ચેક-મેટ આપવા માટે ટ્રમ્પ પોતાના જેવા જ આક્રમક રાજનેતા નમોની સાથે ઊભા રહીને એમને કેટલીક બાબતોએ બિનશરતી ટેકો આપી શકે છે. એમાં સુરક્ષા પરિષદમાં ભારતની કાયમી સભ્યપદની માગણીને ટેકો આપવાનું પગલું અત્યંત મહત્ત્વનું સાબિત થઇ શકે એમ છે. વળી ચીન ત્યાં પાકિસ્તાનની તરફેણમાં ભારતને આવો દરજ્જો આપવાનો સતત અને ખૂલ્લેઆમ વિરોધ કરી રહ્યું છે ત્યારે ચીનવિરોધી માનસિકતા ધરાવતા ટ્રમ્પ પોતાના અમેરિકાને ફરીથી મહાન બનાવવા માટે પણ ભારત સાથે ખભેખભો મિલાવી શકે એમ છે.

ડોનાલ્ડ ટ્રમ્પ વિશે ભારતીયોએ આવી આશા સેવવાના અનેક કારણો છે. એમાં સૌથી અવ્વલ છે કે તેઓ એકમાત્ર એવા ઉમેદવાર છે જેમણે ચૂંટણી પહેલાં ભારતીય અમેરિકી સમુદાયને સંબોધિત કર્યો છે. એટલું જ નહિ, એમણે પોતાના પરિવાર સહિત હિન્દુ પૂજાવિધિ પણ કરી તેમજ દિવાળી, નૂતનવર્ષની ઉજવણીમાં પણ હોંશથી ભાગ લીધો છે. અમેરિકામાં ભારતીયોનો દબદબો તો ઘણાં સમયથી છે અને નમોના ઓબામા સાથેના સંબંધો અને અમેરિકી સમુદાયના પ્રયાસો જોતાં આ આં.રા. સંબંધ રાજનીતિ અને સુરક્ષાની એક નવી ધરી ઊભી કરી શકે એમ છે. આ લખાઇ રહ્યું છે ત્યારે ભારતીય મૂળના નિક્કી હેલીની નિમણૂક યુએન-સંયુક્ત રાષ્ટ્રસંઘમાં અમેરિકી પ્રતિનિધિ તરીકે કરી છે. આવી સિદ્ધિ મેળવનારા નિક્કી હેલી ભારતીય મૂળના પ્રથમ મહિલા છે. ટ્રમ્પના આ પગલાંને પણ ભારત માટે એક શુભ સંકેત તરીકે જોવાઇ રહ્યું છે.

## ડોનાલ્ડ ટ્રમ્પઃ અમેરિકી ઇતિહાસમાં નવા પ્રકરણની શરૂઆત

જેમ ભારતમાં મક્કમ મનોબળથી સ્પષ્ટપણે પોતાની મનની વાત કરે, રાષ્ટ્રહિતમાં પગલાં ભરે એવા નેતાની જરૂર હતી એવી જ જરૂરિયાત અમેરિકામાં પણ હતી. કાળું નાણું બહાર કાઢવા માટે જેવી નોટબંધીની શરૂઆત થઇ એવી જ કોઇક શરૂઆત હવે અમેરિકી પક્ષે પણ થઇ શકે એવી ધારણા રાજકીય પંડિતો સેવી રહ્યા છે. કારણ કે, આમ તો અમેરિકાએ હિલેરીને જાહેરમાં ટેકો કર્યો હતો પણ પડદા પાછળ તેમણે આખાબોલા ટ્રમ્પને પસંદ કર્યા અને જીતાડ્યા. હિલેરી સામે ટ્રમ્પ નબળા હતા, છતાં જીતી ગયા હતા. કેમ કે, તેમણે અમેરિકનોની મુશ્કેલીની સતત ચર્ચા કરી હતી. ટ્રમ્પે માય અમેરિકા, ફર્સ્ટ માય નેશન જેવા ઉદ્‌ગારો દરેક ભાષામાં કહે રાખ્યા હતા. જેના કારણે સ્થાનિક અમેરિકનોમાં પોતાના માટે કામ કરનારા એક નેતાની જરૂરિયાત તેઓ કાયમ અનુભવતા હતા એ આશાનું કિરણ એમને ટ્રમ્પમાં દેખાયું. આ પરિબળ અનુભવી હિલેરીની સામે નવા-સવા ટ્રમ્પને જીત અપાવી ગયું. ટ્રમ્પનું કરિયર ફિનિક્સ-દેવહુમા પક્ષી જેવું રહ્યું છે. આજે અબજોની મિલકત અને વેપાર ધરાવતા ટ્રમ્પ અમેરિકાના સફળ બિલ્ડર છે. એમની કંપનીનું ભારતમાં પણ રોકાણ છે. એટલે ભારત સાથે એમના રાજકીય ઉપરાંત વ્યક્તિગત હિત પણ સંકળાયેલા છે. ૬૯ વર્ષીય ટ્રમ્પ અબજોપતિ છે. દુનિયાના માતબર શહેરોના પોશ એરિયા સાથે સંકળાયેલા રિયલ એસ્ટેટના કારોબારમાં ઊંડે સુધી ખૂંપેલી તેમની કંપની ટોચની ગણાય છે. એ સિવાય પણ અનેક ક્ષેત્રમાં તેમનો કારોબાર ફેલાયેલો છે.

પંદર વર્ષ પહેલાં જ પ્રમુખપદની ચૂંટણી લડવાની તૈયારી કરી ચૂકેલા ટ્રમ્પને ત્યારે આરંભિક નિષ્ફળતાઓ મળી હતી. એટલે સમય વર્તીને તેમણે પીછેહઠ કરી લીધી હતી. જોકે, આ વખતે તેમણે પાક્કી તૈયારી સાથે ઝંપલાવ્યું. અમેરિકન પ્રમુખપદની ચૂંટણીની વિશેષતા એ છે કે પ્રમુખપદની રેસમાં સામેલ થતાં પહેલાં પોતાના પક્ષના ઉમેદવાર તરીકે રાષ્ટ્રવ્યાપી સમર્થન મેળવવું પડે. ટ્રમ્પ આશ્ચર્યજનક રીતે આ દરેક કસોટીમાં ખરા ઉતર્યા છે. ટ્રમ્પે બહુ શરૂઆતથી જ વિવાદાસ્પદ, આખાબોલા અને ચોંકાવનારા વિધાનો વડે નોખો ચીલો ચાતર્યો હતો. એક ચૂંટણીસભામાં તેમણે અમેરિકન વોરહીરો જ્યોર્જ પેટનના યાદગાર ભાષણના અંશો કહ્યા હતા, જેમાં સરેરાશ જનતા અને વૈશ્વિક માધ્યમો પોતાની નોંધ લે એ માટે ટ્રમ્પે જીભને છૂટ્ટી મૂકી દીધી હતી. ખાસ કરીને તેમના મુસ્લિમવિરોધી વલણને લીધે મળેલી કુખ્યાતિને તેઓ બહુ ચબરાકીથી ખ્યાતિમાં પરિવર્તિત કરી શક્યા છે અને એનું પરિણામ આપણી સામે છે.

ટ્રમ્પ પોતાના વ્યક્તિગત જીવનમાં ખૂબ જ રંગીન રહ્યા છે. એક પછી એક મોડેલ, હિરોઇન સાથે ત્રણ-ત્રણ લગ્ન કરી ચૂકેલા ટ્રમ્પની લીલી વાડી છે. પોતાના વ્યવસાય માટે જે રીતે ફાયદાકારક નિર્ણયો લેવામાં એમની માસ્ટરી છે એવી માસ્ટરી એ રાજનીતિમાં પણ બતાવશે એવી આશા રાખવી અસ્થાને નથી.





TRAIN BRANDING
AC Double Decker
Gujarat Queen
MEMU
Bhilad Express
Abu Road DMU

*economical 'n' innovative media options for mass reach*
**HEMSON & CO**
{Accredited by INDIAN RAILWAYS, IRCTC, DAVP ( Govt. of India)}
133, Arpan Complex, Nizampura, Vadodara 390 002
m: 98253 20871 e : hemson@shatabdi.net

LED HOARDINGS
At Vadodara and Anand
Station Entrance

# અનુભવો યૌવનની કમનીયતા
# અને નાવિન્યતા ન્યુ લુક ને સંગ..

New look®
NO COMPLAINT BRASSIERE
SINCE 1950


વૈયક્તિક સુંદરતાની અભિવ્યકિત અને મનોરમ સુંદરતાના બદલાવને સમયે સમયે
વાચા આપતી શ્રેષ્ઠતમ બ્રેસિયર એટલે **ન્યુલુક બ્રેસિયર....**



DAISY SS



CONSENT RED



COLLEGIAN



SAMANTHA



MADDONA

nl® lingerie
Close to your heart

Available at All Leading Stores.

Mfg. by.:
**New Look Brassiere Co.**
Email: newlookbra@hotmail.com
havik@vsnl.com
havikapp@gmail.com

વ્યાપારીક પૂછપરછ માટે અમારા પ્રતિનિધિનો સંપર્ક કરો:
ગુજરાત અને સૌરાષ્ટ્ર: મે. સ્મિત બ્યુટી ચોઇસ,
શ્રી વિનોદભાઈ ભટ્ટી, કૃષ્ણ નગર, મેઈન રોડ,
મઉડી પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૪ (સૌરાષ્ટ્ર) મો. ૦૯૮૨૪૮૩૪૫૧૯




# નોટબંધી : કાળા નાણાં માટે કરવામાં આવેલ આ સર્જરી કામયાબ રહેશે ખરી ?

**રૂ.૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો બંધ કરવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો નિર્ણય સાહસિક તો છે જ પણ શું એ કાળું નાણું બહાર લાવવા કે અટકાવવા અસરકારક રહેશે એ તો આગામી સમય જ કહેશે...**

તા. ૮ નવેમ્બર, ૨૦૧૬ ભારતના ઈતિહાસનો અને આ સદીનો કદાચ સૌથી યાદગાર દિવસ તો બની જ રહેશે તેની સાથે સાથે વિશ્વફલક પર આ દિવસને મોટા આર્થિક ફેરબદલના અણધાર્યા નિર્ણય તરીકે પણ યાદ રાખવામાં આવશે.

હજી તો લોકો દિવાળીનો ઉત્સવ ઉજવીને દેવદિવાળી ઉજવવાની તૈયારી કરી રહ્યાં હતા. કેટલાક લોકો કંપની તરફથી મળેલા મસમોટા બોનસ અને ટ્રાવેલ પેકેજની હોંશે હોંશે મોજ માણી રહ્યાં હતા. વેકેશનના આનંદની ચરમસીમા અને ઉન્માદ હજુ તો તેમના માનસપટ પર છવાયેલો હતો. તેવામાં અચાનક ૮ નવેમ્બરની સાંજે ટી.વી. ચેનલો અને અન્ય પ્રસારણ માધ્યમો પરથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક ખાસ બુલેટિનમાં જાહેરાત કરી કે આજે મધરાતથી રૂપિયા પાંચસો અને રૂપિયા એક હજારની નોટો રદ્દ ગણાશે. લોકો તો ઠીક પ્રાથમિક તબક્કે સમાચાર માધ્યમો પણ આ નિર્ણય વિશે અસમંજસ અનુભવતા હતા. તેઓને પણ આ વાતનો ક્યાસ લગાવવો મુશ્કેલ હતો કે શું ખરેખર આ ચલણ બંધ કરવાનો નિર્ણય થયો છે? અને જો હા તો શું આ નિર્ણય યોગ્ય વિચાર-મંથન થકી લેવાયો છ? અને આટલો મોટો નિર્ણય અચાનક લેવાયો તેની પાછળનું એવું તે ક્યું કારણ અથવા ક્યું પરિબળ જવાબદાર છે ?

વડાપ્રધાન મોદીજી દ્વારા નોટબંધીની સત્તાવાર જાહેરાત કરાતાં એક તબક્કે તો મોટાભાગના શહેરોમાં દોડધામ મચી જવા પામી હતી. પ્રાથમિક તબક્કે સરકારે આ રદ્દ થયેલી કરન્સી સરકારી બેન્કો, પેટ્રોલ પંપ, સરકારી ઓફિસમાં વેરા, બિલ અને કરની ચૂકવણી પેટે સ્વીકારવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. એટલે લોકોએ જેટલું બને એટલું ભારણ ઓછું કરવા અને રદ્દ થનારા ચલણને એન્કેશ કરવા માટે દોડધામ કરી મૂકી હતી. જોત જોતામાં તો પેટ્રોલ પંપો અને ATM કાઉન્ટર્સ લાંબી કતારોમાં પરિવર્તિત થઈ ચૂક્યા હતા. મધ્યમ નોકરિયાત વર્ગના લોકોએ તેમની પરસેવાની કમાણીને જમા કરાવવા અને કન્વર્ટ કરાવવા માટે આખો દિવસ નોકરીની ફરજ પૂર્ણ કરીને આ વધારાની ડ્યૂટીમાં લાગી જવું પડ્યું હતું. પ્રાથમિક તબક્કે સહજ સરળ લાગતા આ પગલાએ ધીમે-ધીમે તેની વિકટ અસરો દેખાડવા માંડી.

નોટબંધીની સૌથી વધુ અસર સામાન્ય જીવન પર પડી હતી. શરૂઆતમાં લોકોએ 'કાળા બજારિયા, સંગ્રહખોરો અને હવાલેદારો' નો અંત આવશે એવી આશાઓથી વડાપ્રધાનની આ જાહેરાતને બિરદાવી હતી. પરંતુ જેમ જેમ બેન્કોમાં રૂપિયા ભરવાની, રૂપિયા ઉપાડવાની અને નોટો બદલાવવાની લાઈનો લાંબી થવા લાગી તેમ તેમ વાસ્તવિકતા બહાર આવવા માંડી. બેંકો-ATMમાં ધસારો વધવા માંડ્યો, લાઈનોમાં બોલાચાલી-તકરારો થવા માંડી. વાતાવરણમાં તંગદિલી વ્યાપી ગઇ.

શ્રીમંત વર્ગ, બિઝનેસ પર્સન્સ જેવા લોકોએ પોતાના નોકરો કે કર્મચારીઓને નોટ બદલાવવા, નાણાં જમા કરાવવા કે બેન્કમાંથી રૂપિયા ઉપાડવા કામે લગાડ્યા હતા. જેને લીધે

એક જ એકાઉન્ટમાંથી વારંવાર રૂપિયા ઉપડતા હોવાનું ધ્યાને આવતાં બેન્ક શાખાવાળાઓએ આ બાબતે કડક પગલાં લઈને બેન્કોમાંથી એક ખાતામાંથી એક દિવસમાં રૂપિયા બે હજાર જ ઉપાડી શકાય એવી જાહેરાત કરી. તેની સાથે કરન્સી જમા થતાં બેન્કોએ રૂપિયા ઉપાડવાની લિમિટ ૨૦૦૦થી વધારીને ૪૫૦૦ કરી દીધી. જ્યારે આ જાહેરાત થઈ તેની સાથે જ જનતાનો પુનઃ ધસારો બેન્કમાં વધી ગયો. જોકે બીજા દિવસે સરકારે જાહેર કર્યું કે બે દિવસ કોઈપણ ટોલ ટેક્સ ઉઘરાવાય નહીં. ત્યારે પ્રાઇવેટ વેહિકલ્સ ધરાવનારાઓ સહિત ટ્રાન્સપોર્ટર્સ અને ટ્રાવેલર્સ કંપનીઓને થોડોક હાશકારો થયો. બેન્ક પ્રશાસનને પણ સરકારની નવી નવી જાહેરાતો વચ્ચે કામ કેવી રીતે કરવું તેની વિમાસણ થવા લાગી. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રજા પાસે આ પગલુ ભર્યું તેના પરિણામો મેળવવા માટે ૫૦ દિવસની માગણી કરી. એ સાથે સાથે પ્રજાના પ્રતિસાદોનો દોર સોશિયલ મીડિયા પર સતત ચાલુ જ રહ્યો. ત્યારબાદ ઈમાનદાર લોકોને આ પગલાંથી ઘણો લાભ થશે, હાલ ભલે તકલીફ પડે છે પણ આગળ જતા સૌને લાભ થશે એવી ટ્વિટ્સ સાથે 'આઈ સપોર્ટ નરેન્દ્ર મોદી'ની ટ્વિટ્સ પણ છલકાવા લાગી. પરંતુ રોજેરોજ નવા નિયમો અને છૂટછાટોની જાહેરાતોથી ગ્રાહકોને તેમના ફેસબુક એકાઉન્ટ જેવું અપડેટ રહેવાની નવી જ કસરત કરવી પડી.

કાળાનાણાંને બહાર કાઢવા માટેનો સરકારનો આ પ્રયાસ ધીમે ધીમે તેની અસર બતાડવા માંડ્યો. મધ્યમ વર્ગીય લોકોને તેમના મહેનતના નાણાં મેળવવા માટે લાંબી કતારોમાં પરસેવે રેબઝેબ થઈને ઉભા રહેવું પડ્યું, ત્યાં બીજી બાજુએ કાળા બજારિયા અને કાળા નાણાંના કાળોતરાને પોતાના ગાદલામાં અને ખુરશીઓ નીચે સંતાડી નાંખનારા વેપારીઓ અને બિલ્ડરો સહિતના તમામ લોકોની રાત-દિવસની ઉંઘ હરામ થઈ ગઈ છે. કાળા ધનના ઢગલાને સગેવગે કરવા અને પોતાના રેકોર્ડઝ ચોખ્ખા રાખવા માટે દિવસ-રાત એક કરનારા વેપારીઓ અને ઉદ્યોગપતિઓએ જેટલું બને એટલું કાળાનું ધોળું થઈ શકે એ તમામ કરી લેવા યુદ્ધના ધોરણે પ્રયાસો આરંભી દીધા. શરૂઆતમાં નોટબંધીના આ નિર્ણયથી સામાન્ય જનતાની તકલીફો અને બેન્ક કર્મચારીઓને કામનું ભારણ



નોટબંધીની જાહેરાત બાદ બેંકોમાં પૈસા ભરવા-ઉપાડવા લોકોની રોજ લાઇનો લાગે છે. એક ભિખારી રૂા.૨૦૦૦ની નોટને કેવી રીતે વટાવવી તેની વિમાસણમાં મૂકાયો છે. **તસવીર સૌજન્ય-નીતીન વસાણી**

## નોટબંધીનો નિર્ણય આવકાર્ય છે જો તેનો હેતુ પૂરો થાય તો...



**યોગેશ ઠક્કર**, કેનસ્ટાર ગ્રૂપ

પગલું જે લીધું છે સારું છે. પરંતુ બધું જ જોતાં બજાર પર તેની છ મહિના જેટલી અસર તો રહેશે. અન્ય મહત્વની વાત એ પણ ખરી કે આપણાં દેશમાં અનસ્કીલ્ડ લેબર ઘણાં છે જેમની રોજીનો પ્રશ્ન પણ મહત્વનો ગણાશે. સાથે સાથે રિયલ એસ્ટેટની સાથે અન્ય અનેક નાના-મોટા વ્યવસાયો જોડાયેલા છે. આ પગલાંથી પરિવર્તનની દિશામાં સારું થશે એમ હોવા છતાં રિયલ એસ્ટેટના વ્યવસાયને વધુ ડેમેજ થાય તેવું ન હોવું જોઈએ.

વડાપ્રધાન મોદીએ રૂા.૫૦૦ અને ૧૦૦૦ની ચલણી નોટો રદ કરીને દેશની જનતા પર જે રીતે સર્જિકલ સ્ટ્રાઇક કરી છે તેનાથી હાલ તો દેશનું આખું ય અર્થતંત્ર ખોરવાઇ ગયું છે. આ નિર્ણયનો



હેતુ કાળું નાણું બહાર લાવવાનો છે. પરંતુ હજુ સુધી એમાં એટલી સફળતા મળી નથી. ઉલટાનું સામાન્ય જનતા આમાં અટવાઇ પડી છે. એમાંય બેંકમાંથી કે એટીએમમાંથી પૈસા ઉપાડવાની મર્યાદા નક્કી કરેલ હોવાથી પોતાના પૈસા હોવા છતાં લોકો ઉપયોગ કરી શકતા નથી. નોટબંધીની જાહેરાતના આજે આટલા દિવસ બાદ પણ બેંકોમાં લોકોની લાઇનો જોવા મળે છે. ટૂંકમાં, જે આશયથી આ નિર્ણય લેવાયો છે તે સિદ્ધ થાય તે જરૂરી છે. – **કેતન શાહ**, એકાઉન્ટન્ટ



**ડૉ. ઉમેશ આર. ડાંગરવાલા**
હેડ-ડીપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ

અત્યાર સુધીની સરકારોએ જે પગલું નથી લીધું તે લેવામાં આવ્યું, જે આવકાર્ય છે. જ્યારે કોઈપણ બદલાવ આવે ત્યારે એના પડઘા તો પડે જ છે. દૂરોગામી વિચાર તરીકે ભારત ભવિષ્યમાં એક વિશ્વસત્તા તરીકે પ્રસ્થાપિત થવા જઈ રહ્યું છે તે જોતાં આ પગલું શ્રેષ્ઠ કહી શકાય. આનાથી કરપ્શન, કાળાબજાર, આતંકવાદી જેવી પ્રવૃત્તિઓ બધું સદંતર તો નાબૂદ નહીં થાય પરંતુ થોડો ઘણો અંકુશ તો જરૂર આવશે. વડાપ્રધાન મોદીએ આદર્શ ભારતની જે પરિકલ્પના સેવી છે તે આ નિર્ણયથી કદાચ સાકાર થશે.

વધતાં બધે અફરા-તફરીનો માહોલ સર્જાયેલો જોવા મળ્યો.

કેટલાક શહેરોમાં અબજોપતિ લોકોએ રાતોરાત કોથળાના કોથળા ભરીને રૂપિયા ગંગામાં ઠાલવવા માંડ્યા. હજી તો ઠંડીની પ્રાથમિક શરૂઆત છે તેવામાં સ્થાનિક પ્રશાસન અને પોલીસદળને કોઈ આતંકવાદી, દહેશતગર્દ કે દારૂની ખેપ મારનારા ખેપિયાઓને પકડવાની જગ્યાએ નવા કામનો ઈજારો મળી ગયો. વડાપ્રધાને એક જ માસ્ટર સ્ટ્રોકથી સરકારી ખાતામાં બાબુશાહીના જોરે સામાન્ય પ્રજાને દાબ-દબાણમાં રાખનારા સનદી અધિકારીઓને પણ રાતા પાણીએ રડાવ્યા છે. પરંતુ સિસ્ટમનો ભાગ હોવાની સાથે સત્તારૂઢ હોવાને કારણે સહુકોઈએ ઉપરછલ્લા સ્મિત અને સ્વીકાર સાથે 'નમો'ના આ પગલાને આવકાર્ય ગણ્યું હતું. કેટલાક બાબુઓ તો તેમની સત્તા અને વગ વાપરીને બેન્કોમાંથી રૂપિયા બદલાવવા માટે રાત આખી પ્રયત્નશીલ રહ્યાં હતાં અને કાળાનું ધોળું કરવામાં સફળ રહ્યાં. વળી, ક્યાંક બેન્કના ઉપરી અધિકારીઓ બેન્ક અવર્સ પછી વગવાળાઓની રકમનો વહીવટ કરતા પણ પકડાયા હતા.

એની વે, અત્યારે તો કોઈપણ તર્કબુદ્ધિ ચાહે શાબ્દિક હો કે લેખિત પરિભાષામાં છતી કરવી કદાચ સમજદારી નહીં ગણાય એવું પણ બને. આશા રાખીએ કે મોદીએ દેશના હિત માટે આ જે નિર્ણય લીધો છે તે હેતુ પાર પાડે. ફી



**- રાજેન્દ્ર સ્વર્ણકાર**
પૂર્વ અધિકારી, બેંક નોટ પ્રેસ, દેવાસ

જૂની નોટની જગ્યાએ નવી નોટનો કાગળ સારો છે, જલ્દીથી નોટ ફાટે તેવી નથી. જોકે ૨૦૦૦ની નોટની કલર્સ સ્કીમ બરાબર નથી. મારા ખ્યાલથી થોડી ઉતાવળમાં આ નિર્ણય લેવાયો છે એટલે અફરાતફરી થઈ. મારે નોટ ડિઝાઈન અને પ્રિન્ટિંગનો ૨૨ વર્ષનો અનુભવ છે. દેવાસ ખાતે કોર્પોરેશન બનાવી દેવાતાં નોટપ્રેસમાં કામ કરી ચૂકેલા મારા સહિત ઘણા સક્ષમ અધિકારીઓને દેશના જુદા જુદા રાજ્યોમાં અને વિવિધ ખાતાઓમાં ટ્રાન્સફર કરી દેવામાં આવ્યા. હાલ હું પોસ્ટ ખાતામાં અધિકારી છું પરંતુ મારી કે અન્ય સાથીઓની ટેલેન્ટનો એ દુર્વ્યય છે. નોટ ડિઝાઈન, સિક્યુરિટી ફિચર્સથી લઈ પ્રિન્ટિંગ, ચેકિંગ, સ્ટેમ્પ પેપર સહિત ઘણા વિભાગમાં અમે ખૂબ અસરકારક કામગીરી કરી શકીએ તેમ છે છતાં હાલ અમે એ જગ્યાએ કામ કરી રહ્યાં છે જ્યાં અમારી માસ્ટરી નથી. અમારી ટેલેન્ટનો સરકારે આવા સમયે ઉપયોગ કરવો જોઈએ. આશા રાખીએ મોદી સરકાર અમારી પ્રત્યે ધ્યાન આપશે જેથી અમને પણ દેશસેવાનો લાભ મળે.



**-ચંદ્રકાન્તભાઈ**, વસંત મસાલા

રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ની ચલણી નોટો રદ કરવાનો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો નિર્ણય આવકારદાયક છે. કાળું નાણું બહાર લાવવા, ભ્રષ્ટાચાર રોકવા આ સારું પગલું છે. અમારા જેવા વ્યવસાયીઓ માટે આ ફાયદાકારક છે. કારણકે ડિસ્ટ્રિબ્યુટર્સ સાથે કેશમાં ટ્રાન્ઝેક્શન થતા હતા, ઘણાં બિલો વગર માલ માગતા હતા, ભ્રષ્ટાચાર થતો હતો. હવે આ પગલાંથી આવી હેરાનગતિમાંથી અમને છૂટકારો મળશે. નવો પ્લાન્ટ એક્સપાન્ડ કરવો છે તે સરળ બનશે. જમીનના ભાવ ઊંચા આપવા પડતા તેમાં પણ રાહત થશે. મોંઘવારી ઘટશે, જીડીપી ગ્રોથ આગળ વધશે. હા, હાલ સામાન્ય માણસને તકલીફ છે જ, પણ સરકાર જલદીથી યોગ્ય પગલાં લઇ આ તકલીફ ચોક્કસ દૂર કરશે. ટૂંકમાં, આ નિર્ણયથી લાંબા ગાળે ફાયદો જ છે.

## ગુજરાતીઓના ગૌરવની વાત

જ્યારથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સત્તારૂઢ થયા ત્યારથી ગુજરાતીઓની કાર્યક્ષમતા સાથે દીર્ઘદ્રષ્ટા વિચારસરણીનો પણ ઉલ્લેખ કરવો ઘટે. નોટબંદીના આ નિર્ણયમાં પણ પાયામાં ત્રણ મૂળ ગુજરાતી છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, RBIના ગવર્નર ઉર્જિત પટેલ અને ફાઈનાન્સ સર્વિસીસ સેક્રેટરી હસમુખ અઢિયાનો સમાવેશ થાય છે. તેમની સાથે ગુજરાત રાજ્યસભામાંથી ચૂંટાનાર અરુણ જેટલીની ટીમનો પણ આ કરન્સી ચેન્જના ડીસિઝનમાં મહત્ત્વનો ફાળો છે. નોંધનીય બાબત એ રહી કે RBI ગવર્નર ઉર્જિત પટેલના ગામ મહુધા ખાતે તો સહુકોઈએ તેમના પદગ્રહણ કરતાંની સાથે કરવામાં આવેલી આ સર્જિકલ સ્ટ્રાઈક્સને વધાવી લીધી હતી. આ ત્રણ ગુજરાતીઓએ કાળા ધનને નાથવા ઉત્તમ પગલું ભર્યું છે.

## નોટબંધી બાદ સરકારે લીધેલાં બીજા અસરકારક પગલાં

૧) RBI વૃદ્ધિ દર પર ભાર આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. પરંતુ આ વખતે તેમાં ફુગાવાની જગ્યાએ આર્થિક વૃદ્ધિના દરને કેન્દ્રસ્થાને રાખવામાં આવશે.

૨) જનધન ખાતામાં જમા થયેલા નાણાં આગામી ચાર વર્ષ સુધી કોઈ ઉપાડી નહીં શકે તેવી જાહેરાત કરી. જ્યારે ૩૦ નવેમ્બર સુધીમાં લગભગ ૧૪૮૭ કરોડ જેટલી રકમ જનધન ખાતાઓમાં જમા થઈ હતી.

૩) સામાન્ય માણસ મોબાઈલ બેન્કિંગ કરી શકે તેના માટે ટેલિકોમ કંપનીઓને ઓછા ખર્ચે મોબાઈલ બેન્કિંગ સેવાઓ પૂરી પાડવાનો સરકારે સ્પષ્ટ નિર્દેશ કર્યો છે.

૪) જ્યારે સરકારી ખાતાઓમાં મહત્વનો નિર્ણય એ લીધો કે ૫૦૦૦ રૂપિયાથી વધુની કેશની ચૂકવણી હોય તો તે ઈ-પેમેન્ટથી જ કરવાની રહેશે.

૫) સરકાર દ્વારા વેપારીઓના મોબાઈલને સ્વાઈપ મશીનમાં કન્વર્ટ કરવા માટે સોફ્ટવેર ડેવલપ કરી શરૂઆતમાં ૨૦ લાખ જેટલા મર્ચન્ટ્સને આ મોબાઈલ સ્વાઈપ મશીનથી જોડવામાં આવશે.

૬) સરકાર 'આધાર' ની મદદથી ડિજિટલ ટ્રાન્ઝેક્શન વધારવાની યોજના ઘડી રહી છે. જેમાં કાર્ડ અને PIN ની જરૂર પડતી નથી. આ ટ્રાન્ઝેક્શન્સમાં એન્ડ્રોઈડ યુઝર્સ આધાર નંબરની સાથે ફિંગર પ્રિન્ટ/આયરિશ ઓથેન્ટિકેશનનો ઉપયોગ કરીને ડિજિટલ ટ્રાન્ઝેક્શન પણ થઈ શકશે.

૭) સોનુ રાખવાની બાબતે સરકારે પરિણીત સ્ત્રીઓ પાસે ૫૦૦ ગ્રા. સોનુ, અપરિણીત સ્ત્રીઓ પાસે ૨૫૦ ગ્રામ સોનુ અને પુરુષો પાસે ૧૦૦ ગ્રામ સુધીના સોનાના દાગીના હશે તો તેની ઉપર જપ્તી નહીં આવે તેવો આદેશ બહાર પાડ્યો.

## કયા વ્યવસાયમાં કાળા બજાર કે બ્લેક મનીને નાથવું કપરું

**ગોલ્ડ ઈન્ડસ્ટ્રી :–** એવું મનાય છે કે કોઈપણ દેશનો ગોલ્ડ બિઝનેસ એ પૂરો વ્હાઈટનો થવો અશક્ય છે. કારણકે ગોલ્ડ અને ડાયમંડ બિઝનેસ એ આંતરરાષ્ટ્રીય સ્તરે વ્યાપ ધરાવે છે. તેમાં કેટલીક વખત સંપૂર્ણ વ્હાઈટના માર્ગે આ બઝનેસનું ટર્ન ઓવર અશક્ય થઈ પડે જે એક મોટો પ્રશ્ન છે.

**રિયલ એસ્ટેટ :–** રિયલ એસ્ટેટ બિઝનેસ એ પણ એક એવો જ બિઝનેસ છે જેમાં મોટા ભાગની પ્રોપર્ટી ખેતી વિષયક જમીનો કન્વર્ટ કરીને તેને બાંધકામમાં ફેરવવાની પરવાનગીઓ પણ એ સિસ્ટમમાંથી રસ્તા કરવામાં આવે છે. જ્યારે બીજી બાજુ કરોડોના રોકાણ માંગી લેતા રિયલ એસ્ટેટમાં બધી જ સ્કીમોમાં ઓન પેપર મોટી રકમો લોન પેટે મળવી શક્ય ન હોઈ તેમાં પણ કાળા નાણાંનું ચલણ રોકવું અઘરું છે.

**ટેક્સટાઈલ બિઝનેસ :–** ટેક્સટાઈલ બિઝનેસ અર્થતંત્રની એક એવી મજબૂત કરોડરજ્જૂનો ભાગ બની ગયો છે, જેમાં મોટાભાગનું સારું ટેક્ષ્ચર ફોરેન કન્ટ્રીઝમાં એક્સપોર્ટ થાય છે. જ્યારે તેમાં પણ ક્યાંક મોટી ઈન્ડસ્ટ્રિઝને તેમના કર્મચારીઓ અને સ્ટાફને પગાર પર રાખી કરવો પડતો ખર્ચ ખૂબ જ મોટો હોય છે. સાથે સાથે નિયમો મુજબ તેમના સ્વાસ્થ્યને લગતી સવલતો આપવી પડે છે. જેમાં સરકારી સહાય પૂરતી નથી થતી.

**ઈમ્પોર્ટ એક્સપોર્ટ બિઝનેસ :–** ઈમ્પોર્ટ એક્સપોર્ટનો વેપાર શરૂઆતમાં દરિયાખેડુંઓ કરતા હતા. ત્યારે વેપાર આટલો વિકસિત સાથે હરીફાઈવાળો ન હતો. જ્યારે આજે આયાત-નિકાસના કડક નિયમોને કારણે સોનું-હીરા જેવી વસ્તુઓ બધી જ ઓન પેપર લાવતા વેપારીઓને તેમના માર્જીન મળતા નથી. ફૂડની પણ આ જ પરિસ્થિતિ છે. જેને પરિણામે આયાત-નિકાસ જેવા મહત્વના સેક્ટરમાં પણ બ્લેક મની માટે ટ્રેપ કદાચ અશક્ય છે.






નોટબંધીની જાહેરાતો પછી બેંકોમાં લોકોનો ધસારો થયો હતો. જ્યાં મોટી લાઈનોમાં પરસેવે રેબઝેબ થતાં લોકોએ પોતાની જગ્યાએ પાસબુક, અખબાર, પથ્થર, ચપ્પલ મૂકીને થોડી રાહત મેળવવાના નુસખા કર્યા હતા. કોઈકે તો ચલણનું વલણ બદલાયા પછી પાંચસોની નોટના પડીકામાં સીંગદાણાનો સ્વાદ માણીને જાણે નોટને વિદાય આપી હતી. જૂની નોટોના બંડલોને હવે બકરી પણ સૂંઘતી નથી તેવું ઉપરની તસવીર દર્શાવી રહી છે..!કેટલીક જગ્યાએ ટ્રીકનો પણ ઉપયોગ કરીને પણ પૈસા અંગે રમૂજ દેખાયું હતું.

## નોટબંધીના ફાયદા

૧) રોકડને બદલે કેશલેસ તરફ લોકો વળશે.

૨) ઓનલાઈન ટ્રાન્ઝેકશન વધવાથી પારદર્શિતા આવશે.

૩) વધુ ને વધુ લોકો બેન્કિંગ સિસ્ટમ સાથે કનેક્ટ થશે.

૪) બ્લેક મનીને ડામવા નોટબંધીની સાથે સાથે સરકાર રોજ નવા સ્ટેપ્સ લઈ રહી હોવાથી કાળા બજારિયાઓમાં ફફડાટ રહેશે અને કાળું નાણું ઘટશે.

૫) બેન્કિંગ સિસ્ટમમાં અઢળક રૂપિયા આવવાથી બેન્કો નાગરિકોને લોન આપી શકશે જેથી હાઉસિંગ, ઈન્ફાસ્ટ્રકચર ક્ષેત્રમાં વૃદ્ધિ જોબ મળશે.

૬) મોટા ભાગના ઈકોનોમિસ્ટના મતે લાંબા ગાળે સારા પરિણામ જોવા મળશે અને ભારત આર્થિક ક્ષેત્રે વધુ મજબૂત બનશે.

## નોટબંધીના ગેરફાયદા

૧) ટૂંકાગાળા માટે નોટબંધીને કારણે સામાન્ય માનવીને હાલાકી ભોગવવી પડશે.

૨) રોકડ આધારિત વેપાર-ઉદ્યોગને તકલીફ થઈ શકે છે. એક અથવા બે ક્વાર્ટર સુધી દેશનો અર્થિક વૃદ્ધિ દર ઘટી શકે છે.

૩) જનધન એકાઉન્ટમાં નોટબંધી બાદ વિપુલ પ્રમાણમાં નાણાં જમા થયા છે તેના પર શું કાર્યવાહી થઈ શકે એ અંગે ઘણાં પ્રશ્નો હજી ઉભા છે.

૪) નોટબંધી બાદ લોકોએ ખૂબ સોનું ખરીદ્યું છે ત્યારે સરકાર આ લોકો પર કેવી રીતે કાર્યવાહી કરશે તેના પર નજર રહેશે.

૬) ગ્રામ્ય વિસ્તારો જ્યાં બેન્ક-એટીએમની સુવિધા નથી તથા જે નાગરિકો પાસે બેન્ક એકાઉન્ટ જ નથી તેઓને ખૂબ મુશ્કેલીનો સામનો કરવો પડશે.

૭) ઓનલાઈન ટ્રાન્સેકશનમાં હેકિંગની સમસ્યા નિવારવા સરકારે પગલાં લેવાં પડશે.




મનહર ડી. શાહ



## આપણા દેશમાં કેશલેસ અર્થવ્યવસ્થા સંભવ છે?

# 'કેશલેસ' સોસાયટી તરફ આગેકૂચ

**આપણા દેશમાં રોકડ વ્યવહાર મોટા પ્રમાણમાં થાય છે. જો મોટી સંખ્યામાં લોકો કેશલેસ વ્યવહાર કરે તો આ કાળાનાણા અને ભ્રષ્ટાચારની સમસ્યા પેદા થાત નહીં. છેલ્લા ૨૫ વર્ષથી કાળાનાણા પર લગામ લગાવવા સરકાર વિવિધ સ્કીમ લાવી છે, પરંતુ તેને નાથી શકી નથી. ત્યારે હવે મોદી સરકારે લીધેલા નિર્ણયની કેવી અસર પડે છે તે તો આગામી દિવસોમાં ખબર પડશે.**

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૮મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ એક જ ઝાટકે ૫00 અને ૧000ની નોટ રદ કરીને દેશના ૧૨૫ કરોડ લોકોને લાઇનમાં ઊભા કરી દીધા છે. બેંકમાં પૈસા ભરવા, કાઢવા અને ATM સામે મોટી લાઇન લાગી ગઇ છે. લોકોને રોજિંદો વ્યવહાર કઇ રીતે કરવો તે અંગે મૂંઝવણ પેદા થઇ છે. તેમની આ ઘોષણાથી દેશમાં હાહાકાર મચી ગયો છે. કાળાનાણા અને ભ્રષ્ટાચાર પર આ એક સર્જિકલ સ્ટ્રાઇક છે. દેશની સમસ્યા હલ કરવા માટે ક્યારેક કઠોર નિર્ણય લેવો પડે છે. અનેક ઉપાયો છતાં જ્યારે રોગ મટતો નથી ત્યારે ઓપરેશન કરવું પડે છે. એ સમયે દર્દીને ત્રાસ સહન કરવો પડે છે. મોદી સરકારનું આ બ્લેકમની પર ઓપરેશન છે. લાંબાગાળે તેનું સારું પરિણામ આવશે.

હવે પછી બનાવટી નોટો, મોંઘવારી, બેહિસાબી કાળું નાણું વગેરે દૂષણો પર લગામ લાગશે એથી મોદીના આ નિર્ણયનું સ્વાગત કરવું જોઇએ. આપણા દેશમાં રોકડ વ્યવહાર સારા પ્રમાણમાં થાય છે. જો મોટાભાગના લોકો કેશલેસ વ્યવહાર કરે તો આ કાળાનાણા અને ભ્રષ્ટાચારની સમસ્યા પેદા થાત નહીં. નાણાં વિનિમયનું માધ્યમ છે, વસ્તુ નહીં. છતાં આપણે નાણાંને બેન્કિંગ વ્યવસ્થાના પ્રવાહમાં તરતાં ન મૂકીને રોકડ રૂપે તાબામાં રાખી મૂકીએ છીએ એ જ ગરીબી, મોંઘવારી અને કાળાનાણાના સર્જનનું મૂળ છે.




અઢી વર્ષ પહેલાં સત્તા ગ્રહણ કરતી વખતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાળાનાણા વિશે સરકારની ભૂમિકા જાહેર કરી હતી. સન-૨૦૧૫માં 'VDIS' (વોલન્ટરી ડિસકલોઝર ઓફ ઇન્કમ સ્કીમ) જાહેર કરેલી, જેમાં ૪૧૪૭ કરોડ કાળું નાણું મળેલું. એ પછી સન-૨૦૧૬માં 'IDS' યોજના જાહેર કરી જેમાં ૬૫,૨૫૦ કરોડ બ્લેકમની મળી આવ્યું. કાળાનાણાંનું દૂષણ અનેક વરસોથી ચાલતું આવ્યું છે, જેનો અર્થ Unaccounted Money યાને બેહિસાબી પૈસા, જેના પર કર ભરવામાં આવતો નથી તે કાળું નાણું કહેવાય છે. સરકાર અને સમાજને નુકસાન થાય છે. આ પૈસા ભ્રષ્ટ અને ગુનાહિત કારોબારમાં વાપરવામાં આવે છે. એક અંદાજ પ્રમાણે આપણા દેશના સકળ રાષ્ટ્રીય ઉત્પાદનના ૫૦ ટકા જેટલું કાળું નાણું છે. આમાંથી કેટલુંક વિદેશમાં પગેરું કરી ગયું છે. છેલ્લાં ૨૫ વરસથી તેના પર લગામ લગાવવા માટે સરકાર વિવિધ સ્કીમ લાવી છે, પરંતુ કાળાનાણાના ભ્રષ્ટાચારને નાથી શકાયો નથી. ક્યારેક દેશહિત માટે કઠોર નિર્ણય લેવો પડે છે. મોદી સરકારે તે બતાવી દીધું છે.

બનાવટી નોટો, આતંકવાદીઓને મળતા પૈસા, કરચોરીમાંથી પેદા થયેલું નાણું, ભ્રષ્ટાચારમાંથી મળેલા પૈસા આમ એક સમાંતર અર્થવ્યવસ્થાનું નિર્માણ થયું છે. આવી પ્રવૃત્તિને લીધે સરકારને કર મળતો નથી. કરવેરા એ દરેક અર્થવ્યવસ્થાનો પાયો છે. કાળું નાણું રોકવા માટે આપણે ડિજિટલ માધ્યમનો વધારેમાં વધારે ઉપયોગ કરવો પડશે. આ માટે લોકોએ પોતાની જીવનશૈલી બદલવી પડશે.

હવે પછી કાળા પૈસા પેદા ન થાય તે માટે કેશ વ્યવહારને બદલે બેંક દ્વારા ડિજિટલ સિસ્ટમનો ઉપયોગ વધુ કરવો જરૂરી છે. કેશલેસ અર્થવ્યવસ્થા તરફ આગેકૂચ કરવા માટે દેશના નાગરિકોએ ચેક, ક્રેડિટ અથવા ડેબિટ કાર્ડ જેવા પ્લાસ્ટિક મની અને ડિજિટલ બેન્કિંગ જેવા પર્યાયી માધ્યમનો ઉપયોગ કરવો પડશે. જો કે, રાતોરાત બ્લેકમની સદંતર બંધ થનાર નથી, પરંતુ તેના પર અંકુશ લાવી શકાશે.


એગમાર્ક એપ્રુવ્ડ
ISO 22000
સારા સ્વાસ્થ્યનો ઉપહાર!
અસલી કાબુલી
ગજાનંદ સ્ટ્રોંગ હીંગ
NEW & IMPROVED
स्ट्रॉंग हींग
गजानंद
संयुक्त बांधाकी हींग
50 g
રસોઇમાં સ્વાદ અને સોડમનો જાદુ જગાડતી, અસલી કાબુલી ગજાનંદ સ્ટ્રોંગ હીંગ
આપના પરિવાર માટે એક આદર્શ આયુર્વેદિક ઔષધ પણ છે.
પેટની સમસ્યાઓનો સરળ ઉપાય
શ્વાસની તકલીફો / ઉધરસ મટાડે
બ્લડ સુગરને નિયંત્રિત કરે
હાઇ બ્લડ પ્રેશરને નિયંત્રિત કરે
શરીરના દુ:ખાવામાં રાહત
દાંતની સમસ્યાઓમાં અસરદાર
કેન્સરનું જોખમ ઘટાડે
ત્વાચાની સમસ્યાઓથી છૂટકારો અપાવે
Since - 1982
પેક ઉપલબ્ધ :
25, 50, 100, 200 ગ્રામ
કાબુલથી
આપના કિચન સુધી
ગજાનંદ®
સ્ટ્રોંગ હીંગ
Gajanand Foods Pvt. Ltd. : Plot No. 814, Kothari Cross Road, Santej-382721, Ta. Kalol,
Dist. Gandhinagar. Gujarat. India. | Phone : (02764) 286021/22/23 | Customer Care : 099255 91111
Email : info@gajanand.com | www.gajanand.com
આ સ્વાસ્થ્ય-લાભ મેળવવા માટે ગજાનંદ સ્ટ્રોંગ હીંગનો ઉપયોગ કેવી રીતે કરવો તેની માહિતી માટે જૂઓ: /gajanandfoods

ભારત સરકારે ૮૬ ટકા ચલણી નોટો રદ કરી છે જે ૧૪ લાખ કરોડ જેટલી છે. દેશનું ઉત્પાદન (GDP) ૧૧૩.૫ લાખ કરોડ છે અને ચલણી નોટોનું પ્રમાણ ૧૨ ટકા જેટલું છે, જે વધારે ગણી શકાય. તેને લીધે મોંઘવારી વધે છે. વિકસિત દેશોમાં ચાર ટકા જેટલું પ્રમાણ હોય છે. અમેરિકામાં ૭ ટકા છે. છેલ્લાં પાંચ વર્ષમાં ૫૦૦ રૂપિયાના ચલણમાં ૭૮ ટકા અને ૧૦૦૦ની નોટમાં ૧૦૯ ટકાનો વધારો થયો છે જે ચિંતાજનક છે.

બ્લેકમની પર અંકુશ મેળવવા માટે આ અંતિમ નિર્ણય હોઇ શકે નહીં. કારણ કે, કેશ સિવાય લોકો જમીન, ફ્લેટ, અચલ સંપત્તિ, સોનું, ચાંદી, હીરા અને શેર્સમાં કાળું નાણું રોકે છે. આ દૂષણને રોકવા માટે કેશલેસ અર્થવ્યવસ્થાનું નિર્માણ કરવું પડશે. રોજિંદા વ્યવહારમાં પ્લાસ્ટિક મની યાને ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડનો વધારેમાં વધારે ઉપયોગ થશે તો કાળાનાણા પર અંકુશ આવી શકશે. આર્થિક વ્યવહારમાં રોકડનો ઉપયોગ ઘટાડી શકાશે. રોકડ વ્યવહારને રોકવા માટે સરકાર સરચાર્જ નાખી શકશે, ટોલટેક્સ નાકા પર કર ભરવા માટે 'ઇ-ટોલ'નો ઉપયોગ કરી સીધા બેંક ખાતામાંથી પૈસા ટ્રાન્સફર થઇ શકશે. આ સિવાય ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ સ્વાઇપ કરી ટોલનો રોકડ વ્યવહાર બંધ થઇ શકશે. જે વેપારી ક્રેડિટ-ડેબિટ કાર્ડનો ઉપયોગ કરશે તેને કરમાં છૂટછાટ આપવાથી કેશલેસ વ્યવહાર કરવામાં તેને પ્રોત્સાહન મળી શકશે. ગ્રાહકોને પણ આ કાર્ડ દ્વારા ખરીદી કરવા આવકવેરામાં છૂટ આપવાથી તેનો ઉપયોગ વધારી શકાશે.

કેશલેસ વ્યવહારના ફાયદા અનેક છે, પરંતુ આપણને રોકડ વ્યવહારની આદત પડી ગઇ છે. સરકારે ઓચિંતા ૮૬ ટકા ચલણી નોટો રદ કરવાથી હવે લોકોને લાગવા માંડ્યું કે કેશલેસ ઇકોનોમી સલામત છે. આમ, કેશલેસ અર્થવ્યવસ્થા તરફ આગેકૂચ જારી રહેશે.

આપણા દેશમાં રોકડાનો વ્યવહાર ખૂબ થાય છે. દેશના ૩૩ ટકા લોકો અંગૂઠા છાપ છે. ૩૪ ટકા લોકોના બેંકમાં ખાતાં નથી. ઓનલાઇન પેમેન્ટ, ડિજિટલ વોલેટ, ઇ-કોમર્સ, મોબાઇલ પેમેન્ટ વગેરે વિશે તેમને કંઇ માહિતી નથી. રિટેલ ખરીદી ૯૭ ટકા રોકડેથી થાય છે. ભારતની અર્થવ્યવસ્થા ગ્રામીણ ભાગમાં કેન્દ્રિત છે અને ત્યાં રોકડનું સામ્રાજ્ય છે. દેશમાં માત્ર છ ટકા રિટેલ ખરીદી ડિજિટલ પેમેન્ટ દ્વારા થાય છે. ભારતમાં એક લાખની જનસંખ્યા પર ૨૦૦ ATM મશીન છે, જ્યારે વિકસિત દેશોમાં તેની સંખ્યા ઘણી વધારે છે.



ભારતમાં ૩૦ કરોડ લોકો ઇન્ટરનેટનો ઉપયોગ કરે છે. મોબાઇલ ધારકોની સંખ્યા ૯૭ કરોડ જેટલી છે. નોટબંધી પછી એપ-કોમર્સનો ઉપયોગ વધ્યો છે. મોબાઇલ વોલેટની સુવિધા આપતી કંપનીના વ્યવહારમાં ૭૦૦ ટકાનો વધારો થયો છે. પેટીએમ કંપનીનું ટર્નઓવર વધ્યું છે. મોબાઇલ વોલેટ એપ ડાઉનલોડની સંખ્યા ૩૦૦ ટકાના દરે વધી છે. મોબાઇલ પેમેન્ટ દ્વારા અત્યારે વર્ષમાં ત્રણ અબજ વ્યવહાર થાય છે. આ સંખ્યા આગલા છ વર્ષમાં ૯૦ ટકાના દરે વધીને ૧૫૭ અબજ સુધી પહોંચવાની છે. પાયાની સુવિધા અને સાક્ષરતા પર ધ્યાન આપીશું તો કેશલેસ સરળ રહેશે.



**વિશ્વમાં એકેય દેશ સંપૂર્ણ કેશલેસ નથી, તે માટે આગેકૂચ જારી છે. પાયાની સુવિધા પર ધ્યાન આપીશું તો કેશલેસ સરળ રહેશે...**

કેશલેસ ઇકોનોમીમાં રોકડા પૈસાનો વ્યવહાર થતો નથી. દા.ત. તમારે તમારા ઘરમાલિકને મહિને ૧૫,૦૦૦ રૂપિયાનું ઘરભાડું આપવાનું છે. તમે તેને ચેક અથવા ઓનલાઇન ટ્રાન્સફર કરી શકો છો. આવા પ્રકારને કેશલેસ કહેવામાં આવે છે. શાકભાજી ખરીદી, લોન્ડ્રી, દૂધ વગેરે અપવાદ કરીએ તો શહેરો અને કસબામાં સઘળી ખરીદી કેશલેસ થઇ શકે છે. બધા પ્રકારના કરો, વીજળી બિલ, હાઉસ ટેક્સ, વિદ્યાર્થીની ફી, મોલ ખરીદી, હોટેલનું બિલ આવા પ્રકારના વ્યવહાર માટે ચેક, ઓનલાઇન અથવા મોબાઇલ પેમેન્ટ વગેરે સુવિધા ઉપલબ્ધ છે. આવી રીતે કાળું નાણું પેદા થશે નહીં અને બનાવટી નોટોનો ઉપયોગ ઘટી જશે.

અત્યારે વિશ્વમાં એક પણ દેશ સંપૂર્ણ કેશલેસ નથી. પરંતુ તે માટે આગેકૂચ જારી છે. ડેન્માર્ક, નોર્વે અને સ્વિડનમાં ૮૯ ટકા કેશલેસ વ્યવહાર થાય છે. ડેન્માર્ક જગતનો પ્રથમ કેશલેસ ઇકોનોમી ધરાવતો દેશ છે. આ દેશોની જનસંખ્યા ૫૦ થી ૬૦ લાખ જેટલી છે, એટલે આ સરળ છે. આ ત્રણે દેશોમાં રોકડનું પ્રમાણ સંપૂર્ણ ખરીદીના છ ટકા જેટલું છે. જ્યારે અમેરિકા જેવા વિકસિત દેશમાં રોકડ વ્યવહાર ૪૭ ટકા જેટલો છે. સ્વિડને ૧૬૬૧માં વિશ્વમાં પ્રથમ બેંક નોટોનો ઉપયોગ શરૂ કરેલો. આ દેશોમાં સાર્વજનિક વાહનવ્યવહાર નાના મોટા ઉદ્યોગ, ધંધા, મ્યૂઝિયમ, ચર્ચ પણ ડિજિટલ પેમેન્ટ સ્વીકારે છે. આ દેશોમાં GDP ના ૩ ટકા જેટલી ચલણી નોટ ચલણમાં છે. જ્યારે અમેરિકામાં ૭ ટકા અને ભારતમાં ૧૨ ટકા જેટલું

છે. ફ્રાન્સમાં ૯૨ ટકા અને બેલ્જિયમમાં ૯૭ ટકા કારોબાર અને લેણદેણ ડિજિટલ પ્રણાલિકા આધારિત છે. ભારતમાં આ ટકાવારી માત્ર ૧૫ ટકા સુધી મર્યાદિત છે. આપણા દેશનો ૬૦ થી ૬૫ ટકા ભાગ ગ્રામીણ છે. કરોડો ગ્રામવાસીઓ વધારે ભણેલા નથી. આને લીધે નવી ટેક્નોલોજીનો ઉપયોગ મર્યાદિત રહ્યો છે.

જે રીતે આપણે ખિસ્સાના પૈસા ખરીદી માટે વાપરીએ છીએ તે પ્રમાણે મોબાઇલ વોલેટ એક આભાસી પાકિટ છે. તેમાં સેવા આપનાર કંપનીના ઇ-ખાતામાં આપણા અમુક પૈસા જમા કરાવીએ છીએ. ઓનલાઇન ખરીદી કરતાં મોલમાં, સિનેમા હોલમાં, વિવિધ બિલ ભરવા માટે આ ખાતામાંથી મોબાઇલ દ્વારા પૈસા ટ્રાન્સફર થઇ શકે છે. નીચે પ્રમાણે સેવાઓનો લાભ લઇ શકાશે.

**PAYTM :** સૌથી લોકપ્રિય મોબાઇલ વોલેટ એટલે પેટીએમ. આરંભમાં મોબાઇલ રિચાર્જ, ડીટીએસ વગેરે બિલો માટે શરૂ કરેલી આ સેવાએ હવે ખૂબ પ્રગતિ કરી છે. વિવિધ બિલો ઉપરાંત ઓનલાઇન ખરીદી માટે તેનો ઉપયોગ થઇ શકે છે. તેની ગ્રાહક સંખ્યા ૧૨ કરોડ જેટલી છે.

**મોબિક્વિક :** તેની સંખ્યા ત્રણ કરોડ જેટલી છે. મોબિક્વિક મોબાઇલ વોલેટ લોકપ્રિય છે. તેની સાથે ૫૦ હજાર રિટેલર્સ જોડાયેલા છે. નેટ બેન્કિંગ, ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડમાંથી મોબિક્વિક ખાતામાં પૈસા જમા થઇ શકે છે. મોબાઇલ બિલથી માંડી લાઇટ બિલ વગેરે ભરવાની સુવિધા આ સિસ્ટમમાં છે.

**ફ્રી ચાર્જ :** બે કરોડથી વધારે ગ્રાહક ધરાવતા ફ્રી ચાર્જ દ્વારા વિવિધ બિલો ભરી શકાય છે. મેટ્રો સ્માર્ટ કાર્ડ પેમેન્ટ પણ ભરી શકાય છે. આ સેવા ડીટીએસ અને મોબાઇલ રિચાર્જ માટે ડિસ્કાઉન્ટ આપવા પ્રસિદ્ધ છે.

**ઓક્સિજન વોલેટ :** ૧૨ વર્ષ પહેલાં શરૂ થયેલી આ સેવામાં ચાર કરોડ વ્યવહાર થાય છે. કોઇને પણ કોઇપણ સ્થળે પૈસા તરત જ ટ્રાન્સફર થઇ શકે છે. બેંક ખાતામાંથી વોલેટમાં ઓનલાઇન મની ટ્રાન્સફર થઇ શકે છે.

**સાઇટ્રેસ પે :** આ સેવા દ્વારા પાંચ હજાર ઓનલાઇન સ્ટોર્સમાં ગ્રાહક ખરીદી કરી શકે છે. બિલ પણ ભરી શકે છે. સાઇટ્રેસ પે લોકપ્રિય શોપિંગ અને ગિફ્ટિંગ પોર્ટલ સાથે જોડાયેલ છે.

આમ કેશલેસ વ્યવહારને લીધે બ્લેકમની પેદા થતું નથી. મોટાભાગનો આર્થિક વ્યવહાર બેંક દ્વારા થાય છે. નોટોની છપાઇ, વિતરણ વગેરેમાં ખૂબ ખર્ચ થાય છે. અત્યારે જે ૧૪ લાખ કરોડ ચલણી નોટો રદ્દ કરી છે તેની છપાઇનો ખર્ચ ૧૫,૦૦૦ કરોડ થનાર છે, તે ટાળી શકાય છે. કેશલેસ અર્થવ્યવસ્થામાં સઘળા આર્થિક વ્યવહારની નોંધ રહે છે, જે ગમે ત્યારે ચેક થઇ શકે છે. આમ આર્થિક શિસ્ત માટે ડિજિટલ પેમેન્ટ ફાયદાકારક છે.

ઇન્ટરનેટનો ઉપયોગ વધતો જાય છે અને એ સાથે લોકો પણ ડિજિટલ માધ્યમ તરફ વધ્યા



છે. અને આ સાથે સાઇબર ક્રાઇમ પણ વધતા જાય છે. ૨૦૧૧થી ૨૦૧૫ સુધીમાં ૩૨,૦૦૦ સાઇબર ક્રાઇમની ફરિયાદ મળી છે. કોઇ તમને મેલ કરે છે, તમને લોટરી લાગી છે, અમુક ખાતામાં અમુક રકમ ભરો અને તમને લોટરીના પૈસા મળી જશે. લોકો તરત જ ભરે છે અને છેતરાય છે. આ રીતે તમને ફોન આવે છે - અમે અમુક બેંકમાંથી બોલીએ છીએ. તમારા કાર્ડનો પિન નંબર કન્ફર્મ કરો એમ કહેવામાં આવે છે. લોકો ભરમાઇને પિન નંબર આપે છે અને ફસાય છે. આ રીતે કમ્પ્યૂટર અને ડેટાને પણ હેક કરાય છે. તમારો પિન નંબર કોઇને આપો નહીં. પાસવર્ડ પણ ત્રણ ચાર મહિનામાં બદલી નાખશો. આમ તમે સતત સાવચેત રહેશો તો સાઇબર ક્રાઇમથી બચી શકશો.

પાકિસ્તાન તરફથી જે બનાવટી નોટો આવે છે તેને રદ્દ કરવા માટે નોટબંધી લાવવામાં આવી છે. પરંતુ તે ફરીવાર ડુપ્લિકેટ નહીં કરે તેની ખાતરી કોઇ આપી શકે. કારણકે, બ્રિટનની જે કંપની આપણને ચલણી નોટો છાપવા પેપર્સ મોકલે છે તે પાકિસ્તાનને પણ સપ્લાય કરે છે. આથી પાકિસ્તાન સરળતાથી ડુપ્લિકેટ નોટ છાપી શકશે.

કેટલાક દેશો જેમ કે, રશિયા, ઉત્તર કોરિયા, ઝૈરે, ઘાના, નાઇઝિરિયા, મ્યાનમાર, લિબિયા વગેરે દેશોએ નોટબંધી કરેલી. તેમને ફાયદો થયો નથી. રશિયામાં તો તેના રાષ્ટ્રપતિ મિખાઇલ ગોર્બાચેવને જવું પડેલું અને રદ્દ કરેલી નોટો ફરીવાર ચલણ માટે લાવવી પડેલી.

સન-૧૯૬૯માં અમેરિકામાં ડ્રગમાફિયાના કાળાનાણાનો ત્રાસ વધી ગયો હતો ત્યારે ત્યાં પણ ૧૦૦ ડોલરથી ઉપરના મૂલ્યની નોટો રાતોરાત રદ્દ કરીને મોટા વ્યવહાર બેન્કિંગ વ્યવહારમાં આણીને એ સમસ્યાથી છૂટકારો મેળવ્યો હતો. આપણે પણ નાણાંના ડિજિટલાઇઝેશન થકી જ બ્લેકમની, ત્રાસવાદ, ભ્રષ્ટાચાર અને ગુંડાગર્દીનો સામનો કરી શકીશું.

આપણું ગ્રામીણ અર્થતંત્ર અને મુખ્યત્વે ગ્રામીણ જીવન રોકડ વ્યવહારથી ચાલે છે. દેશભરના ગ્રામીણ અર્થકારણમાં રોકડ વ્યવહાર વધારે પ્રમાણમાં થાય છે. દેશના વિકાસદરમાં આ ક્ષેત્રનું ૪૨ ટકા જેટલું યોગદાન છે.

એટલે કેશલેસ વ્યવસ્થા અત્યારે શહેરો પૂરતી મર્યાદિત છે, તેને ગામડાઓ સુધી પહોંચાડવા માટે સતત શિક્ષણ આપવું જરૂરી છે. ફી




સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
દિવ્ય અને ભવ્ય ગુજરાતની
વિકાસજ્યોતના પ્રકાશને પોંખીએ...
શ્રી નરેન્દ્રભાઈ મોદી, માનનીય વડાપ્રધાન
શ્રી વિજયભાઈ રૂપાણી, મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય





# લોકહિતના અનેક પરિણામલક્ષી સંવેદનશીલ નિર્ણયો
# જનજનને વિકાસના વિશ્વાસની પ્રતીતિ

- સૌની યોજના અંતર્ગત સૌરાષ્ટ્રના ૧૧૫ જળાશયો નર્મદાના નીરથી ભરાશે. દસ જળાશયોમાં નર્મદાના નીરના વધામણા, પરિણામે સૌરાષ્ટ્રમાં સમૃદ્ધિના દ્વાર ખુલ્યા
- રૂા.૪૮૦૦ કરોડના ખર્ચે આદિજાતિ વિસ્તારોમાં પીવાના પાણી અને સિંચાઇની કાયમી સગવડ આપવાનું આયોજન
- ધરતીપુત્રોની ચિંતા કરીને ખેતરના ઊભા પાકને મુરઝાતો બચાવવાની પરિસ્થિતિમાં ખેતરોમાં અપાતા વીજપ્રવાહને આઠ કલાકથી વધારીને દસ કલાક કરવાનો રાજ્ય સરકારનો ખેડૂતલક્ષી નિર્ણય
- આઠ એકરથી વધુ જમીન ધરાવતા ખેડૂતોને એ જ સર્વે નંબરમાં બીજું ખેત વીજજોડાણ આપવાનો નિર્ણય
- રાજ્ય સરકાર હસ્તકના ૧૨ ટોલનાકા ઉપરથી નાના વાહનોને ટોલટેક્સમાંથી મુક્તિ
- ઉજાલા યોજના: સસ્તા ભાવે ૨.૫૦ કરોડથી વધુ LED બલ્બ વિતરણ કરી, ગુજરાત દેશમાં પ્રથમ
- ડિજીટલ કનેક્ટિવિટીના માધ્યમ દ્વારા તાલુકા કક્ષાએ મળતી નાગરિક સેવાઓ છ હજાર ગામોમાં ઉપલબ્ધ
- બિનખેતી સંદર્ભે ટીપી સ્કીમમાં રહેલા તમામ પ્લોટને ટાઉન પ્લાનર દ્વારા જ એક સાથે NA કરાવી શકે એવો રાજ્ય સરકારનો અસરકારક નિર્ણય
- શહેરી વિસ્તારોમાં ૧૨૫૦ ચો. ફૂટ. સુધીના મકાન બાંધકામ માટે પૂર્વમંજૂરી લેવામાંથી મુક્તિ અપાઇ
- સિકલસેલ એનિમીયાના દર્દીઓને પ્રતિ માસ રૂા.૫૦૦ની સહાય
- ગરીબ પરિવારના સ્વજનના મૃતદેહને હોસ્પીટલથી તેમના વતન સુધી સરકારી ખર્ચે વિનામૂલ્યે સન્માનપૂર્વક પહોંચાડવા રાજ્ય સરકારનો માનવતાલક્ષી નિર્ણય
- રાજ્ય સરકારના કર્મચારીઓની ભરતી પ્રક્રિયાની પ્રતિક્ષાયાદીનું કદ બમણું કરીને ૧૦ ટકાને બદલે ૨૦ ટકા કરવાનો ક્રાન્તિકારી નિર્ણય
- રાજ્ય સરકારના પાંચ લાખથી વધુ કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ
- રાજ્યના તમામ પેન્શનરોને પેન્શનમાં સાતમા પગાર પંચનો લાભ આપવાનો રાજ્ય સરકારનો નિર્ણય: લઘુત્તમ પેન્શન રૂા.૩૫૦૦/- થી વધારીથી રૂા.૯૦૦૦/- કરાયું: ગ્રેજ્યુઇટીની મહત્તમ મર્યાદા રૂા.૧૦ લાખથી વધારી રૂા.૨૦ લાખ કરાઇ
- સિરામિક ઉદ્યોગોના વિકાસ માટે તેમને અપાતા પાઇપલાઇન ગેસના ભાવમાં પ્રતિ યુનિટે રૂા.૨.૦૭નો ઘટાડો કરવાનો રાજ્ય સરકારનો પર્યાવરણલક્ષી સંવેદનશીલ નિર્ણય
- સંવેદનશીલ સરકારની ભેટ:રાજ્યની વિધવા લાભાર્થી બહેનોને વિધવા પેન્શન રૂા.૧ હજાર પ્રતિ માસ આપવાની જાહેરાત: ૧,૫૨,૦૦૦ વિધવા બહેનોને લાભ
- વિકસતી જાતિના કલ્યાણ માટેના નિગમોમાં વનટાઇમ સેટલમેન્ટ યોજના : રૂા.૧૭૦ કરોડની રાહત: ફક્ત મુદ્દલની વસુલાત લેવાનો નિર્ણય : ૨૫ હજાર જેટલા પરિવારોને થશે લાભ
- પ્રજાભિમુખતા અને પારદર્શિતા : વ્યક્તિલક્ષી યોજનાકીય લાભો માટે 'સેવાસેતુ' અને સામુહિક રજૂઆતોના નિરાકરણ માટે 'પ્રગતિસેતુ'નો નવતર અભિગમ

**સૌનો સાથ, સૌનો વિકાસ...**

Visit *http://www.gujaratinformation.net* *www.facebook.com/gujaratinformation.official* *www.twitter.com/infogujarat*



લોચો-ખમણ કેક



રતાળુપૂરી અને ભજિયાં

■ જિજ્ઞાશા સોલંકી

# સ્વાદરસિયા સુરતીલાલા

## આ સુરતીઓને તો બસ ખાવાનું બહાનું જ જોઈએ


**ખાજાપુરાણ વાંચીને સ્વાભાવિક તમને (સુરતીઓ સિવાય) એ જાણવાની જિજ્ઞાસા થશે કે આ ખાજા કેવાં આવે? એનો સ્વાદ કેવો હોય? એનો રંગ કેવો હોય? એનું રૂપ કેવું હોય? વગેરે વગેરે...વેલ! તો જાણીએ આ ટેસ્ટી ખાજાનો રસપ્રદ ઈતિહાસ...સાથે બીજી પણ સુરતી વાનગીઓની ચટાકેદાર વાત...**

વાતાવરણ એકદમ ખુશનૂમા, આહલાદક હોય, ચોતરફ મજાની ઠંડક પ્રસરી ગઇ હોય અને એમાં આદુવાળી કડક ચા મળે તો આહા!.. અને જો સાથે ગરમાગરમ સુરતી વાનગીઓ હોય તો તો બસ અહીં જ સ્વર્ગ છે તેમ લાગે, પરમાનંદ છવાઇ જાય. આવો આનંદ જો તમારે પણ માણવો હોય તો એકવાર સુરત ચોક્કસ જવું પડે. હાલ તો આવો, અહીં જ આ વાનગીઓનો સ્વાદ માણીએ...

વરસાદી વાતાવરણ હોય તો સુરતીઓ બહાર પલળવા નીકળી જ પડે, એ એમની ખાસિયત છે. એમાં ડુમ્મસ ગયા વગર અને ત્યાંના ભજિયાં ખાધા વગર ચાલે જ નહીં. ટેસ્ટી ભજિયાં ખાધા બાદ પણ ઘરે આવીને મસ્ત તીખા ખાજા તો ખાવા જ પડે બોસ, નહિ તો વરસાદની મજા અધૂરી અને એમાં પણ લોચો અને ખમણ તો કેમ ભૂલાય. કેટલી કેલરી પેટમાં પધરાવી એની ગણતરી કરવાની નહિ, બિન્દાસ્ત ખાઇ લેવાનું. હા, બીજે દિવસે જિમમાં કલાક વધારે વર્ક આઉટ કરી લેવાનું અથવા બે કિમી વધુ ચાલી નાખવાનું. આ છે સુરતીઓનો અસ્સલ મિજાજ. આ વાનગીઓના ઘેલા કેમ છે સુરતીલાલા, આવો થોડું વિગતે જાણીએ...

સુરતની ખાસ વાનગી કહીએ તો એ છે મસ્ત મજાના ખાજાં. વરસાદના ઠંડા માહોલમાં એક ખાજુ ખાવાથી શરીરમાં ગરમાટો આવી જાય. કેલેરીથી ભરપૂર ખાજા તમે એકથી વધુ ખાઇ ના શકો. જો કે, આટલા હેવી ખાજા ખાવાથી તબિયત ન બગડે એના ઉપાયો પણ સુરતીઓએ શોધી રાખ્યા છે. તળેલાં ખાજાને લીંબુનો રસ નિચોવીને કે કેરીના રસ સાથે ખાવામાં આવે તો સરળતાથી પચી જાય છે. એસિડિટી થતી નથી. આ ખાજાપુરાણ વાંચીને સ્વાભાવિક તમને (સુરતીઓ સિવાય) એ જાણવાની જિજ્ઞાસા થશે કે આ ખાજા કેવાં આવે? એનો સ્વાદ કેવો હોય? એના રૂપ-રંગ કેવા હોય? વગેરે વગેરે... આમ જુઓ તો વળી ખાજાનો કોઇ ઇતિહાસ નથી. એ ક્યારે, કેવી રીતે બનતા થયા એની કોઇ ચોકકસ માહિતી નથી. સુરતનો ભાગળ વિસ્તાર સૌથી જૂનો કોટ તળ વિસ્તાર કહેવાય. અહીં લગભગ ૪૫ વર્ષથી ખાજા બનતા આવ્યા છે. મેદો અને કાળા મરી મિશ્રિત લોટ બાંધવામાં આવે છે. આ લોટની જાડી પુરી બનાવીને એમાં કાણાં પાડી ધીમી આંચ પર તળવામાં આવે છે. આ સ્વાદિષ્ટ ખાજા લગભગ મહિના સુધી તાજા રહે.

શહેરની સૌથી જૂની પેઢીના વિક્રેતા હિમાંશુ સુખડિયા સાથે વાત કરતાં એમણે કહ્યું કે, મોતીરામ બ્રિજલાલ મીઠાઇવાળાએ આ પેઢીની શરૂઆત કરી હતી. અમે એમની ચોથી પેઢી. અમે પણ એ જ વ્યવસાય સાથે સંકળાયેલા છીએ. શહેરની અન્ય ફરસાણની દુકાનોમાં પણ



હિમાંશુ સુખડિયા


સુરતી લોચો


સરસિયાં ખાજાં

અમારાં ખાજા સપ્લાય થાય છે. વરસોથી ખાજામાં મરી-મસાલા અને મેંદાનું એકસરખું પ્રમાણ જાળવી રાખ્યું છે. આથી એનો સ્વાદ આજે પણ એ જ છે જે વરસો પહેલાં હતો. પેઢી દર પેઢી બદલાતી રહી, પરંતુ સ્વાદ આજે પણ અકબંધ મળશે. શરૂઆતમાં ફક્ત મરીના જ ખાજા બનાવતાં જેને સરસિયા તેલમાં તળવામાં આવતાં. આથી નામ અપાયું 'સરસિયા ખાજા'. આ તેલમાં તળવાથી ખાજા એકાદ બે દિવસમાં જ વાસી થઇ જતા અને ખાવાલાયક રહેતા નહિ. જ્યારે સિંગતેલમાં તળવાથી એ લાંબા દિવસો સુધી તાજા રહી શકે છે. વળી, સુરતીઓને પણ આનો સ્વાદ વધુ માફક આવી ગયો છે. ત્યારથી નામ તો સરસિયા ખાજા જ છે, પણ તે બને છે સિંગતેલમાં.

ઉનાળામાં કેરીની સિઝન શરૂ થાય એટલે સરસિયા ખાજા બનાવવાના શરૂ થઇ જાય. ગણપતિ ઉત્સવ આવે ત્યાં સુધી છેક ચાર મહિના સુધી ખાજા બનાવાય છે અને ખવાય છે. વરસાદ પડે ત્યારે સ્વાદ રસિયા સુરતીઓ તો છત્રી લઇને કલાકો સુધી લાઇનમાં ઊભા રહીને પણ ખાજા ખરીદે. કેટલાંક તો વળી અગાઉથી ઓર્ડર કરીને લઇ જાય છે. સ્વાદિષ્ટ ખાજા ફક્ત સુરતમાં જ નહિ પરંતુ સમગ્ર ગુજરાત અને વિદેશોમાં પણ પ્રખ્યાત છે. ખાસ કરીને યુ.કે. અને અમેરિકામાં એક્સપોર્ટ થાય છે. NRI સ્પેશિયલ ઓર્ડર આપી ખાજા બનાવડાવે છે. જે ખાસ પ્રકારના એરટાઇટ કન્ટેનરમાં પાર્સલ કરવામાં આવે છે.

સુરતીઓના ખાવાના શોખને પોષવા માટે આવી દરેક પેઢીઓ સતત પ્રયત્નશીલ રહે છે. જેમ જનરેશન બદલાય એમ તેમના સ્વાદ અને પસંદગી પણ બદલાય છે. મરીના ખાજા ઉપરાંત હવે તેઓ સાદા ખાજા, મીઠાં ખાજા અને મેંગો ખાજા પણ બનાવે છે, જે આજના યંગસ્ટર્સના ફેવરિટ છે. મીઠા ખાજા અને મેંગો ખાજાને ઘીમાં બનાવવામાં આવે છે.

શહેરમાં એક રિવાજ પ્રમાણે માતા-પિતા પોતાની દીકરી-જમાઇને ખાસ કેરીની સીઝનમાં જમવા માટે આમંત્રણ આપે છે. જેમાં રસપુરી, પાતરાં, ઇદડાં અને સરસિયાં ખાજા તો ખરા જ. તો લગ્નપ્રસંગમાં પણ રસ અને ખાજા તો જોઇએ જ. એના વિના તો જમણવાર પણ અધૂરો. સુરતીલાલા સવારની ચા સાથે ખાજા ખાવાની શરૂઆત કરે તે રાત્રે બાઇટિંગ સુધી નાના મોટા સૌની પસંદ રહે છે આ ખાજા. ટાબરિયાં તો સ્કૂલના લંચબોક્સમાં પણ ખાજાની ડિમાન્ડ કરે. હવે તો જૂની પેઢીઓએ વેબસાઇટ ફૂડ પોર્ટલની મદદથી ઓનલાઇન માર્કેટિંગ શરૂ કરી દીધું છે. ગ્રાહકો વેબસાઇટ પર જઇને પણ ખાજાનો ઓનલાઇન ઓર્ડર આપી શકે છે. વાચકમિત્રો, સુરત જાવ ત્યારે આ સુરતી સરસિયાં ખાજાનો સ્વાદ જરૂર માણજો.

હેલ્થકોન્શિયસ સુરતીઓ દર રવિવારે વહેલી સવારે ચાર વાગ્યાથી સાઇકલિંગ, જોગિંગ જેવી પ્રવૃત્તિઓ કરે છે. કલાકો સુધી શારીરિક શ્રમ કર્યા બાદ તેઓ માનસિક આનંદ ઝંખે છે અને એ આનંદ મેળવે તળેલાં ભજિયાં આરોગીને. અહીં પ્રશ્ન ચોક્કસ થાય કે શા માટે આટલી મહેનત કર્યા બાદ તેઓ આટલા હેવી ભજિયાં ખાય છે? વેલ! એનો જવાબ આપતાં નીલેશભાઇ પંચોલી કહે છે કે, ડુમ્મસના ટેસ્ટી ભજિયાં ખાવા માટે જ હું આટલું ચાલીને અહીં સુધી આવું છું. પેટ ભરીને ભજિયાં ખાઇને પછી સ્વિમિંગમાં જાઉં છું. પછી સાંજ સુધી બીજું કંઇ ખાતો નથી. જેથી આવતા રવિવારે હું ફરીથી બિન્દાસ્ત ભજિયાં ખાઇ શકું.

ખાજાં હોય કે ભજિયાં હોય એક ને એક તેલમાં કોઇપણ વસ્તુ તળવામાં આવે તો આવી

**વરસાદી મોસમમાં ભજિયાં બનાવવા અમારે સવારે ૬થી ૧૦ ખડે પગે કામ કરવું પડે છે...**



વાનગીઓ આરોગ્ય માટે અત્યંત નુકસાનકારક છે. આ વાતની ખબર લગભગ પોણા ભાગના સુરતીઓને હોય છે. છતાં કેટલાય હેલ્થ કોન્શિયસ લોકો પણ સ્વાદિષ્ટ ખાણીપીણીની વાતમાં પોતાના મનને કાબૂમાં રાખી શકતા નથી.

ખાવાની આવી ટેવને 'માઇન્ડલેસ ઇટિંગ' તરીકે ઓળખવામાં આવે છે.

મોજીલા સુરતીઓનું ફરવાનું પ્રિય સ્થળ ડુમ્મસ અને પ્રિય વાનગી ત્યાંના ભજિયાં. રવિવારની સાંજે ડુમ્મસના દરિયાકિનારે લગભગ અડધું સુરત ભેગું થઇ જાય. કોઇ પણ વાનગીમાં વેરાઇટી લાવવામાં સુરતીઓનો જવાબ નહિ. બટાકા, કાંદા અને મરચાંના ભજિયાં તો ખરા જ, પરંતુ ટામેટાના સ્પેશિયલ ચટણીવાળા ભજિયાંની તો વાત જ જુદી. ટામેટાની સ્લાઇસ કરીને એની ઉપર લીલી ચટણી લગાવી બેસનના ખીરામાં તળવામાં આવે છે. આ ચટણી કેવી રીતે બનાવવામાં આવે છે એ રહસ્યની વાત છે જે કોઇ જાણી શક્યું નથી. સુરતીઓ ડુમ્મસ આવે અને ટામેટાના ભજિયાં ન ખાય એ બને જ નહીં. એની સાથે રતાળુની પુરી, ગોટા અને બટાટાવડાંનો સ્વાદ પણ મજેદાર. તો સાથે ભરેલાં મરચાંનો સ્વાદ અનોખો. મરચાંને ફાડીને એમાં બેસન અને અન્ય મસાલાને ભરી ખીરામાં તળવામાં આવે છે.

'ખાવાના શોખીન સુરતીઓ માટે વિવિધ રેસિપીના પ્રયોગો દ્વારા ભજિયાંમાં પણ વિવિધતા લાવવી પડે' એવું કહેવું છે નૈનીતા લશ્કરીનું. વરસોથી ભજિયાં બનાવવાના વ્યવસાયમાં જોડાયેલા લશ્કરી કુટુંબના દરેક સભ્ય આ કામ સાથે સંકળાયેલા છે. ગ્રાહકોને કોઇ નવી વાનગી આપવાના હેતુથી આ વરસે નૈનીતાએ પાકી કેરીના ભજિયાં બનાવ્યાં. સુરતીઓએ એને પણ વખાણીને ખાધાં. નૈનીતા કહે છે કે, 'કેરીના ભજિયાંનો ખાટોમીઠો સ્વાદ બાળકોને પણ ખૂબ ભાવ્યો છે. એટલે હવે તો દર વર્ષે સીઝનમાં કેરીના ભજિયાં બનાવવા જ પડશે.'



નૈનીતા લશ્કરી

ભજિયાં સાથે કોબીજનું સલાડ અને મરચાં તો ખરા જ અને બેસનની ચટણી વગર તો આ સુરતીલાલાને ચાલે જ નહિ. ૨૨ વર્ષથી આ વ્યવસાય સાથે જોડાયેલા જગદીશભાઇ અને એમનાં પત્ની રમાબેને કહ્યું કે, 'શનિવાર અને રવિવારે ખાસ્સી ભીડ વર્તાય છે. સવારે સાત વાગ્યાથી લઇને રાત્રે નવ વાગ્યા સુધી ખડેપગે અમારે કામ કરવું પડે છે. એમાં પણ વળી ચોમાસામાં વરસાદ હોય તો તો રોજ કરતાં વધુ ભીડ થઇ જાય. કેટલીયવાર તો અમને જમવાનો પણ સમય નથી મળતો.'



ડુમ્મસના ભજિયાં માણતો પરિવાર

રવિવારે રજાના દિવસે સુરતીઓ સપરિવાર ડુમ્મસ આવવાનું પસંદ કરે છે. નવીનભાઇ દેસાઇ કહે છે કે, 'પંદર દિવસ થાય એટલે બાળકોને ડુમ્મસ અને અહીંના ભજિયાં યાદ આવી જાય છે.' તો કિરીટભાઇ રેશમવાલા કહે છે કે, 'અમારું તો બાવીસ મેમ્બર્સનું ગ્રૂપ છે. અમે એકબીજાને મળી શકીએ એ આશયથી દર રવિવારે અહીં ભેગા થઇએ છીએ.' હા, આવું તળેલું કે હેવી ના ખાવું હોય, પણ કંઇ ચટપટું કે કૈંક તીખું તમતમતું મળી જાય તો મજા પડી જાય એવું પણ ઇચ્છનારા લોકો હોય છે. ત્યારે એના માટે છે રતાળું કંદ. રતાળુંને બાફીને એમાં લીલી ચટણી અને ચાટમસાલો મિક્સ કરીને સર્વ કરવામાં આવે છે.

દર નવરાત્રિએ માતાજીના થાળને શણગારીને ભોગ ધરાવવાની પરંપરાથી એક નવા આઇડીયાનો જન્મ થયો...ખમણની કેક રૂપે. બર્થ-ડે હોય કે એનિવર્સરી હોય, કંઇક જુદી રીતે સેલિબ્રેશન કરવું હોય તો આ સુરતીઓ કાપે છે ખમણ-લોચો કેક. હા, જો તમને ડાયાબિટીસ કે બ્લડ પ્રેશર હોય તો આ કેક તમે ટેન્શન વગર ખાઇ શકો છો. ૯૨ વર્ષથી વંદન ઠક્કરનો પરિવાર ખમણના ધંધા સાથે જોડાયેલો છે. સુરતમાં એમનું ખાસ્સું નામ છે તેઓ આગળ કહે છે, 'અમે ૯૨ વર્ષથી ખમણ બનાવવા એક જ જાતની દાળનો ઉપયોગ કરીએ છીએ. એના કારણે એના ટેસ્ટમાં ક્યારેય ફરક પડ્યો નથી. ખમણની કેક બનાવી ડિસ્પ્લેમાં મૂકી તો સુરતીઓએ અમારા નવા પ્રયોગને વખાણ્યો અને એક પછી એક કેકનો ઓર્ડર મળતો ગયો. પછી તો સોશિયલ મીડિયાને લીધે ટૂંક સમયમાં ખમણ-લોચાની કેક ઘર-ઘરમાં જાણીતી થઇ ગઇ.' એમણે એમાં પણ જુદા જુદા ફ્લેવરની કેક બનાવી. જેમ કે, સીઝવાન કેક, મેયોનીઝ કેક, ઇદડાંની કેક, ચાઇનીઝ ઇદડાં પણ એમના પ્રયોગ થકી જન્મેલી નવી આઇટમ છે. સુરતમાં એમની ચાર શાખા અલગ-અલગ વિસ્તારમાં છે.



વંદન ઠક્કર

અંતે વાત કરીએ, 'સુરતી લોચા'ની. લગભગ ૪૫ વર્ષ પહેલાં ખમણની એક પ્રખ્યાત દુકાનમાં ખમણના ખીરામાં ભૂલથી વધુ પાણી ઉમેરાતાં ખમણ ઢીલા થઇ ગયાં. હંમેશાં ગ્રાહકોથી ધમધમતી દુકાનમાં એવા જ ઢીલા ખમણ પીરસવાની ફરજ પડી. એક ગ્રાહકે એવા ઢીલા ખમણ જોઇને કહ્યું, આ તો 'લોચો' થઇ ગયો લાગે છે. જો કે, એનો સ્વાદ એમને ખૂબ જ પસંદ પડ્યો. વેલ! તો ત્યારથી સુરતીઓને મળી આ અનોખી વાનગી જેનું નામ પડ્યું 'લોચો.'

**સુરતીઓ નવી નવી વાનગીઓ માણતા રહે છે. આમાં ખમણ કેક એટલે પ્રોટિનથી ભરપૂર એક કમ્પ્લિટ મીલ.**
**-ડિમ્પલ ગોટીવાલા**



નાના મોટા સૌને ભાવતા લોચાની મજાની એક વાત એ છે કે શહેરના જુદા જુદા જોગર્સ પાર્કમાં રોજ સવારે હજારો સુરતીઓ મોર્નિંગ વોક અને એક્સરસાઇઝ માટે આવે છે. આ જોગર્સ પાર્કની બહાર જ મિનિ ફૂડ ટ્રક ૭ થી ૯.૩૦ વાગ્યા સુધી ઊભી હોય. એમાં સુરતીઓની ભાવતી બધી જ વાનગીઓ હોય. પરંતુ એમાં પણ સૌથી વધુ ડિમાન્ડ રહે લોચાની. જુદા જુદા નવ જાતના લોચાનું વેચાણ કલાકમાં જ ૨૦ થી ૨૫ કિલો જેટલું થઇ જાય છે. સેવ, બારીક કાંદા અને સ્પેશિયલ ચટણી વિના લોચો ખાવાની મજા ન આવે. બાફેલી થાળીમાંથી સીધી સર્વિંગ પ્લેટમાં લો તો જ એનો ટેસ્ટ માણી શકો. જો જરાય ઠંડો થઇ જાય તો ખાવાની મજા ન આવે. ચાલી ચાલીને કેલેરી બર્ન કરે અને પછી લોચો ખાઇને સુરતીઓ ઠેરના ઠેર. કેટલાક લોકો તો મન મનાવવા માટે પહેલાં પેટ ભરીને લોચો ખાઇ લે અને પછી જોગર્સપાર્કમાં ચાલે કે દોડે.

સુરતીઓ માટે સ્વાદ સર્વોપરી છે. કોઇપણ વાનગીને કેવી રીતે વધુમાં વધુ સ્વાદિષ્ટ બનાવી શકાય એ તેમની પાસે શીખી શકાય. નીતનવા પ્રયોગો થકી અવનવી આઇટમ્સ બનાવવી સુરતીઓની આગવી ઓળખ છે. સ્વાદરસિયા સુરતીઓના ભાવતા ભોજન દેશમાં જ નહિ પરંતુ વિદેશોમાં પણ એટલે જ તો પ્રખ્યાત છે.




# અણીના સમયે ઉપયોગમાં આવે તેવું ઈમરજન્સી ફંડ

કીડીઓ ભેગું કરે કતારમાં અને સિંહ શિકાર કરે લટારમાં... અર્થાત્ કીડીઓ ભેગી મળીને પોતાનો ખોરાક શોધવામાં જિંદગીનો મહત્તમ હિસ્સો વેડફી નાખે છે, પરંતુ સિંહ એક લટાર મારે ને શિકાર સાફ.

૧૦૦માંથી ૯૦ ટકાની માનસિકતા કતારમાં ઊભાં રહીને ગપાષ્ટકમ અને દેશ-દુનિયાની ફિકર કરતાં કરતાં સમય વેડફવાની હોય છે. પરંતુ ૧૦ ટકા વર્ગ એવો પણ જોવા મળશે કે ડિમોનેટાઇઝેશન અર્થાત્ નાણાંની નાકાબંધી વચ્ચે પણ પોતાની તમામ જરૂરિયાતો આંગળીના ટેરવે સંતોષી શક્યો હશે. ટેક્નોલોજી આવિષ્કાર અને સાધ્ય માટે સાધનના ઉપયોગની સમજ ધરાવતા હોવાથી તેમને ક્યારેય ઊતાવળ નથી હોતી. ટૂંકમાં સમયની સાથે ચલો...

ઇન્ટરનેટ યુગમાં ઘેરબેઠાં તમામ પ્રોસેસ શક્ય હોવા છતાં કતારીયા રોકાણકારો કોર્પોરેશનમાં બાળકના જન્મની નોંધણીથી માંડીને પિક્ચરની ટિકિટ હોય, પેન્શન હોય કે સ્મશાનની લાઇનમાં પણ શોર્ટકટ શોધતા જોવા મળશે. પરંતુ ફાઇનાન્શિયલ પ્લાનિંગની બાબતમાં ખાસ કરીને ડિમોનેટાઇઝેશન જેવી પરિસ્થિતિઓનું આ દેશમાં વારંવાર પુનરાવર્તન થતું હોવા છતાં તેઓ હેરાન થાય છે. જેમ કે, એવી ગેરમાન્યતા પ્રવર્તતી હોય છે કે જ્યારે જોઇએ ત્યારે પૈસો મળી જ રહે છે ને..! બીજું ઓનલાઇનનો કોઇ ભરોસો નહીં. ૮ નવેમ્બર પછી કેટલા લોકો નાણાં મેળવવાની લાઇનમાં નહિ ઊભા રહેવાનો આનંદ માણી શક્યા હશે. પરંતુ ટોળાની માનસિકતા હોય છે કે જેમ ચાલે છે તેમ જ ચાલવા દેવાનું.

**ઇમરજન્સી ફંડ રક્ષતિ રક્ષિતઃ**

અર્થાત્ ઇમરજન્સી ફંડ રચીને જો તેનું રક્ષણ કરશો તો તે તમારી આકસ્મિક મૂડી જરૂરિયાતોના અણીના સમયે ઉપયોગમાં આવી શકશે. ખેર, જાગ્યા ત્યાંથી સવાર સમજીને અત્રે ઇમરજન્સી ફંડ પ્લાનિંગના ૧૦ કમેન્ડમેન્ટ્સ રજૂ કર્યાં છે. જેમાં પાયાની જરૂરિયાતો આવી જાય છે. બાકીનું આયોજન ફાઇનાન્શિયલ પ્લાનર કે યોગ્ય સલાહકારની સલાહના આધારે કરી શકો છો. ઇમરજન્સી ફંડ એટલે તમારી વાર્ષિક કમાણીનો એટલિસ્ટ ૩૦ ટકા હિસ્સો એવા મૂડીરોકાણ સ્રોતમાં ગોઠવી રાખો કે જેથી તમે ધારો ત્યારે ઉપયોગમાં લઇ શકો. બેંકના સેવિંગ્સ એકાઉન્ટ, કરન્ટ એકાઉન્ટ, લિક્વિડ ફંડમાં, ઘરમાં થોડી કેશ સ્વરૂપે પણ રાખી શકાય છે. સાથે એ વાતનું ધ્યાન રહે કે ડિમોનેટાઇઝેશન જેવી સ્થિતિમાં બેંકો, મ્યુ. ફંડસ કે ક્યાંયથી કેશ ફ્લો અટકી જાય અથવા સાવ ઓછી કેશ હાથમાં આવે તેવી સ્થિતિના જોખમથી બચવા માટે ડેબિટ, ક્રેડિટ કાર્ડ કે ઓનલાઇન ટ્રાન્ઝેક્શનનો વિકલ્પ હાથ વગો રાખો. ભારતમાં પણ હવે ઓનલાઇન શોપિંગ, ઇમરજન્સી ટ્રીટમેન્ટથી માંડીને ટુર્સ-ટ્રાવેલ્સ થઇ શકે છે. માટે તેનો મહાવરો કેળવવો જોઇએ.

**ઇમરજન્સી ફંડ : પાણી પહેલાં પાળ..**

ઓછામાં ઓછા ૩ માસની કમાણી ઇમરજન્સી ફંડ તરીકે શોર્ટ ટર્મ ઇન્વેસ્ટમેન્ટ સ્રોતમાં રાખવી જોઇએ. રિટાયર્ડ માણસે તો એક વર્ષ ચાલે તેટલું ઇમરજન્સી ફંડ રાખવું જોઇએ.

**ઇએમઆઇ કેટલો :** માસિક કમાણીના ૩૫ ટકાથી વધુ તમામ પ્રકારની લોનનો હપ્તો ભારે પડી શકે છે. હોમ લોનનો હપ્તો કુલ માસિક આવકના ૩૫ ટકાથી મોટો ના હોવો જોઇએ.

**રિટાયરમેન્ટ માટે ઇન્વેસ્ટમેન્ટ :** કમાણીમાંથી દર મહિને ૧૦ ટકા રકમ તો બચત/ઇન્વેસ્ટમેન્ટ માટે ફાળવો જ ફાળવો. જો તમે ૩૦થી નીચેની વયના હો અને જવાબદારીથી મુક્ત હો તો મેરેજ કરો ત્યાં સુધી ઓછામાં ઓછા ૪૫ ટકા કમાણીનું મૂડીરોકાણ કરી શકો છો.

**કેટલી કિંમતનું મકાન ખરીદવું :** પરિવારની કુલ વાર્ષિક કમાણીના ચાર ગણી કિંમતનું મકાન ખરીદી શકાય. વાર્ષિક આવક રૂા. ૧૦ લાખ હોય તો તમે રૂા. ૪૦ લાખ સુધીની કિંમતનું મકાન ખરીદી શકો છો.

**ઇન્સ્યોરન્સ કેટલો લેવો :** વાર્ષિક કમાણીના ૮-૧૦ ગણી રકમનો ઇન્સ્યોરન્સ લો. જોકે તમારી ઉંમર અને કમાણીને ધ્યાનમાં રાખીને આ રેશિયો ચેન્જ કરી શકો છો. ૩૦થી નીચેની વય હોય તો ૧૨-૧૫ ગણો અને ૫૦થી વધુ હોય તો ૬-૮ ગણો ઇન્સ્યોરન્સ જરૂરી છે.

**ઇક્વિટીમાં રોકાણ રેશિયો :** ઇન્વેસ્ટમેન્ટ વર્લ્ડનો કોમન થમ્બ રૂલ છે કે ૧૦૦માંથી વર્તમાન ઉંમર બાદ કરતાં જે બચે તેટલા ટકા ઇક્વિટીમાં અને ૭૦ ટકા રકમ ડેટમાં ફાળવો.

**રેટ ઓફ રિટર્ન :** વાર્ષિક ૧૨ ટકા રિટર્ન હોય તો ૬ વર્ષે રોકાણ મૂલ્ય બમણું થઇ જશે. રિટર્ન ૮ ટકા હશે તો ૯ વર્ષે, ૧૪ ટકા હશે તો પાંચ વર્ષમાં મૂલ્ય બમણું થઇ શકે છે. જરૂરિયાત અનુસાર રેટ ઓફ રિટર્ન અલગ રહેશે.

**તમામ કેટેગરીના રોકાણકારો માટે ઇમરજન્સી ફંડનું પ્રિસ્ક્રિપ્શન**

★ કમાણીમાંથી ૧૦-૨૦ ટકા રકમ બચત/મૂડીરોકાણ માટે અનામત રાખો.
★ ૫૦ ટકા રકમ આકસ્મિક ફંડ તરીકે એફડી, સેવિંગ્સ કે લિક્વિડ ફંડમાં રોકો.
★ ફાજલ મૂડીમાંથી પણ મહત્તમ ૫૦ ટકા મૂડી જ શેરબજાર માટે ફાળવો.
★ પૈસો કમાવવા કરતાં પણ કેવી રીતે ખર્ચાય છે તેનો ખ્યાલ રાખો. ફી




તસવીર : પરેશ શાહ

# બ્લાઈન્ડ સિંગર દ્વારા નેત્રદાન અવેરનેસ માટે યોજાઈ મ્યૂઝિકલ નાઈટ

## ફીલિંગ્સ ફાઉન્ડેશનના સહયોગ સાથે અનમોલ કલબના ઉપક્રમે યોજાયેલ આઈ ડોનેશન કેમ્પેઈનને સુંદર પ્રતિસાદ

જેની પાસે દષ્ટિ છે એની નજરે દુનિયા કેટલી સરસ અને રંગીન છે, પણ જેઓને કુદરતે જન્મતા જ દ્રષ્ટિહિન જીવન આપ્યું છે તેમના માટે તો દ્રષ્ટિ વિનાની સૃષ્ટિ કેવી અર્થહીન, કેવી શૂન્યાવકાશથી ભરેલી હોય તેવું લાગે. એવા નેત્રહિનો માટે જો આપણાં દ્વારા દાન કરવામાં આવેલી આંખો તેમને નવી દુનિયાનું જોડાણ કરાવી શકતી હોય તો એનાથી ઉત્તમ દાન બીજું શું હોઈ શકે ?

અનમોલ કલબ દ્વારા આયોજિત દિવ્યાંગ (નેત્રહિન) કલાકારો દ્વારા તાજેતરમાં વડોદરા ખાતે સર સયાજીરાવ નગરગૃહમાં ભવ્ય મ્યૂઝિકલ નાઈટનું આયોજન થયું હતું. વડોદરા શહેરના મેયરશ્રી ભરત ડાંગરે મુખ્ય અતિથિનું સ્થાન શોભાવ્યું હતું. અતિથિવિશેષમાં શ્રી ઘનશ્યામ દલાલ, શ્રી જયેન્દ્રસિંહજી ઝાલા-ટ્રાન્સલાઈન ટુરિઝમ, સંગીતાબેન ચોકસી-પ્રેસિડેન્ટ ડભોઈ દશાલાડ વાડી અને વ્યવસાયી, શ્રી મગનભાઈ પટેલ બોબના યુનિયન મેમ્બર તથા વડોદરાના ઈવેન્ટ ઓર્ગેનાઈઝર દક્ષેશભાઈ ગાંધી હાજર રહ્યા હતા. 'અનમોલ કલબ'ના ઉપક્રમે અને 'ફીલિંગ્સ ફાઉન્ડેશન'ના સહિયારા પ્રયાસોથી વડોદરામાં 'આઈ ડોનેશન'નું કેમ્પેઈન કરવા માટેની પ્રેરણા આપનાર 'ફીલિંગ્સ'ના 'સીએમડી અને તંત્રીશ્રી અતુલભાઈ શાહનું મિ. રોકીએ પુષ્પગુચ્છ આપીને સ્વાગત કર્યું હતું. વડોદરાના રાજકીય અગ્રણી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીનો શુભેચ્છા સંદેશ અતુલભાઈએ વાંચી સંભળાવ્યો હતો.

'અનમોલ કલબ'ના આ કોન્સેપ્ટના ફાઉન્ડર અને સિંગર રોકી અને તેમના પત્ની શ્રીમતી મયુરી રોકીએ તમામ કલાકારોના ટૂંકા પરિચય કરાવ્યો હતો.



ડાબેથી મેયર ભરત ડાંગર, જયેન્દ્રસિંહ ઝાલા, મયુરી રોકી, સંગીતાબેન ચોક્સી અને ફીલિંગ્સના તંત્રી અતુલ શાહ તથા અનમોલ ક્લબના રોકી કાર્યક્રમની પ્રારંભિક પળોમાં

કાર્યક્રમ દરમિયાન ગાયક કુતુબ મોરસવાલા, લતાદીદી જેવો સૂરીલા કંઠ ધરાવનાર દિલ્હીથી ખાસ આવેલા દિવ્યાંગ ગાયિકા અલવિના કુરેશી, અમદાવાદના પ્રસિદ્ધ ગાયક મહેન્દ્ર ચુડાસમા, સંગીત શિક્ષક રાકેશ દવેએ સુંદર ગીતો પ્રસ્તુત કર્યા હતા.

આઈ ડોનેશનની અવેરનેસ આવે તે હેતુસર યોજાયેલ આ મ્યૂઝિકલ ઈવેન્ટમાં પ્રેક્ષકોએ ભવ્ય આવકાર આપ્યો હતો. શો શરૂ થયાના ગણતરીના સમયમાં ૧૫૦ જેટલા શ્રોતાઓ તરફથી આઈ ડોનેટ કરવા માટે જાહેરાત થઈ હતી અને સંમતિપત્રક ભરીને આપવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે તમામ સાથી કલાકારોએ પણ તેમના નેત્રદાનના સંકલ્પના ફોર્મ ભર્યા હતા.

**દિવ્યાંગ કલાકારોની યાદગાર વાતોઃ**

**કુતુબ મોરસવાલા :** અમદાવાદના બ્લાઈન્ડ પીપલ એસો.માંથી વિશારદની પ્રાથમિક તાલીમ લઈ મોહંમદ રફીના ગાયનોના શોખને પોતાની આગવી ઓળખ બનાવનાર કુતુબ મોરસવાલા લોકપ્રિય ગાયક છે.

**અલવિના કુરેશી :** દિલ્હીના ડૉ. સિતારાજી પાસેથી તાલીમ લેનાર અલવિનાને હાયપીચ ગીતો ગાવામાં બહુ મઝા આવે છે. દુબઈમાં કપિલ શર્મા સાથે પણ અલવિના શો કરી ચૂકી છે.

**મહેન્દ્ર ચૂડાસમા :** ૧૯૯૪માં રોકીના સપોર્ટથી ટિકિટ શો 'એમ.કુમાર નાઈટ'થી શરૂઆત કરી. રફી અને કિશોરના લોકપ્રિય ગીતો સાથે નવા ગીતો પણ સુંદર રીતે પ્રસ્તુત કરે છે.

**રાકેશ દવે :-** વડોદરાની ફેકલ્ટી ઓફ પરફોર્મિંગ આર્ટ્સમાં ગાયન વિભાગમાં શિક્ષક તરીકે ફરજ બજાવનાર રાકેશ દવે ફિલ્મોમાં ગવાયેલા કલાસિકલ ગીતોથી તેમની આગવી ઓળખ બનાવી ચૂક્યા છે.



## મારી છે...

થઇ નિર્બળ પવન સાથે કરી સંધી ને હારી છે,
ખરેખર તો સુગંધે ફૂલની પીડા વધારી છે.

અચાનક સૂર્યે લોહીમાં કરી એની સવારી છે,
બરફના પ્હાડ જેવી ભીતરે જો હાડમારી છે.

મીરાં કેવી હશે એ જાણવા દરબારે છાતીના,
સમી રાતે ગઝલની નર્તકીને આવકારી છે.

જે ચોરી'તી કબીરાએ તો કોઇ મનના ખૂણેથી,
કઇ રીતે કહું જગને કલમ કેવળ એ મારી છે

હું એનાં મંદિરો લગ જૈ ઘસું મારા જ જૂતાંને,
થયો છે મૂર્તિ જેણે આરતી મારી ઉતારી છે.

શબદ જે મંત્ર જેવો શુધ્ધ ને પાવન હતો સાંઇ,
ગઝલના કોઠે પ્હોંચ્યો છે વિગત ચોંકાવનારી છે.

નહીંતર જાત સાંધી-સાંધી મારો જીવ જાતો રે..
એ મારું ભાગ્ય છે સારું પનોતી એકધારી છે.

કશું હોતું નથી ભૈ કાગળોમાં લાગણી જેવું,
નિચોવી જાતને એના ઉપર તોપ ચિતારી છે.

સમય આવે કદી ફૂટે નહીં ઇચ્છાથી તારી એ,
મૂકી તેં હોંઠ પર તારા ભલા એ તોય મારી છે.

જીવનની ઠોઠ શાળામાં ભણી કંટાળનારાએ,
ન જાણે શ્વાસની સ્નાતકતા શાને આવકારી છે,

બદલતી જે ઉજાસો-અંધકારોના સ્વરૂપોને,
અમારી પાંપણોને એજ રજકણ સ્હેજ ભારી છે.

- **ડો. સતીન દેસાઇ, 'પરવેઝ'**-દાહોદ
મો. ૯૪૨૮૯ ૦૭૭૭૫

## જાત ઝંખે છે

મુલાયમ મખમલી શા સ્પર્શ ને આ જાત ઝંખે છે,
ઉદાસી એટલી છે કે નશાની વાત ઝંખે છે.

બળે છે દેહને મન બેઉ મારા આજ એવા કે,
કરે શીતલ અનલ એ ચાંદનીની રાત ઝંખે છે.

નથી આકાર કોઇ આજ મારી આ અપેક્ષાને,
મળે રૂડી ને મોહક કોઇ એવી ભાત ઝંખે છે.

થતું સુંદર નથી સપનું કદીયે રંગ એકજ થી,
મળે જો મેહની પીંછી તો રંગો સાત ઝંખે છે

છતાં યે કોઇ દી આ મન હઠિલું કેમ રૂઠે છે,
નજર સામેના ચહેરા કાયમી રળિયાત ઝંખે છે.

- **કમલેશ એમ.ભટ્ટ**, ભાવનગર
મો. ૯૮૯૮૩ ૪૪૬૧૪

## વહાલ કરું

આપને હું જરા વહાલ કરું,
એમ ખુદને જ ખુશખુશાલ કરું!

રંગ, રૂપ, રસ ને ગંધ ખેંચે છે,
ક્યાં અટકવાની હું કમાલ કરું!

માત્ર આપ જ ગમ્યાં કરો છો મને,
કેમ ગમતાનો હું ગુલાલ કરું?

આપના નામનું સ્મરણ છોડી,
શું કરું આજ ને શું કાલ કરું?

સંપત્તિવાન છો, રહો સામે,
સામે હું, ખુદને માલામાલ કરું!

- **ભરત વિંઝુડા**, અમરેલી
મો. ૦૯૪૨૬૪ ૫૬૯૩૪

## થોડું

એ પ્રથમ મુખ ખોલશે થોડું
ને પછી એ બોલશે થોડું

સૌ પ્રથમ પીશે, પછી પાશે
ને વધેલું ઢોળશે થોડું

શ્રમ-શ્રદ્ધાથી પાર ઊતરશે
કામ છો મુશ્કેલ છે થોડું.

ડાબી-જમણી આંખ ફરકે તો
કાર્ય પાછળ ઠેલશે થોડું.

આમ તો એની ખપત મોટી
એ જ વેચાયું હશે થોડું.

તૃપ્ત થયા અવગત વર્યા જીવો
પીપળે જળ રેડશે થોડું.

કાગડો બોલી રહ્યો મોભે
દુઃખ ઊડી આવશે થોડું

પ્રેમથી આપી દઇશ સઘળું
જો ઇશ્વર ખુદ માંગશે થોડું

તેં દબોચ્યા બાહુમાં એવા
છૂટશે તો જીવશે થોડું

- **ચંદ્રકાંત પટેલ 'સરલ'**, જૂનાગઢ
મો. ૮૭૩૫૯ ૦૨૪૨૪

મિત્રો, તમે પણ તમારી સ્વરચિત કવિતા,
ગઝલ અહીં મુશાયરા માટે મોકલાવી શકો છે.
**ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિ.**
૧૦૨-૧૦૪, પેસિફિક પ્લાઝા, વીઆઇપી રોડ,
ઊર્જિતા હોસ્પિટલ સામે, કારેલીબાગ, વડોદરા-૧૮.
ફોન : ૦૨૬૫-૨૪૮૯૪૭૭, ૭૪૦ ૫૬૫૬ ૮૭૦
Email : info@feelingsmultimedia.com

'બધિર' અમદાવાદી

# આવી નોટો પાછી ખેંચવા જેવી હતી!



આપણા દેશમાં એવા અગણિત લોકો છે જેમને છેક રાત્રે ખબર પડે છે કે એ આખો દિવસ નવરા હતા! કમનસીબે આપણે ત્યાં આવા લોકોની સંખ્યા ઘણી મોટી છે. એમના અઠંગ નવરા તો તમને ફેસબુક અને વોટ્સએપ પર ચાલતા ગ્રૂપમાં જોવા મળી શકશે. દેખીતી રીતે આ લોકો કશું જ કરતા ન હોવા છતાં એમની પાસે વાત કરવાનો પણ ટાઇમ હોતો નથી. હિન્દીમાં આવા લોકો માટે કહેવત છે : 'કામ કા ન કાજ કા દુશ્મન અનાજ કા.' ગુજરાતીમાં આ પ્રકારના જાતકને હાથીના પોદળા જેવો ગણવામાં આવે છે જે લીંપવા-ગુંપવાના કામમાં પણ આવતો નથી. અત્યારની Urban Lingoમાં આવા લોકોને 'નોટ' કહીને સંબોધવામાં આવે છે આ એવી નોટો છે જે વટાવી શકાતી નથી, છતાંય સમાજમાં છૂટ્ટી ફરે છે! ૮મી નવેમ્બર, ૨૦૧૬ પછી ચલણમાંથી રદ થયેલી રૂ. ૫૦૦ અને ૧૦૦૦ના દરની નોટો સામે તો સરકાર સરખા મૂલ્યની નોટો બદલી આપે છે, પણ આપણી આ નવરી નોટોનું કોઇ લેવાલ નથી! છેલ્લાં કેટલાંક વરસોમાં આવી નોટોના પણ પ્રકાર નીકળ્યા છે. એમાંનો એક પ્રકાર છે ફાટેલી નોટ! સામાન્ય રીતે ચલણી નોટનો નંબર સલામત હોય અને બધા જ ટુકડા નિયમસર જોડીને આખી નોટ બનાવી શકાતી હોય તેવી નોટોને બેંકવાળા બદલી આપે છે. પણ અહીં જેની વાત થઇ રહી છે એ લોકો પાંત્રીસ રૂપિયાની ફાટેલી નોટ જેવા હોય છે જે આખી હોય તો પણ ન ચાલે. બેંકવાળા પણ આવી નોટ બદલી આપતા નથી એ બધાને ખબર છે. છતાં જ્યારે નોટ બદલી આપવા વિશે ટીવી ઉપર જાહેરાત થઇ ત્યારે પત્નીવર્ગને પોતાના ભાગે આવેલી ફાટેલી નોટ ઠેકાણે પાડી શકાશે એવી આશા બંધાઇ હતી, જે પાછળથી ઠગારી નીકળી હતી. એટલે તમે લોકો પણ ખોટી કીકો મારશો નહીં. અહીં રમૂજ પ્રેરક વાત એ છે કે ઇટાલીની નોટ આખી હોય તો પણ એને 'લીરા' કહે છે અને એ ત્યાંનું અધિકૃત ચલણ છે!

મૂર્ખામીભર્યું વર્તન કરનારાને પણ નોટની કક્ષામાં મૂકી શકાય. આપણી લોકબોલીમાં આવી 'ખર' પ્રકૃતિની નોટોના લક્ષણ કંઇક આવા આપ્યા છે : ડાળે બેસી કાપે થડ, ઘાલી હાથને જુવે દર, પાણી પીને પૂછે ઘર અને દીકરી દઇને જુએ વર. એમાં તરંગી, ધૂની, અવિચારી અને દીર્ઘસૂત્રીનો ઉમેરો પણ કરી શકાય, કારણ કે કેટલીકવાર એ લોકો વાણી, વર્તન કે તેમના કૃત્યોથી જાહેરમાં અક્કલનું એક્ઝિબિશન કરી બેસતા હોય છે. એ હિસાબે હિન્દુસ્તાનની રાજધાની દિલ્હીથી દૌલતાબાદ ખસેડી અને પાછી દિલ્હી લઇ જવાનો તરંગી નિર્ણય લેનાર મહંમદ બિન તઘલખ એક ઐતિહાસિક નોટ ગણાય. કવિ કાલીદાસ પણ આ વર્ગમાં જ આવે. એકના ડબલ કરવા જતાં રૂપિયા ગુમાવનાર લોકોના નામ તો છાપામાં અવાર-નવાર છપાતા જ રહે છે.


અસંબંદ્ધ વાતો કરનારા કે પછી ફક્ત ટાઇમપાસ કરવા ખાતર અહેતૂક પ્રશ્નો પૂછીને લોકોને પકવનારા મોટી નોટ ગણાય છે. એક રીતે જોઇએ તો મગજની નસો પર ઠુમકા વાગે એવા પ્રશ્નો પૂછવા એ આપણા દેશની લોકપ્રિય પ્રવૃત્તિ છે. થોડાં દિવસ પહેલાં જ એક એક્ઝિબિશનમાં એક કાકાએ અમને પૂછેલું કે 'ઑયથી બહાર નેકળવાની એન્ટ્રી ક્યોં છ બકા?' આવા કિસ્સાઓમાં લાંબી મગજમારી કર્યા સિવાય જે છે તે સ્વીકારીને આપણે આગળ ચાલીએ છીએ. ફિલ્મોમાં આવી સિચ્યુએશન કોમિક સિક્વન્સીસ માટે અનેક વખત વપરાઇ ચૂકી છે. 'ભેજા ફ્રાય' ફિલ્મમાં આવી નોટો જ બતાવી છે. 'ચૂપકે ચૂપકે'માં ધર્મેન્દ્ર, 'પીકે'માં આમિર અને 'આજ કા દૌર'માં કાદર ખાનને પણ આવી જ નોટ બતાવ્યા છે.'જુદાઇ'માં અબ્બા-ડબ્બા-જબ્બાના બાપ બનતા પરેશ રાવલ તો આ પ્રકારના રોલ માટે ઓથોરિટી ગણાય છે. 'આવારા પાગલ દીવાના'માં એમણે એમના મગજવિધ્વંસક સવાલોથી એ યેડા અન્ના, ગુરુ ગુલાબ ખત્રી અને છોટા છત્રીની ખોપરી ખોલી નાખી હતી. રાજકારણમાં તો આવી અનેક નોટો પડી છે જેમના નિવેદનો આપણે અવાર-નવાર સાંભળીએ-વાંચીએ છીએ.

ઘણીવાર તો કોઇ એક જ કિસ્સો માણસને નોટની પદવી અપાવી દે છે. આજકાલ રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટો બદલાવવા લોકો પાંચ-પાંચ કલાક લાઇનમાં ઊભા રહે છે ત્યારે સમાચાર આવ્યા કે પંજાબ નેશનલ બેંકની રેવાડી નામના શહેરની શાખામાંથી કોઇ અક્કલમઠાએ રૂપિયા બ્યાંશી લાખની ચોરી કરી! ભ'ઇ અક્કલમઠા એટલા માટે કહેવાય કે આખું ગામ રદ થયેલી નોટોનો નિકાલ કરવાને લઇને પરેશાન છે ત્યારે આ ભાઇ ૫૦૦-૧૦૦૦ રૂપિયાની નોટો ઉઠાવી ગયા છે. મને લાગે છે કે આજની તારીખે આનાથી મોટી નોટ મળવી મુશ્કેલ છે.

છેલ્લે, આ રેવાડી હરિયાણામાં આવેલું છે એ આપની જાણ સારું.


અસ્તુ.

### સુન ભાઈ સાધો...



**હથેળીમાં વધારે મોઇશ્ચરાઇઝર આવી ગયું હોય તો પત્નીના ગાલ ઉપર વ્હાલી વ્હાલી કરી લેવી.**


MULTI PLEX
HINDI MOVIE CHANNEL
Available On
DD Free Dish
dishtv
Direct To Your Home
airtel digital TV
And also available on All Leading Cable Operators
For More Details : www.multiplex.net.in , info@multiplex.net.in
YOU SCOD18
DEN
in digital
SITI
hathw@y
JPR DIGITAL
FW FASTWAY
H@me CABLE
GTPL
DIGICABLE










મેઘવિરાસ

નોટબંધી

# બોક્સઓફિસ અને કાળાનાણાની ફિલ્મી કહાની

**શાક માર્કેટથી સ્ટોકમાર્કેટ સુધી એક જ વાત ધમધમે છે કે આ નોટબંધીનું શું થશે? કેન્દ્ર સરકારના નોટબંધીના આક્રમક નિર્ણય પછી ઘણાં બજારો મંદી જેવો માહોલ અનુભવી રહ્યા છે પણ સિનેમાના બોક્સઓફિસ રિપોર્ટ પર સ્માઈલી જોવા મળે છે...**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાળું નાણું, નકલી નોટો, સંગ્રહખોરો, હવાલા, આતંકવાદ અને ભ્રષ્ટાચારીઓને ડામવા માસ્ટર સ્ટ્રોક મારીને રૂપિયા ૫૦૦-૧૦૦૦ની જૂની ચલણી નોટો પર પ્રતિબંધ લગાવી દીધો. તેમનો આ આક્રમક નિર્ણય દેશહિતમાં કેટલો કામે આવે છે એ તો સમયચક્ર જ બતાવશે, પણ તેમનું આ પગલું આવકાર્ય છે. એવું પણ નથી કે તેમણે કાળાનાણા આધારિત વ્યવહાર કરનારાને ચેતવણી નથી આપી. ૨૭ જૂન, ૨૦૧૬ના રોજ કાળાનાણાના સંગ્રહખોરોને ચેતવતાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કીધું હતું કે, હું તમને બતાવીશ કાયદો એટલે શું? તેમની વાતને પરંપરાગત વડાપ્રધાન માનીને અવગણનારા બ્લેક મનીના રખેવાળો આજે રાત-દિવસ ઉજાગરા કરતાં થઇ ગયા છે.

ફિલ્મી લાગતી વાત નરેન્દ્ર મોદીએ હકીકતમાં બદલવાની કોશિશ કરી છે. કાળાનાણાની રખેવાળી અને તેની હેરાફેરી કરતા બેઇમાન લોકોની કહાનીને ફિલ્મી પડદે અનેકવાર વાચા મળી છે. આમ જુઓ તો રાજનીતિ, ઉદ્યોગ, સિસ્ટમ કે સંગઠનોની વાત કરતી ફિલ્મ હોય એટલે તેમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કાળું નાણું મહત્ત્વની ભૂમિકા ભજવતું જ હોય છે. કાળાનાણાના ભરડામાં સરકારી અવ્યવસ્થાને લીધે સામાન્ય જનતાએ તો પીડા સહન કરવી જ પડે છે, પણ તેના લીધે સ્વાસ્થ્ય અને શિક્ષણ જેવી શુદ્ધ અને પવિત્ર ગણાતી સેવાઓમાં ઠેરઠેર ગંદકી ફેલાઇ ગઇ છે. ગંગાજળના બે ટીપાં નાખવાથી ગટર શુદ્ધ નથી થઇ જતી પણ તેને સાફ કરવા માટે આખી ને આખી ગટરને ઉથલાવી નાખવી પડે છે. તેમ કાળાનાણાનો ફેલાવો કરનારા એક-બેને ભીંસમાં લેવાથી આ ગટર અટકી નથી જવાની પણ એ ગટરના દરવાજા જ બંધ કરવા પડે. આવી જ વાતને દક્ષિણના દિગ્દર્શક શંકરે 'શિવાજી - ધ બોસ' ફિલ્મમાં સુપર્બ રીતે રજૂ કરી હતી.

શંકર દક્ષિણ સિનેમાનું જ નહીં, પણ વૈશ્વિક સિનેમાનું ગૌરવ છે. ભટકેલી સિસ્ટમને રાહ બતાવવાની ફિલ્મકળા તેમની પાસે દૈવીશક્તિ સમાન છે. શંકરે વર્ષ ૨૦૦૭માં 'શિવાજી - ધ બોસ' ફિલ્મ બનાવી હતી. તમિલ-તેલુગુમાં બનેલી આ ફિલ્મનું પાછળથી હિન્દી વર્ઝન પણ રીલિઝ કરવામાં આવ્યું હતું. ફિલ્મના નાયક હતા



પડદાના સર્વશક્તિમાન સ્વયં રજનીકાંત. શંકરે રાષ્ટ્રને નુકસાન કરતાં કાળા ધનની વાર્તાને મનોરંજક અંદાજમાં રજૂ કરી હતી. દેશમાં ગરીબમાં ગરીબ માણસ મફતમાં ભણી શકે જો કાળાનાણાની દુનિયાને ખતમ કરી નાખવામાં આવે. શિક્ષણ વ્યવસ્થા અને તબીબી વ્યવસ્થા એવા લોકોના હાથમાં છે જેઓ ગુનાખોરીની દુનિયાની હકૂમત ચલાવે છે અને તેમનો આખો ય ધંધો ચાલે છે બ્લેકમની પર. શંકરની આ ફિલ્મનું ચકડોળ કાળાનાણાની આસપાસ ફરતું હતું.

શંકરે તો માત્ર એક નાનકડી દુનિયાની જ વાત કરી હતી. સરકારના આ નિર્ણય પછી નિર્માતા વિપુલ શાહની આગામી ફિલ્મની કથા બ્લેકમનીના સંદર્ભમાં જ હશે. આ ફિલ્મ 'કમાન્ડો'ની સિક્વલ છે. જેમાં કમાન્ડો બ્લેકમનીના જડમૂળ સુધી પહોંચીને તેનો ખાતમો બોલાવશે. જો કે, સરકારના આ આક્રમક નિર્ણયને સિને ઇન્ડસ્ટ્રીના ધુરંધરોએ માસ્ટર સ્ટ્રોક ગણાવ્યો હતો. નરેન્દ્ર મોદીએ જેવી જાહેરાત કરી એ અરસામાં જ સલમાન ખાન, આમિર ખાન, શાહરૂખ ખાન, અજય દેવગન, રજનીકાંત, કમલ હાસન, નાના પાટેકર, નાગાર્જુન, ઐશ્વર્યા રાય બચ્ચનથી લઇને ભારતીય સિનેમામાં કાર્યરત નિર્માતા, દિગ્દર્શકો, વિતરકોએ વિમુદ્રીકરણના આક્રમક નિર્ણયને રાષ્ટ્ર માટે શ્રેષ્ઠ સાબિત થશે તેવો ભાવ વ્યક્ત કર્યો હતો.

આ વર્ષની સૌથી મહત્ત્વાકાંક્ષી ફિલ્મ 'દંગલ'



ડિસેમ્બરમાં રીલિઝ થવાની છે. સિને ટ્રેડ એક્સપર્ટના મત અનુસાર 'દંગલ'નું ત્રણ દિવસનું બોક્સઓફિસ કલેક્શન ઓછામાં ઓછું ૧૧૦ કરોડની આસપાસ રહેશે. પરંતુ કાળાનાણા પર લેવાયેલા આક્રમક પગલાંને ધ્યાનમાં રાખીને તેના પર અસર થાય તેવી શક્યતા છે. જોકે, 'દંગલ'ને હજી ઘણો સમય છે ત્યાં સુધી સિને ઇન્ડસ્ટ્રી રાબેતા મુજબ ઓન ટ્રેક આવી જશે. આમિર ખાનનું કહેવું છે કે આ પરિસ્થિતિમાં આપણે એ વિચારવું જોઇએ કે દેશ માટે સારી બાબત કઇ છે. થોડાં સમય માટે લોકોએ સમસ્યાનો સામનો કરવો પડશે, પણ ટૂંકાગાળાનું વિચારવા કરતાં લાંબા ગાળાની અસરોને ધ્યાનમાં રાખવી જોઇએ. આ નિર્ણયથી મારી ફિલ્મ (દંગલ)ને નુકસાન થાય તો મને કોઇ સમસ્યા નથી.


રજનીકાંતની 'શિવાજી ધ બોસ' સિવાય ઘણી એવી સારી ફિલ્મો બની છે જેમાં બ્લેકમનીના મુદ્દાને ઉજાગર કરવામાં આવ્યો છે. કાળાનાણાનો સૌથી મોટો ખેલ ઇમરાન હાશ્મીની 'જન્નત' ફિલ્મમાં દર્શાવવામાં આવ્યો હતો. ક્રિકેટ, સટ્ટાબાજી અને બ્લેકમનીના ત્રિકોણિયા જંગમાં ફિલ્મનો વિષય દર્શકોને ગમી ગયો હતો અને ઇમરાનના ખાતામાં એક સારી, સફળ અને સરાહનીય ફિલ્મ લખાણી હતી. દિગ્દર્શક દિબાકર બેનર્જીએ 'ખોસલા કા ઘોસલા' ફિલ્મ બનાવીને જમીનોની લેવડદેવડ અને રિઅલ એસ્ટેટની બીજી બાજુને છતી કરી હતી. આ ફિલ્મ સામાન્ય પરિવાર પર શું આફત આવી પડે છે તેનો ઉત્તમ દાખલો હતો. તો બિઝનેસ વર્લ્ડમાં હીરાની લેવડદેવડની કાળી દુનિયાને 'બ્લડમની' ફિલ્મમાં દર્શાવવામાં આવી છે. તો મધુર ભંડારકરની 'કોર્પોરેટ' ફિલ્મ ઉદ્યોગજગતની બંધ બારણે રમાતી કાળા બજારીના દરવાજા ખોલી નાખે છે. મણિરત્નમની 'ગુરુ' અને નીરજ પાંડેની 'સ્પેશિયલ છબ્બીસ' પણ કાળાનાણાની જ વાત કરે છે. વર્ષ ૧૯૮૯માં કાળા બજારની દુનિયા કેવી હોય અને તેનો વ્યવહાર કઇ રીતે કરવામાં આવે છે તેના પર આલેખન કરતી દિગ્દર્શક રાકેશ રોશને 'કાલા બજાર' ફિલ્મ બનાવી હતી. રાજનેતા સાથે એક ટી મિટિંગમાં જેટલી સ્પૂન સુગરની કપમાં પડે તેટલા હવાલા કરવાના રહે છે. સરકારી અધિકારીઓથી લઇને સંસદમાં બેઠેલા ભ્રષ્ટ કાળમુખા ડ્રેગનો દેશના અર્થતંત્રને ભરડી નાખે છે અને તેમની સંપત્તિમાં અમાપ વધારો થતો જ જાય છે.

ફિલ્મના પડદે તો કાળાનાણાની અફરાતફરી ઘણીવાર જોવા મળી છે. પણ આવું પ્રથમ વખત સંભવતઃ થયું છે કે બ્લેકમની સામે કરાયેલી સર્જિકલ સ્ટ્રાઇકને લીધે બોક્સઓફિસ પર થોડી અસર જોવા મળી હોય. નિર્ણય પછી વર્ષ ૨૦૧૬ના અંત સુધીમાં તમિલમાં ૨૧ ફિલ્મો, તેલુગુમાં ૫, ગુજરાતીમાં ૮, મલયાલમની ૨, મરાઠીમાં ૯, પંજાબીમાં ૭ અને કન્નડની ૨ ફિલ્મો રીલિઝ થવાની હતી. જેમાં ૨૫ નવેમ્બર સુધીમાં કુલ પ્રાદેશિક અને હિન્દી ફિલ્મોની ૧૧ ફિલ્મો રજૂ થઇ ગઇ છે. છેલ્લાં બે અઠવાડિયામાં સૌથી વધુ નુકસાન તેલુગુ સિનેમાની ટિકિટબારી પર નોંધાયું

**મધુર ભંડારકરની 'કોર્પોરેટ' ફિલ્મ ઉદ્યોગજગતની કાળા બજારીના દરવાજા ખોલી નાખે છે. તો મણિરત્નમની 'ગુરુ' અને નીરજ પાંડેની 'સ્પેશિયલ છબ્બીસ' પણ કાળા નાણાની જ વાત કરે છે...**

છે. નિર્ણયના બીજા દિવસે તેલુગુ સિને બોક્સઓફિસ પર ૫૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો. તેનું એક કારણ એ છે કે તેલુગુ સિનેમાનો બહોળો દર્શકવર્ગ મધ્યમવર્ગમાંથી મળી રહે છે.

હિન્દીમાં દિવાળી પછી બિગ બજેટ ફિલ્મમાં રજૂ થયેલી 'રોક ઓન-૨' હતી. જોકે, આ ફિલ્મની નિષ્ફળતામાં વિમુદ્રીકરણ કરતાં તે ફિલ્મ પોતે જ જવાબદાર છે. સ્ક્રીન અને સીટોની સંખ્યાના હિસાબે આ ફિલ્મને ફર્સ્ટ વીકેન્ડમાં માત્ર દસ ટકા જ દર્શકો મળ્યા હતા અને તેનો લાઇફટાઇમ બિઝનેસ ૧૩ કરોડ રૂપિયાથી વધે તેવું લાગતું નથી. ડિમોનિટાઇઝેશનના ફેંસલા પછી તરત જ એટલે કે ૧૧ નવેમ્બરે 'રોક ઓન-૨' રજૂ થઇ હતી. બિગ બજેટ કહી શકાય તેવી ફિલ્મોમાં જહોન અબ્રાહમ-સોનાક્ષી સિંહાની 'ફોર્સ-૨' આવી હતી. આ ફિલ્મને શાનદાર સ્ટાર્ટઅપ નહોતું મળ્યું, પણ ચોક્કસ બેલેન્સિંગ કલેક્શન તો મળ્યું જ હતું. ફોર્સ-૨ સુપરડુપર હિટ ન થઇ પણ નિર્માતાના ખાતામાં વકરો કરાવતી ગઇ. ત્યાર બાદ શાહરૂખ ખાન-આલિયા ભટ્ટની 'ડિયર જિંદગી' આવી હતી. આ ફિલ્મને રોકિંગ સફળતા મળી તેમ કહી શકાય. ખાન બ્રાન્ડ વેલ્યૂની સાથે એક સરસ મજાની ફિલ્મ પણ છે. આ ફિલ્મનું વીકેન્ડ ૩૫ કરોડની આસપાસ રહ્યું હતું. હવે ત્રણ ફિલ્મો ડિસેમ્બરમાં આવવાની છે. ૨ ડિસેમ્બરના વિદ્યા બાલનની 'કહાની-૨', ૯ ડિસેમ્બરના આદિત્ય ચોપરાની 'બેફિકરે' અને ૨૩ ડિસેમ્બરના આમિર ખાનની 'દંગલ' ફિલ્મ રાબેતા મુજબ જ રજૂ થશે. ફી





'Feelings'-International Gujarati Family Magazine

# ફીલિંગ્સ

ઝંખના કેવળ સત્યને પામવાની

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

**Subscription Offer**

એક વર્ષના લવાજમ ₹ 900
કુરિયર ચાર્જીસ સાથે (ભારતમાં)

એક વર્ષના લવાજમ $ 100
(વિદેશમાં)

## Subscription Form

Name : Mr/Ms.................................................................Period :...................................

Address : ........................................................................................................

...................................................................................City :........................

Pin :............................... Ph (Off):.........................................(Resi).................................

Mobile:............................ E-mail :.........................................................................

Please find enclosed Cheque/DD no:............................ Dated...................... for Rs.............................. favoring

**FEELINGS MULTIMEDIA LTD.**

Date :...../...../...........................Receipt No.:..................................Signature :..........................................

Website: www.feelingsmultimedia.com

**FEELINGS MULTIMEDIA LTD.**

**Corporate Office:** 102-03-04, Pacific Plaza, VIP Road, Karelibaug, Vadodara-390 018, Gujarat (India). **Telefax :** 91-265-2489477
Cell: 088663 99530, **E-mail:** info@feelingsmultimedia.com

**USA (NEW JERSEY) :** 266, Middlesex - Essex Turnpike, Iselin, New Jersey 08830, Email : feelingsusa@gmail.com

INTERNATIONAL ASSOCIATES : USA | UK | CANADA | AUSTRALIA | KENYA | MUSCAT | DUBAI | MALAYSIA

## લવાજમ ભરવા માટે નીચેના સ્થળોએ સંપર્ક કરો...

- **VADODARA**
  Ph.: 0265-2489477
  **Hitesh Soni**
  M.: 097262 34084
- **AHMEDABAD**
  **Suresh Thakkar**
  M.: 098250 08577
  **Payal Soni**
  M.: 095740 41942
  **Arvind Shah**
  M.: 098791 06525
  **Adit Agency**
  Ph.: 079-27496283
  M.: 096389 87133
  **Saurabh Pustak Bhandar**
  M.: 093270 00918
  Ph.: 079-27451400
  **Vijay Magazine**
  Ph.: 079-25350703
  **Navkar Magazine Agency**
  Ph.: 079-27475097
  M.: 09898281230
  **S.B. Shah**
  M : 079-27496283
  **Milind Shah**
  M : 090335 55597
- **VAPI**
  **Kanu Vasi**
  M : 098247 02358
- **ANAND**
  **Magazine World**
  Ph.: 02692-244582
- **GANDHINAGAR**
  M.: 098253 28488
- **NAVSARI**
  Ph.: 02637-255771
- **MEHSANA**
  **Peeyoosh Magazine World**
  Ph.: 02762-220350
  **Navneet Magazine**
  Ph.: 02762-258548
  Mobile : 094276 81791
- **SURAT**
  **R. Vaghasia**
  Mobile : 09824197970
- **GODHRA**
  **Dignesh Parikh**
  M : 098253 31313
- **SAURASHTRA**
  **Nitin Vasani**
  M.: 098252 58451
  **Manish Joshi**
  M : 099251 33991
- **BHAVNAGAR**
  **Shivam Enterprise**
  M.: 09426253426
- **KUTCH**
  **Bhavesh Gandhi**
  M.: 098795 84449
- **MUMBAI**
  **Meena Rana**
  M.: 098214 09882
  **C Devdas**
  M : 093238 60941

## ફીલિંગ્સ મેગેઝિન આ તમામ બુકસ્ટોલ / રેલ્વે સ્ટેશન પર ઉપલબ્ધ છે

**AHEMDABAD**
**Vidhi News Agency**
Ph :079-25508664
**Mohsinbhai**
Ph :079 -25350794

**SURAT**
**Surat Book Stall**
Ph :09879044220

**BHARUCH**
**Prajapati Book Stall**
M.: 9898214517

**KUTCH**
**Puri Brothers**
Ph :02834 - 223532

**NAVSARI**
**Navyug Book Stall**
Ph :098247 04533

**BHAVNAGAR**
**Prem News Agency**
Ph :09428990615

**RAJKOT**
**Thakkar News P. Agency**
Ph :99241 33518
**Mayur News Paper Agency**
Ph :9824211239

**MUMBAI**
**Chetan Exports**
Ph :98212 92255
**Siddhivinayak Enterprises**
Ph :24167218 / 9619482201
**M/s. Chatwani & Shah P. Ltd.**
Ph :022-26843051

**GANDHIDHAM**
**Amrutlal Pandya Bookstall**
Ph :02836 - 220212

**SABAR KANTHA**
**S.T. Book Stall** Ph :09879441371

**VALSAD**
**Ankur News Agency**
Ph :09173359444

**JAMNAGAR**
**Paras Book Stall** Ph :94264 53636

**ANKLESHWAR**
**Gayatri book stall** M :9825496790

**VADODARA**
**Shrinath Book Stall**
Ph :09898240228
**Popular Book Center**
Ph :09408725573
**Crossward** Ph.: 0265-2333338
**Sabbirbhai** M.: 9824095716
**Agrawal Book Stall,** Ellorapark
M.: 8401889957
**Ganesh Book Stall,** Race Course
M.: 9574040555
**Vasant Book Store,** Dandia Bazar
M.: 9426760890

**ANAND**
**Pandya & Sons (V.V. Nagar)**
Ph :099745 98026
**Mistri News Ag.**Ph :9825173432
**Ashik bookstall**
Ph :09998475914
**Ilyas Bookstall**
M.: 9925494828

**AMRELI**
**Narendra News Agency**
Ph :9824450078

**આકર્ષક કમિશન મેળવવા અને એજન્ટ બનવા સંપર્ક કરો ફોન : 0265-2489477**

અભિમન્યુ મોદી

## VIRAL VIDEOS




ડિસેમ્બરમાં તો કયા વીડિયોઝ વાઇરલ થઇ શકે? રણમાં બરફ પડવાનું શરૂ થયું હોય કે અમુક ઉત્સાહી જીવડા અત્યારથી ક્રિસમસ ટ્રી સજાવવામાં લાગ્યા હોય એવા બધા. પણ છેલ્લા થોડાંક દિવસોમાં બે-ત્રણ ઘટના જ એવી ઘટી કે ડિસેમ્બરની ઠંડીના વીડિયોઝ ઉપર ગરમાગરમ પાણી ફરી વળ્યું. આ વખતે પોપ્યુલર થયેલા વીડિયોમાં અગ્રીમ છે આપણા ઓરેન્જ બોય. પહેચાના? નહિ? અરે, આપણા ટ્રમ્પ ભાઇ. અમેરિકાની ચૂંટણી જીતીને આખા વિશ્વને પ્રિયદર્શનની ફિલ્મો જેવું મનોરંજન પૂરું પાડનાર ડોનાલ્ડ ટ્રમ્પ એક વીડિયોમાં હોટેલમાં વેઇટર બનતાં બતાવવામાં આવ્યા છે! ખબર જ હતી કે તમને વિશ્વાસ નહિ આવે એટલે તો નીચે વીડિયોની URL લિંક આપી દીધી. ડોનાલ્ડ ટ્રમ્પને, નેક્સ્ટ પ્રેસિડેન્ટ ઇલેક્ટ, શું તાન ચડ્યું કે પોતાની જ હોટેલમાં ગયા અને ત્યાં બેલબોય બન્યા, હાઉસકીપિંગ સર્વિસ આપતા કર્મચારી બન્યા, ગેસ્ટના કૂતરાને આંટો મરાવવાવાળા ડોગવોકર બન્યા (બાય ધ વે, એને કૂતરો ન કહેવાય ગેસ્ટને ખોટું લાગે), અને એટલું અધૂરૂં હોય એમ બાથરૂમ સાફ કરનાર સફાઇ કર્મચારી પણ બન્યા! અમેરિકાના ઇતિહાસમાં આ પહેલાં એવા પ્રેસિડેન્ટ થશે જેને તમે કોમેડી કરતાં પણ જોયા છે. દાંતિયા કાઢતા જોયા છે. મિમિક્રી કરતાં જોયા છે. ગુસ્સે થતાં જોયા છે. સામેવાળાની પટ્ટી પાડતા જોયા છે અને હોટેલમાં કામ કરતાં પણ જોયા છે! ક્યાંક ચા વાળા વડાપ્રધાન બને તો ક્યાંક વેઇટર પ્રેસિડેન્ટ બને! આપણે તો મનોરંજન લેવાનું.

https://www.youtube.com/watch?v=S8MXKdXl6Wk



## INSTAGRAM

આ વખતનો સુપરહિટ ફોટો ફેમિનિસ્ટ લોબીને મજા આવી જાય એવો છે. જોકે, સહેજ એડલ્ટ છે, પણ ઇનોવેટિવ ખરો. સરકાર જેની જાહેરાત વરસોથી કરતી આવી છે એની જાહેરાત ક્રિએટિવલી કઇ રીતે થઈ શકે એ શીખવા જેવું ખરું. એક ફિમેલ સ્વિડીશ સિંગર છે ઝારા લાર્સન. ઉંમર વર્ષ કેટલા? ફક્ત સત્તર વર્ષ. તો આ ઝારા બેને એવું કર્યું કે કોન્ડોમ પોતાના પગમાં પહેર્યું અને તે ફોટો ઇન્સ્ટાગ્રામ ઉપર મૂક્યો! જોતજોતામાં તો બાવન હજાર ઇન્સ્ટાગ્રામ યુઝર્સ તરફથી તેને એપ્રિશિએશન મળ્યું! અબ બચ્ચે જલદી બડે હોને લગતે હૈ...!

## FREAKING FACEBOOK

ફેસબુક ખરા અર્થમાં છેલ્લા મહિનામાં ફ્રેકિંગ બન્યું. કોઇ જગ્યાએ તો ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ પણ બની ગયું. પણ બને જ ને, સાહેબે નસબંધી... ઉપ્સ આઇ મીન નોટબંધી આખા દેશની કરાવી નાખી છે તો. આમ પણ રોકડા રૂપિયા એ તો ભારતીય અર્થતંત્રની નસ જ કહેવાય ને! નોટબંધી થઇ તો થઇ, પણ ફેસબુક શાહરૂખ ખાનની ફિલ્મ 'જોશ' બની ગઇ. અરે 'હમ ભી હૈ જોશ મેં, બાતે કર હોશ મેં...' જેવું જ




ફેસબુકમાં થાય. એ ફિલ્મમાં પણ બે ગ્રૂપ હતાં ને! એક ઇગલ ગેંગ તો બીજી બિચ્છુ ગેંગ. ફેસબુકમાં પણ એવું ડીટ્ટો. પ્રચલિત ટર્મિનોલોજી મુજબ એક ગેંગ છે ભક્તો તો બીજી છાવણી એટલે વિરોધીઓની. આ બધા એટલા નિયમિત છે સાહેબ. શું વાત કરું તમને! સવારે ઊઠીને મંગળાની જેમ એકસાથે પાંચ પોસ્ટ આવી જાય, નોટબંધીના આ-આ ફાયદાઓ. તો તરત વિરોધીઓ બાંગ પોકારે. કોઇ અંગ્રેજી આર્ટિકલની લિંક લાવીને મૂકે અને દાંત ભીંસીને કહે જુઓ જુઓ આ ગેરફાયદાઓ છે. એક ગેંગ સતત કહે છે કે પહેલી ડિસે.થી ભારતમાં પરીઓ ઊડતી હશે, તો બીજી ગેંગને દેશમાં હિડિંબાઓ ઊડતી દેખાય છે. બચારો ઝુકરબર્ગ પણ કંટાળીને ભાગી ગયો હશે.. નારાયણ... નારાયણ...

## WHAT 'S IN WhatsApp?

ભાઇ, બંધુ, વડીલ ચ સખા ત્વમેવં.. બસ કરો.. અરે, બસ કરો. ૫00-૧000ના ઈનફ જોક્સ આવી ગયા. કેજરીવાલના વીડિયોઝ જોઇ જોઇને બહુ હસી લીધું, હવે નહિ. જો કે, જોક્સ સારા, લાંબા લાંબા લેખો કરતાં. એટીએમ અને બેંકની બહારની લાઇનોના ફોટોઝ જોઇ જોઇને અમુક વોટ્સએપ યુઝર્સને તો માણસોના ટોળા જોવાની એલર્જી થઇ ગઇ. જો કે, અમુક તો આ છેલ્લા અઠવાડિયામાં વોટ્સએપમાં જ દેખાતા ન હતા. (ખિસ્સામાં પૈસા બચ્યા હોય તો ઇન્ટરનેટનું બેલેન્સ કરાવે ને... ખી ખી ખી) એક જાણવા જેવી વાત એ છે કે ગુજરાતના એક મોટા એફએમ સ્ટેશને ગુજરાત લેવલે શોર્ટ ફિલ્મની કોમ્પિટિશન યોજેલી જેમાં માત્ર પાંચ દિવસમાં ફિલ્મ બનાવીને સબમિટ કરવાની હતી. સેંકડો એન્ટ્રીઝમાંથી કચ્છના વિદ્યાર્થીઓનું એક ગ્રૂપ આ સ્પર્ધા જીતી ગયું. તો તેમના SPARK Production નામના વોટ્સએપ ગ્રૂપમાં ધમાલ મચી ગઇ છે. આ વાત અહીં કરવાનો આશય એ કે SPARK Production ટૂંક સમયમાં કોઇ જ કોમર્શિયલ એસ્પેક્ટ વિના વેબ સીરિઝ ચાલુ કરવા માગે છે જેમાં તે નવોદિત, ઉત્સાહી એવા ફ્રેશ એક્ટર-સિનેમાટોગ્રાફર-રાઇટર-આસિસ્ટન્ટ-પ્રોડ્યુસર વગેરે મેલ/ફિમેલને લેવા માગે છે આખા ગુજરાતમાંથી. આ ગ્રૂપમાં જોડાવવા ફેસબુકમાં Spark Production કે જય પોકાર કે આ લખનારનો સંપર્ક થઇ શકે.

## MOBILE MANIA

★ આઇફોન આવી રહ્યો છે એ ઘટના તો એટલી ચગી જાણે અઝીમોશાનશહેનશાહ પધારી રહ્યા હોય. એન્ડ્રોઇડ બનામ આઇફોનની લડાઇ પણ સોશિયલ મીડિયા પર ઘણી રહી. જોકે, એક બેડ ન્યૂઝ, સ્પેશિયલી ફોર આઇફોન લવર્સ. iPhone 6 અને iPhone 5Sના વપરાશકર્તાઓની ફરિયાદ છે કે જ્યારથી તેમણે તેમના ડિવાઇઝનું વર્ઝન iOS 10.1.1 અપડેટ કર્યું છે ત્યારથી તેમના ફોનની બેટરી ફક્ત વીસ મિનિટમાં ઉતરી જાય છે! (પાર્ટી તો આપો, એન્ડ્રોઇડ યુઝર્સ!)



★ આઇફોન વાપરનારાઓએ બહુ ગુસ્સો કરવાની જરૂર નથી. કારણકે, એપલ કંપનીએ એક મસ્ત મજાનું ટેબ મેકબુક પ્રો બહાર પાડ્યું છે 'Touch Bar'. ખાલી ૧૪.૯ મિલિમીટરની જાડાઇ ધરાવતા આ સફેદ રંગના મેકબુકની કિંમત છે એક લાખ પંચાવન હજાર નવસો ફક્ત. **(અને હા, આ વ્હાઇટ કલરનું એપલ મેકબુક ખરીદવા 'વ્હાઇટ'ના જ રૂપિયા જોઇશે હો!)**



★ ભાઇ, વોકમેન બંધ થયેલા ત્યારે કોણે કોણે આંસુ સારેલા? હેપી ન્યૂઝ ફોર યુ પીપલ! સોનીએ નિશ્ચિત સમય માટે લિમિટેડ એડિશન વોકમેન બહાર પાડ્યું છે જેનું નામ છે 'ફાઇનલ ફેન્ટેસી.' એટલું જ નહિ, તેની સાથે hear.on નામના હેડફોન્સ અને hear.go બ્લ્યુટૂથસ્પીકર્સ પણ ખરા. અલ્ટ્રા મોર્ડન અને હાઇ ટેક એવા આ વોકમેન, હેડફોન અને સ્પીકર્સનો ભાવ શું? અનુક્રમે ૩00, ૨૨0 અને ૨૬0. (નાનીશી ચોખવટ: ભાવ રૂપિયામાં નહિ ડોલરમાં આપ્યો છે હો!)




★ નવા નવા ફોન મોડેલ લોન્ચ થતા રહે છે (તો સેમસંગે નવા નવા ફોન પાછા પણ ખેંચવા પડે!). એક અચરજ પમાડે એવા ન્યૂઝ એમ છે કે Xiomiના વાઇસ પ્રેસિડેન્ટ હુગો બાર કહી રહ્યા છે કે અમે ફોનમાંથી એક પૈસો પણ નથી કમાતા! 'અમે ૧૦ બિલિયન સ્માર્ટફોન વેચીએ તો પણ એક પૈસો નફાનો ન કમાઇએ!' વિશ્વાસ આવે છે તમને આ બયાન ઉપર? (ચાઇનીઝ ઉપર આમ પણ કેમ વિશ્વાસ આવે?)





ડૉ. શૈલેષ જાની
સાયકિયાટ્રિસ્ટ

# મુગ્ધાવસ્થા અને માનસિક સ્વાસ્થ્ય

મુગ્ધાવસ્થા દરમિયાન અગત્યના અને શારીરિક, જાતીય અને માનસિક પરિવર્તનો આવતાં હોય છે. આ સમય દરમિયાન યુવક કે યુવતી ભવિષ્યની શૈક્ષણિક, આર્થિક, સાંસ્કૃતિક, કૌટુંબિક અને સામાજિક જરૂરિયાતો માટે તૈયાર થાય છે. સંજોગોવસાત્ આ વૃદ્ધિના વિકાસમાં કોઇ અનિયમિતતા કે અસમાનતા હોય તો તે સાંવેગિક અસ્થિરતાનું નિર્માણ કરે છે. આ સ્થિતિને યોગ્ય સમયે જાણવામાં ન આવે તો તે લાંબાગાળાની વિઘાતક અસરો પણ પાડી શકે છે.

**સમસ્યા અને તેના કારણો**

**માતા-પિતા અને કૌટુંબિક સંબંધો :** આમાં પેઢીગત અસમાનતા, શિસ્તનો અતિરેક, સમાન વયસ્કો વચ્ચે સ્પર્ધા, માતા-પિતાની અનેક અપેક્ષાઓ, ઉપરાંત સંતાનો અને માતા-પિતા વચ્ચે નૈતિક મૂલ્યોની અસમાનતા મુખ્ય છે.

**મૈત્રી અને સમવયસ્ક સંબંધો :** ક્યારેક મિત્રો દ્વારા પાન, માવા, સિગારેટ અને દારૂ જેવા વ્યસનો માટેનો દુરાગ્રહ તેને વ્યસનો તરફ દોરી જશે. ક્યારેક મૈત્રીને કારણે સંતાન જાતીય દુઃસાહસો અને હિંસક વર્તન તરફ દોરી જાય છે. સમવયસ્કો સાથેની સ્પર્ધા કે આર્થિક સ્થિતિ બાબતની મજાક પ્રભાવક બની જાય છે.



**જાતીય સંઘર્ષોઃ** કિશોર કે કિશોરીના મુગ્ધાવસ્થા દરમિયાન જાતીય અનુભવો, પૂર્વ લગ્નેત્તર ગર્ભાધાન, પ્રણય સંબંધમાં તિરાડ, અનેક સ્ત્રી મિત્રો, નૈતિક પ્રતિબંધોનો અતિરેક અથવા સ્વચ્છંદતાની હદે સ્વતંત્રતાને કારણે પણ જાતીય સંઘર્ષ અનુભવે છે.

**સૌંદર્ય અને શરીર સૌષ્ઠવના આદર્શની સમસ્યા :** ટીવી અને ઇન્ટરનેટ જેવા માધ્યમોના પ્રભાવને લીધે ઘણીવાર મુગ્ધાવસ્થા કાળમાં સ્વયંના શરીર પ્રત્યે અભાવ પેદા થાય છે. પરિણામે આત્મગૌરવ કે આત્મસન્માન ઘટી જાય છે. જેમ કે દૂબળા કે જાડા શરીર પ્રત્યેનું વલણ.

**કારકિર્દી પસંદગીની સમસ્યા :** ક્યારેક માતા-પિતા કે મિત્ર સંબંધીઓની અપેક્ષા અને સ્વપ્ન સાકાર કરવા પસંદ કરેલ વ્યવસાયને લીધે અથવા તો પૈસા કે પ્રતિષ્ઠાને ધ્યાનમાં રાખીને આવેશપૂર્વક પસંદ કરેલા વ્યવસાયમાં હતાશા કે નિષ્ફળતા જોવા મળે છે.

**કાયદાકીય સમસ્યાઓ :** ગુસ્સા કે આવેશનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં ન આવે તો સંતાનો હિંસા, ઉતાવળું ડ્રાઇવિંગ, દારૂ, અફીણ, બ્રાઉન સ્યુગર વગેરે જેવી અસામાજિક પ્રવૃત્તિઓ અને વ્યસનોનો ભોગ બને છે. પરિણામે કાયદાકીય સમસ્યાઓ સર્જાય છે.

ઉપરોક્ત સમસ્યાને લીધે દલીલબાજી કે બીભત્સ શબ્દો બોલવા, વાતવાતમાં રડવું, ચિંતાનું અતિરેકપણું, વડીલો પ્રત્યે તિરસ્કાર અને ધૃણા, અવિચારી અને મનસ્વી વર્તન, દરેકને દોષિત ગણવા વગેરે જેવી સમસ્યા ઉદ્ભવી શકે છે.

**વધુ તીવ્ર અસરો**

જ્યારે ઉપરોકત અસરો લાંબાગાળે વધુ તીવ્ર બને ત્યારે ચિંતા અને આવેશમાં તીવ્ર વધારો, ઉન્માદ અને હતાશા, દારૂ સિગારેટ જેવા વ્યસનો ચરમસીમાએ પહોંચે છે. અનૈતિક અને અસામાજિક પ્રવૃત્તિઓ વધે છે. વ્યક્તિ આપઘાત કરવાનો પ્રયત્ન કરે છે અથવા તો ધમકી આપે છે.

**સમસ્યાનું નિવારણ**

**વ્યક્તિગત સ્તરે :** તમારી ગુસ્સાની અનેકવિધ અભિવ્યક્ત લાગણીઓ અને શક્તિને રમતગમત, કસરત, નૃત્ય, ચિત્ર, સંગીત, પ્રવાસ, વાંચન-લેખન કે સમાજસેવા જેવી રચનાત્મક અને સર્જનાત્મક પ્રવૃત્તિ તરફ વાળો. તમારા મિત્રો જો તમને અસામાજિક કે અનૈતિક પ્રવૃત્તિ માટે દબાણ કરે તો તેને 'ના' કહેવાની આદત કેળવો. જરૂર લાગે ત્યાં માતા-પિતા, વડીલ, શિક્ષક કે શુભેચ્છકની સલાહ લો.

મુગ્ધાવસ્થા એ એવી અવસ્થા છે જેમાં માતા-પિતા દ્વારા સંતાનોની પૂરતી કાળજી રાખવામાં ન આવે તો તેઓ આગળ વધવાને બદલે મુખ્ય રસ્તા પરથી ભટકી શકે છે. જેના લીધે તેમનું જીવન બરબાદ પણ થઇ શકે છે. તેથી માતા-પિતાએ સંતાનોની આ અવસ્થાને સમજવાની જરૂર છે. ફી

## કૌટુંબિક અને સામાજિક સ્તર

★ મુગ્ધાવસ્થા એ કટોકટી અને અરાજકતાનો સમય છે જે સમય જતાં પસાર થઇ જાય છે.
★ મુગ્ધોની જરૂરિયાત પ્રમાણે તેને સ્વતંત્રતા, તક અને સમય આપો.
★ તેની દરેક સમસ્યાને તેના સ્તરે આવીને સમજવી અને યોગ્ય સમયે સલાહ, સૂચન અને હૂંફ આપવી.
★ તેની સાથે નિઃસ્વાર્થ, બિનશરતી અને પારદર્શક રીતે પ્રત્યાયન કે વ્યવહાર કરવો.
★ શિક્ષણ અને સંસ્કાર દ્વારા તેને જીવનની વિવિધ અવસ્થાઓ માટે તૈયાર કરવા.

**મનોચિકિત્સક સ્તર :** અસામાન્ય વર્તન લાંબો કાળ રહે તો શક્ય તેટલી ઝડપથી મનોચિકિત્સકને રૂબરૂ મળી તેની સલાહ લેવી.

■ કૌસ્તુભ આઠવલે

**આંખો, કિડની, લીવર જેવા અંગો સ્વસ્થ અને સારું જીવન જીવવા અનિવાર્ય ગણાય છે પરંતુ કોઈક કારણસર આ અંગો કામ કરતાં ન હોય અથવા બંધ થઈ ગયા હોય તો પ્રત્યારોપણ દ્વારા તે વ્યક્તિના જીવનમાં સુખનો સૂરજ ઊગાડી શકાય છે. આનંદની વાત એ છે કે સમાજ આ બાબતે જાગૃત થઈ રહ્યો છે અને હવે આર.ટી.ઓ. પણ આ દિશામાં સક્રિય થયું છે**



**ડી. એમ. રાવ,** પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, વડોદરા

# આર.ટી.ઓ. દ્વારા અંગદાનનો નવતર પ્રયોગ

આ જે પ્રત્યેક જણ દાન-પુણ્ય અને સત્કર્મોનું ભાથુ બાંધીને પોતાનો આ ભવ સફળ કરવાનો પ્રયત્ન કરતું હોય છે. તે માટે અનેક રીતે ધાર્મિક પરંપરાઓ થકી દાન-પુણ્ય કરીને પ્રત્યક્ષ કે પરોક્ષ સ્વરૂપે કોઈને મદદ કરવાનો પ્રયત્ન કરીને પોતાના કલ્યાણ સાથે બીજાને પણ મદદરૂપ બનવાનો પ્રયત્ન કરતા હોય છે. દરેક ધાર્મિક સંપ્રદાયોમાં દાનના અલગ અલગ મહિમા વર્ણવવામાં આવ્યા છે. દાનના વિવિધ પ્રકારોમાં સૌથી શ્રેષ્ઠ દાન કહેવાય ઓર્ગન ડોનેશન. ઓર્ગન ડોનેશન એટલે માનવદેહના એવા અંગો કે જે અન્ય માણસને ઉપયોગી થઈ શકે. મૃત માણસના વિવિધ અંગો જેવા કે આંખો, કિડની, લીવરનું પ્રત્યારોપણ હવે વિજ્ઞાનની મદદથી શક્ય બન્યું છે. પહેલાના જમાનામાં કેટલીક ધાર્મિક રૂઢિઓના લીધે આ રીતે અંગ પ્રત્યારોપણ કરવાના આ પરોપકારી કર્મને શાસ્ત્ર વિરુદ્ધ ગણવામાં આવતું હતું. સમય જતાં જરૂરિયાતો બદલાઈ. તેની સાથે કેળવણી પ્રાપ્ત થતાં લોકોના વિચારો બદલાયા. ધાર્મિક રૂઢિઓમાંથી લોકોએ પોતાની જાતને બહાર લાવી પ્રેક્ટિકલી વિચારવાનું શરૂ કર્યું. જેને લીધે અંગ પ્રત્યારોપણ શકય બન્યું. આ અંગ પ્રત્યારોપણમાં પણ કેટલીક મર્યાદાઓ આવતી હતી. જેમ કે મૃતકના પરિજનો ક્યારેક ભાવાવેશમાં આવીને કોઈને અંગ પ્રત્યારોપણ કરવાની આ પરોક્ષ દાનની નવીન દ્રષ્ટિને સ્વીકારતા નહોતા. પરંતુ જ્યારે કેટલાક કિસ્સાઓમાં આ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશનની પ્રક્રિયા સફળ રહી. ત્યારે જીવંત વ્યક્તિને મૃત માણસના અંગો ઉપયોગમાં આવી શકે છે તેનો સકારાત્મક અભિગમ કેળવાયો. મૃતકોના પરિજનો હવે તેમના મૃતક આપ્તજનના અંગદાન માટે આગળ આવવા લાગ્યા છે. એટલું જ નહીં સામાજિક સંસ્થાઓ, એનજીઓ તેમજ સરકારી વિભાગો પણ હવે આ દિશામાં પહેલ કરી રહ્યાં છે એ એક સકારાત્મક બાબત છે. ગુજરાત સરકારના વાહનવ્યવહાર વિભાગે પણ આ દિશામાં સક્રિય થઈ એક નવી પહેલ શરૂ કરી છે.

એ વિષયમાં વડોદરા આરટીઓના હેડ રાવ સાહેબ જણાવે છે કે ઓર્ગન ડોનેશનનું કામ એ એલઆઈસીની સુવિધા જેવું છે. જ્યારે મૃત માણસની બોડી ડીક્લાઈન થઈ જાય પછી તેનો કોઈ ઉપયોગ રહેતો નથી. ત્યારે તેમના અંગો-ઉપાંગો કોઇ જીવંત માણસની જરૂરિયાતને પૂરી કરવાની ગરજ સારતી હોય તો આના જેવું શ્રેષ્ઠ પરોપકારનું કે પુણ્યનું કામ એકેય નથી.

રાવ સાહેબ ગીતાના ભગવાન શ્રી કૃષ્ણના વચનને ટાંકતા કહે છે કે જેમ ભગવાન શ્રી કૃષ્ણે જીવનના તમામ કર્મોને નિષ્કામરૂપે કરવા માટે પ્રેરણા કરી છે તેમાં કેટલાક કાર્યો સાંસારિક આસક્તિઓમાં નિષ્કામરૂપે થઈ શકતા નથી. ક્યાંક ને ક્યાંક કોઈ અંગત સ્વાર્થ ડોકાતો હોય છે. ત્યારે આ ઓર્ગન ડોનેશનનું કામ એ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ નિષ્કામ કર્મ ગણી શકાય. જે માટે RTO દ્વારા એક પહેલ રૂપે ગત વર્ષના મે મહિનાથી નવીન ગાડીઓના પાસિંગ માટે આવતા નાગરિકો માટે એક ઔપચારિક ફોર્મ તૈયાર કર્યું છે જેમાં આકસ્મિક વાહન અકસ્માત થાય તો મૃત્યુ બાદ જે તે વ્યક્તિના ઓર્ગનને જરૂરિયાતમંદ માણસને પ્રત્યારોપિત કરવા માટે મંજૂરી આપવા લેખિત બાંહેધરી રૂપે ઓબ્જેક્ટિવ ટાઈપ ફોર્મમાં સ્વીકૃતિ લેવામાં આવે છે.

RTO દ્વારા લોકોને ઓર્ગન ડોનેશનના આ વિશિષ્ટ કામ માટેની જાગૃતિ લાવવા બીજું શું કરી શકાય તેવા પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું હતું કે હાલ તો નવી ગાડી લઈને આવતા નાગરિકો માટે ઔપચારિક ફોર્મ્સમાં તેમની કન્સેન્ટ લેવાની શરૂઆત કરી છે. પરંતુ આગળ જતા RTOમાં આવતા લોકોને આ વિષયમાં વિશેષ જાગૃતિ લાવવા માટે LED સ્ક્રીન પર અંગ પ્રત્યારોપણના શું ફાયદાઓ છે અને તે કયા સંજોગોમાં થઈ શકે તે માટે માર્ગદર્શન અપાશે. આ દિશામાં હજી તો પ્રાથમિક તબક્કે જ આ પહેલ કરેલી છે જેની અસર થતા થતા થોડોક સમય લેશે કહેતાં રાવ સાહેબ ઉમેરે છે કે ધીમે ધીમે પણ જાગૃતિ આવતાં હવે લોકો સંમતિ આપતા થયા છે. ફી






■ ફીલિંગ્સ ટીમ

આર્ટને માત્ર પોતાનો પ્રોફેશન નહીં પણ જવાબદારી માનતા એક અનોખા આર્ટિસ્ટ એટલે ચૌલા દોશી... એક આર્ટિસ્ટ અને આર્ટ ક્યુરેટર તરીકે ૧૦ વર્ષથી કામ કરનાર અમદાવાદના ચૌલા દોશી આર્ટ ક્ષેત્રે અનોખું નામ છે. આર્ટ વિશેની અવેરનેસ આમ જનતા સુધી પહોંચે તેવા પ્રયત્નોમાં રત ચૌલા દોશી પેઈન્ટિંગ દ્વારા નેશનલ અને ઈન્ટરનેશનલ લેવલે છવાઈ ગયા છે...

પેન્ટિંગ્સ અને રંગોના માધ્યમથી ખુશીની પળો આપનારું અનોખું વ્યક્તિત્વ ...

# ચૌલા દોશી

**૨૦૧૦થી આજ સુધી ચૌલા દોશીના અનેક શો વિવિધ સ્થળે યોજાઇ ગયા છે. જેમાં ડ્યુઅલ શો, સૉલો શો અને ગ્રૂપ શોનો સમાવેશ થાય છે. તેમના દરેક પેઇન્ટિંગ્સમાં હ્યુમન ઇમોશન્સને ખૂબ સુંદર રીતે કંડારવામાં તેઓ માહિર છે...**



એક આર્ટિસ્ટ અને આર્ટ ક્યુરેટર તરીકે છેલ્લા ૧૦ વર્ષથી કામ કરનાર એક વ્યક્તિત્વનું નામ છે...ચૌલા દોશી. એક આર્ટિસ્ટ હોવાની સાથે સાથે આર્ટ એક્સચેન્જના હિમાયતી એવા ચૌલા દોશી, હંમેશાં કોશિશ કરે છે કે ગુજરાતની બહાર અને ઇન્ટરનેશનલ આર્ટિસ્ટ્સની આર્ટ ગુજરાતમાં લાવી શકાય અને ઇન્ડિયાની આર્ટ ઇન્ડિયાની બહાર ડિસ્પ્લે કરાય. જેથી અલગ અલગ પ્રાંતની આર્ટ લોકો જોઇ શકે અને આર્ટ વિશે વધારે જાણી શકે.

ચૌલા દોશી આમ જનતામાં પણ આર્ટ વિશેની અવેરનેસ લાવવા માટેનો એક નવો પ્રયાસ કરી રહ્યા છે. આમ જનતા સુધી આર્ટનું મહત્ત્વ પહોંચાડવાના પ્રયત્નરૂપે ચૌલા દોશી કહે છે કે, 'લોકો પોતાના ઘરને સજાવવા માટે કોઇ વખત પ્રિન્ટ્સને ફ્રેમ કરી ઘરમાં લગાવતા હોય છે, તો કોઇ વખત તો બધા પોસ્ટર્સ પણ ફ્રેમ કરી લગાવી દેતા હોય છે, માત્ર એવી માન્યતાથી કે ઓરિજિનલ આર્ટ મોંઘી હોય છે! પરંતુ આર્ટને વધારે ને વધારે લોકો સુધી પહોંચાડવા સમજ પડે તેવી આર્ટ પણ હું રાખું છું. અને દરેક ઘરના ઇન્ટિરિયરને અનુરૂપ આર્ટ પણ લોકોને મળી રહે એવો પ્રયત્ન કરું છું. આર્ટને હું માત્ર મારું પ્રોફેશન નહીં પણ મારી સોશિયલ જવાબદારી માનું છું. એટલા માટે હું અફોર્ડેબલ આર્ટ પણ બનાવું છું જેથી સામાન્ય માણસ પણ ઓરિજિન આર્ટ ખરીદી શકે અને ઘરમાં સજાવી શકે.'

આર્ટને પોતાની સોશિયલ રિસ્પોન્સિબિલિટી માનતા ચૌલા દોશી આર્ટને દરેક લોકો સુધી પહોંચે તે રીતે પ્રસ્તુત કરવા માગે છે. અને એટલે જ તેઓ વોટર કલર પેન્ટિંગ્સ, ડ્રાય પેસ્ટલ વર્ક, ચારકોલ વર્ક્સ દ્વારા બનાવેલ મનોહર પેન્ટિંગ્સ પણ રાખે છે. ચૌલા દોશી આર્ટને વરેલા એક એવા કલાકાર છે જેમણે વિવિધ આર્ટ ગેલેરી દ્વારા નેશનલ અને ઇન્ટરનેશનલ લેવલે પોતાની આર્ટનું ડિસપ્લે રજૂ કર્યું છે. જેને આર્ટપ્રેમીઓ તરફથી ઘણો સારો પ્રતિભાવ મળ્યો છે. ચૌલા દોશી પોતાની આર્ટમાં વિવિધ કલરને પહેલો પ્રેફરન્સ આપે છે. તેઓ કહે છે કે કલર્સ એ આર્ટને એક અલગ લૂક આપે છે. દરેક કલર એક આગવો અને અનોખો શેડ ધરાવે છે. તો દરેક ટેક્ષચર તેની ખાસ વાત રજૂ કરે છે. તેમના વિવિધ શો માં રજૂ થયેલ પેઇન્ટિંગ્સમાં આ દરેક વાત પ્રદર્શિત થાય છે.

પેઇન્ટિંગ્સમાં હ્યુમન ઇમોશન્સને સુંદર રીતે કંડારતા ચૌલા દોશીના ૨૦૧૦થી આજ સુધી અનેક શો વિવિધ સ્થળે યોજાઇ ગયા છે. જેમાં ડ્યુઅલ શો, સૉલો શો અને ગ્રૂપ શોનો સમાવેશ થાય છે. થોડા દિવસો પહેલાં જ તેમનો એક ગ્રૂપ શો યોજાઇ ગયો. 'ગસ્તો-અ જર્ની ઓફ જોય' ટાઇટલ હેઠળ અમદાવાદમાં યોજાયેલ આ શોમાં વિવિધ રંગોના માધ્યમ દ્વારા ખુશીની પળોની અભિવ્યક્તિ જોવા મળી હતી. એક્ઝિબિશનમાં ચૌલા દોશી ઉપરાંત શેફાલી શાહ, નિલેષ વેડે, પરાગ બોર્સે અને સચિન પાલેકરના ચિત્રો પણ રજૂ થયા હતા.

અહીં ખાસ વાત એ હતી કે, આ પાંચેયમાં એકમાત્ર ચૌલા દોશી અમદાવાદના હતા, જ્યારે બાકીના ચાર મુંબઇના હતા. આ એક્ઝિબિશન સંદર્ભે ચૌલા દોશી કહે છે, કે ધર્મના નામે આજે જ્યાં જુઓ ત્યાં અશાંતિ વ્યાપેલી જોવા મળે છે, તેવામાં અમારા ગ્રૂપનો આશય આર્ટના માધ્યમથી આનંદ આપવાનો હતો જે અમે અહીં આપ્યો છે.



પારુલ સોલંકી



# ગૃહિણીઓ પણ ફુરસદના સમયમાં કંઇક સર્જનાત્મક કાર્ય કરી શકે છે



**ગૃહિણીઓને આખા દિવસમાં બે-ત્રણ કલાક ફુરસદ મળતી હોય છે ત્યારે એ સમયને ગોસિપ કરવામાં કે ટીવીના નિરસ કાર્યક્રમો જોવામાં વેડફવા કરતાં કંઇક નવું અને સર્જનાત્મક હોય એવું શીખવા માટે આપે તો મનને આનંદ મળે છે...**

સાંજના છ વાગ્યા હતા. સોસાયટીના કોમન પ્લોટમાં આવેલ બેન્ચીસમાં રોજ સાંજની જેમ જ બાર-પંદર ગૃહિણીઓની પરિષદ ભરાઇ હતી અને થોડીવારમાં જ તે સોસાયટીમાં રહેતી ૩૦ વર્ષીય ગૃહિણી પ્રકૃતિ બહારથી આવી. ત્યાં બેઠેલ પાડોશી મહિલાઓ સામે સ્મિત આપીને જસ્ટ હાય-હલ્લો કર્યું અને પોતાના ઘર તરફ જઇ રહી હતી. ત્યાં જ બેઠેલ ગૃહિણીઓમાંથી રૈનાએ તેને બોલાવી. પ્રકૃતિબેન! ક્યાં જઇ આવ્યાં? કોઇવાર તો અમારી કંપનીમાં આવીને બેસો. કાયમ દૂરથી હાય-હલ્લો કરીને ઘરે ચાલ્યા જાઓ તે ના ચાલે!

હું અત્યારે ફોટોગ્રાફી શીખી રહું છું. એના એસાઇન્મેન્ટ કરવાના હોય અને પ્લસ ફૂલટાઇમ હું હોમમેકર તો ખરી જ. તેથી હમણાં તો બહુ બિઝી શિડ્યુલ છે મારું. તેથી પાંચ મિનિટ માટે પણ બેસવાનો ટાઇમ નથી. પ્રકૃતિએ ચાલતાં-ચાલતાં જ રૈનાને હસતાં-હસતાં જવાબ આપી દીધો. અને તેના ગયા બાદ ત્યાં બેઠેલ સ્ત્રીઓમાં અંદરોઅંદર ગોસીપ શરૂ થઇ ગઇ.

ફોટોગ્રાફી? મારી બેન, આપણે સ્ત્રીઓએ શીખવા તો ઘણા અલગ-અલગ કોર્સ હોય છે. તો પ્રકૃતિ ફોટોગ્રાફી જ કેમ શીખે છે એ ન સમજાયું? ત્યાં બેઠેલ મીનામાસીએ વાતમાં મમરો મૂક્યો. માસી, આખો દિવસ આપણે ઘર-પરિવારની સંભાળમાં વ્યસ્ત હોઇએ તો થોડીવાર અહીં સોસાયટીના મહિલા મંડળમાં બેસીએ તો કંઇક રિલેક્સ થવાય. એમાં આ પ્રકૃતિ ફોટોગ્રાફી શીખશે તો એને બેસવા માટે નવરાશ મળશે જ નહિ. જો કે, આમ પણ એ ક્યાં આપણી સાથે કોઇ દિવસ બેસવા આવી છે?

આ બાબતે યુવાન, ઉત્સાહી અને ડાયનેમિક પ્રકૃતિ કહે છે... લગ્ન બાદ માત્ર હાઉસવાઇફ બનીને નથી બેસી રહેવું. પરંતુ ઘર-પરિવારની જવાબદારી અને બાળકના યોગ્ય ઉછેર સાથે કંઇક નવું જરૂર કરવું છે. આવા વિચારો મારા મનમાં કોલેજ સમયથી ચાલતા રહેતા. છેલ્લા ઘણા સમયથી કંઇક નવી પ્રવૃત્તિ કરવાનો વિચાર મનમાં ઘોળાતો હતો. એક સરસ વિચાર આવ્યો. ચાલ ને! હું ફોટોગ્રાફી શીખું તો... કંઇક સર્જનાત્મક અને નવું જેમાં મને આનંદ મળશે.

ફોટોગ્રાફી શીખવા પાછળના કારણ વિશે પ્રકૃતિનું વિસ્તારથી કહેવું એ છે કે, મારા બાળપણથી જ મને ફોટોગ્રાફીનો શોખ રહ્યો છે. અત્યારે છેલ્લાં ઘણાં સમયથી સેલફોનમાં જ કેમેરાથી ફોટોગ્રાફી થાય છે. પરંતુ હું મારા બચપણમાં કેમેરાથી બર્ડ્સ, નેચર અને ફેમિલીની ખૂબ ફોટોગ્રાફી કરતી. કેમ કે, એ મારો શોખ હતો અને છે. તેથી અત્યારે એમાં પ્રોફેશનલી વધુ શીખીને મને મારા શોખને ડેવલપ કરવાની તક મળી છે. અને ફોટોગ્રાફી એ એક ક્રિએટિવ વર્ક છે. અભિવ્યક્તિનું એક સશક્ત માધ્યમ છે. ખાસ એટલે જ એમાં હું આગળ વધવા માગું છું. આજના સમયમાં ફોટોગ્રાફીમાં પણ એક સારી અને સફળ કરિયર બનાવી શકાય છે. કેમ કે, ફોટોગ્રાફીનું ક્ષેત્ર માત્ર ફેશન શોઝ અને મીડિયા પૂરતું સીમિત નથી રહ્યું, પરંતુ નાના-મોટા પ્રસંગો પર પણ ફોટોગ્રાફીનો ક્રેઝ દેખાય છે. હા, એક મુખ્ય વાત એ કે એક સ્ત્રી તરીકે ઘર-પરિવારના કાર્યને બેલેન્સ કરીને મારે શોખને જાળવી રાખીને મારું કાર્ય કરવાનું છે. એ મારી જવાબદારી પણ હું સમજું છું.

આ બાબતે પ્રકૃતિની એક બેસ્ટ ફ્રેન્ડે સવાલ કર્યો, ઘર-પરિવાર સંભાળવાની સાથે આવું નવું તું કેવી રીતે શીખીશ? ઘર-પરિવાર, સામાજિક વ્યવહારોની વ્યસ્તતામાંથી શ્વાસ લેવા જેટલો માંડ ટાઇમ મળતો હોય ત્યાં નવું કંઇક કેમ કરવું? મારી વાત કરું તો આવું નવું શીખવાની માથાકૂટ હું તો ના કરું! અને તું પણ એના કરતાં નવરાશના સમયમાં બેઘડી બેસ ને! સાંજે બધી પાડોશી મહિલાઓ સાથે સાથે બેસ તો તને કંઇક થોડો આરામ મળે. મન પ્રફુલ્લિત થાય!

આ બાબતે પ્રકૃતિની વાત કરીએ તો પ્રકૃતિનો મૂળ સ્વભાવ જ એવો છે કે એને ફુરસદની ક્ષણોમાં બેસી રહેવું નથી ગમતું. તેના કહેવા મુજબ, મને સવાર કે સાંજના મળતી ફુરસદની ક્ષણોમાં ટીવી જોઇને સમય પસાર નથી કરવો કે સોસાયટીના મહિલામંડળ સાથે બેસીને ગોસિપમાં ભાગ લેવો પસંદ નથી. એના કરતાં હું ફોટોગ્રાફી જેવું સર્જનાત્મક કાર્ય શીખીને ફુરસદના સમયનો સદઉપયોગ કરવા માગું છું.

આપણે ત્યાં સામાન્ય રીતે સવારે પતિ ઓફિસે જાય, બાળકો સ્કૂલે જાય ત્યારે થોડા સમય માટે ગૃહિણીઓને કોઇ કામ નથી હોતું. તો આ સમયે કેટલીક સ્ત્રીઓ ટીવીના નીરસ કાર્યક્રમો જોઇ સમય પસાર કરે છે. તો કોઇ આડોશ-પાડોશમાં ચક્કર લગાવી આવે છે. હા, સમય પસાર કરવા આ રીતે હળવું-મળવું એ ખોટું નથી. પરંતુ તેમાં જ્યારે ગોસિપ અને પંચાતની અતિશયોક્તિ આવી જાય ત્યારે સ્ત્રીના મગજ, જીવનમાં નકારાત્મકતા ભરાઇ જાય છે.

પ્રકૃતિનું કહેવાનું એ છે કે ગૃહિણીઓને આખા દિવસમાં જે બે-ત્રણ કલાક ફુરસદ મળે એ સમયને ગોસિપમાં વેડફવા કરતાં કંઇક નવું શીખે. કંઇક સર્જનાત્મક હોય એવું શીખવાથી મનને આનંદ મળશે. આ વાત ઘણી સ્ત્રીઓને કદાચ અઘરી લાગે. પણ સ્ત્રી એકવાર મનથી નક્કી કરી લે પછી એને નવી વસ્તુ શીખવામાં વાર નથી લાગતી. ભગવાને બધાને એક સરખા ૨૪ કલાક આપ્યા છે. બસ, સમયનું મેનેજમેન્ટ કરીને રૂટિનથી નવું સર્જનાત્મક કાર્ય શીખવાનું, કરવાનું છે. એક કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળીને બસ પોતાની અંદર રહેલી ક્ષમતાને પીછાણીને ગમતી પ્રવૃત્તિ કરવાની છે. આવું કરવાથી કાયમ એનર્જેટિક અને હેપ્પી રહેવાશે. ફી

પ્રદીપ ત્રિવેદી

# 'જ્યોતિ' મેરે જીવનદીપ કી જ્યોતિ હૈ
## -પ્રતાપ રાવલ

**પ્રતાપ રાવલ એ લોકસાહિત્યના વિદ્વાન કલાકાર છે. અમેરિકામાં 'ગુજરાત ગૌરવ', 'ગુજરાત રત્ન' જેવા અનેક માન-સન્માન મેળવનાર પ્રતાપભાઇનો આખો પરિવાર કલાકાર છે. તેઓએ વિજ્ઞાન સંશોધન ક્ષેત્રે પણ કાર્ય કરેલ છે. આપણી સંસ્કૃતિના વારસાનું પ્રતાપભાઇ ખૂબ પ્રેમપૂર્વક અમેરિકામાં જતન કરી રહ્યા છે...**

મારા જીવનમાં પ્રકાશ પાથરનાર, મારા જીવનને ઉજ્જવળ બનાવનાર જ્યોતિ મેરે જીવન કી 'દીપ જ્યોત' હૈ.

જ્યોતિ મારા જીવન સંગીતનો મધુર રાગ છે. મારી સાહિત્ય કલાની ખૂશ્બુદાર કલમ છે. હું સ્ટેજ ઉપરના લોકસાહિત્યનો થનગનતો મોર છું પણ આ મોરની યશકલગી તો જ્યોતિ છે!

અમેરિકામાં ઓરેન્જથી વિખ્યાત એવા ફ્લોરિડામાં ગુજરાતી લોકસાહિત્યને જીવંત રાખવાના અને તેમાં મહેક ઉમેરવાના મારા કાર્યમાં મારી સાહિત્યકાર, સંગીતકાર અને કલાકાર એવી જ્યોતિનો હૂંફાળો સાથ રહ્યો છે.

મારા જીવનની સાથીદાર અને સલાહકાર એવી જ્યોતિ ઘરકામ, સંગીત અને સાહિત્ય સર્જનની સામ્રાજ્ઞી તો ખરી, પરંતુ તે ટેક્નિકલ નોલેજની પણ કોઠાસૂઝ ધરાવતી મહારાણી છે. મારો જન્મ વિંછીયા પાસે આલાખાચરની પીપરડી ગામે અને અભ્યાસ વઢવાણની ધૂળી નિશાળ તેમજ કોલકાતાની સ્કૂલમાં થયો હતો. ઇલેક્ટ્રોનિક્સ, માઇનિંગ એન્જિનિયરિંગ અને ન્યુકલીયર સાયન્સમાં અભ્યાસ કર્યા પછી કોલકાતામાં ઘડિયાળ રિપેરિંગનું કામ શોખના કારણે કરતો હતો. એક વખત મારી ગેરહાજરીમાં મારી અર્ધાંગિની એવી જ્યોતિએ ઘડિયાળ ખોલીને ચાલુ કરી નાખી હતી! પહેલાં તો રિપેરિંગમાં આવેલી ઘડિયાળને ખોલી નાખવા માટે તેની ધૂળ કાઢી નાખી હતી. પણ આ વઢ સામે એક પણ શબ્દ બોલ્યા વગર સસ્મિત ચહેરે ઊભી રહી અને ઘડિયાળ ચાલુ થઇ ગયાના ટીક ટીક અવાજ સાથે મારી સામે ટીકી રહી. જે ઘડિયાળ ખોલીને રિપેર કરવી એ ખૂબ જ અઘરી હતી તે ઘડિયાળ તેણે કોઠાસૂઝ, આંતરસૂઝથી ચાલુ કરી દીધી હતી અને પછી મારો ગુસ્સો ઓગળી જતાં મેં તેને ઘડિયાળનું વ્યવસ્થિત નોલેજ આપ્યું. અને તે થોડા દિવસમાં જ ઘડિયાળ - સર્વિસની માસ્ટર બની ગઇ. હું જ્યારે જ્યોતિ અને બંને બાળકો હિતેશ અને રૂપેશને




જ્યોતિ રાવલ પ્રતાપ રાવલ


કોલકાતા મૂકીને કેન્યા કમાણી કરવા ગયો ત્યારે જ્યોતિએ ઘડિયાળ રિપેરની આવકથી ઘરખર્ચ અને બંને બાળકોને ભણાવવાનો ખર્ચ કાઢ્યો હતો. એટલું જ નહિ, પણ તેણે બચાવેલા પૈસાથી હું કેન્યા ગયો હતો.

કેન્યામાં બે વર્ષ સર્વિસ કર્યા પછી જ્યોતિ અને બાળકોને નાઇરોબી બોલાવ્યા. અહીં જ્યોતિએ બંને બાળકોને સંગીતના શિક્ષણ આપવા સાથે સંગીત શીખવવાના કલાસ શરૂ કર્યા. મોટો દીકરો હિતેશ તબલાં-ઢોલક વગાડે અને નાનો રૂપેશ કી-બોર્ડ વગાડે. જ્યોતિએ અહીં સંગીતનો જાદુ પાથર્યો અને નાઇરોબીમાં તેના સંગીત કલાસ ફેમસ થઇ ગયા. સવારે ૯થી રાત્રિના ૧૦ સુધી સંગીતના કલાસ ગૂંજે. જ્યોતિ સંગીતને માત્ર શિખવાડતી નહીં, 'ઘોળીને પીવડાવતી' હતી! તેના સંગીતકલાના સૂર-ટાન્ઝાનિયા, યુગાન્ડા-મલાવી સુધી રેલાયા હતા. તે ગીત-સંગીત-ગઝલના કાર્યક્રમ પણ કરવા લાગી.

૧૯૯૨માં અમેરિકા આવ્યા અને ફ્લોરિડામાં ડેટોના બીચમાં રહેતા હતા. તો ત્યાં પણ જ્યોતિએ સંગીતની યાત્રા જાળવી રાખી. હવે તો શેર, શાયરી ઉર્દૂ ગઝલ - કવ્વાલી પણ ઉમેરી અને તેના મીઠા સૂરની મહેક ચારે બાજુ ફેલાઇ ગઇ. સાથે સાથે સાહિત્યસર્જન શરૂ થયું અને લેખિકા તરીકિના ગુલમહોર ખિલવ્યા.

પણ આ બધા મોરપીંછ સાથે જ્યોતિ હંમેશાં મારા લોકડાયરા અને લોકસાહિત્યના જાહેર કાર્યક્રમો તેમજ સાયન્સ કાર્યક્રમોમાં સતત લાગણીસભર ભીનાશભર્યો સાથ આપતી રહી છે.





■ બેજન દારૂવાલા

# ડિસેમ્બર માસના પ્રથમ પખવાડિયાનું ફળકથન

**મેષ**

જીવનસાથી જોડે હરવા-ફરવાનું બને અથવા આપના કોઇપણ કાર્યોમાં જીવનસાથીનો સહકાર અને માર્ગદર્શન મળી રહે. આર્થિક જોગવાઇના કાર્યોમાં પ્રગતિ થાય. વિજાતીય વ્યક્તિ પ્રત્યે પણ આકર્ષણ વધશે. બીજા સપ્તાહમાં મંગળ શુભ રાશિમાં એટલે કે આપની રાશિથી લાભ ભાવમાં પ્રવેશ કરશે. મંગળ લાભ ભાવમાં મિત્રો, વડીલોના સાથ-સહકાર માટે શુભ ફળદાયી રહેશે.

**વૃષભ**

આપ આનંદ-ઉત્સાહ અને રોમાન્સના મૂડ સાથે આ પખવાડિયાનો પ્રારંભ કરશો. વિજાતીયપાત્ર તરફ આકર્ષણ વધારે રહેશે. બીજા સપ્તાહમાં સરકારી કામો ઉકેલવામાં મુશ્કેલી કે વિલંબ થઇ શકે છે. કાયદાકીય પ્રશ્નોમાં હાલમાં આપની તરફેણમાં ચુકાદાની શક્યતા ઓછી રહેશે. પખવાડિયાના અંતિમ દિવસોમાં સ્વાસ્થ્યમાં આંશિક તકલીફ પડે તેમજ કામકાજમાં વિઘ્નો અને મુસીબત આવે.

**મિથુન**

તમારે ગુસ્સા ઉપર નિયંત્રણ રાખવું જ પડશે. અચાનક ધનલાભના યોગો બની રહ્યા છે. આપને શ્વસુરપક્ષ તેમજ પત્ની તરફથી લાભ થઇ શકે. જે જાતકોને ગૂઢ વિદ્યા, જ્યોતિષ કે કર્મકાંડમાં રૂચિ હોય તેઓને શીખવાનો મોકો મળે. આપના દામ્પત્ય જીવનમાં ચડાવ-ઉતાર આવી શકે છે. ૧૨, ૧૩ તારીખ આપના માટે અનાવશ્યક ખર્ચ અને થોડા કાર્યોમાં અવરોધનો સંકેત આપે છે.

**કર્ક**

આ પખવાડિયાના શરૂઆતના સમયમાં આપના વર્તનમાં ગુસ્સો અને વાણીમાં કઠોરતા જણાશે. શક્ય હોય ત્યાં સુધી સંયમ જાળવવાની ગણેશજી ટકોર કરે છે. સ્વાસ્થ્યને લગતી તકલીફો પણ માથું ઊંચકી શકે છે. પાછલા ચરણમાં આકસ્મિક ઇજાના યોગો બને. જેમને એસિડિટી કે આંખોમાં બળતરાની સમસ્યા હોય તેમણે કાળજી લેવી પડશે. દામ્પત્ય જીવનનું સુખ આપ સારી રીતે માણી શકશો.

**સિંહ**

પ્રારંભિક સમય આપના માટે થોડો શુભ ફળદાયી જણાઇ રહ્યો છે. નાણાકીય લાભ સાથે કોઇના તરફથી ગિફ્ટ રૂપે અથવા નોકરિયાતોને ઇન્સેન્ટિવ કે એવોર્ડ રૂપે સારા પ્રમાણમાં નાણાં પ્રાપ્ત થાય. ગૂઢ વિદ્યા તેમજ યોગ ધ્યાન વગેરે બાબતોમાં રૂચિ વધે. બીજા સપ્તાહમાં મંગળ રાશિ બદલીને કુંભ રાશિમાં એટલે કે તમારી રાશિથી સપ્તમ ભાવમાં પ્રવેશ કરે છે, જે ભાગીદારી માટે અશુભ ફળ આપે.

**કન્યા**

શરૂઆતના સમયમાં ઉઘરાણી માટે કરેલી મુસાફરીનું સારું ફળ મેળવી શકશો. બિઝનેસમાં ભાગીદાર તરફથી પણ સારી મદદ મળી રહે. તા. ૧૧ પછી હૃદયમાં થોડી અશાંતિ અને બેચેની વધશે. મંગળ રાશિ બદલીને કુંભ રાશિમાં આવતા શત્રુઓ પર વિજય મેળવવાની આપનામાં ખૂબ શક્તિ અને આવડત આવશે. મોસાળપક્ષથી લાભ મળવાની સંભાવના રહે.

**તુલા**

આપને સ્વાસ્થ્યની નાની મોટી તકલીફની સંભાવના નકારી શકાય નહીં. જેમાં ખાસ કરીને ગુપ્ત ભાગોમાં પીડા થાય. આંખોની કે હાડકાંની તકલીફ રહેવાની સંભાવના છે. થોડીક માનસિક અશાંતિ અને ઉદ્વેગ રહેશે. ગુસ્સા પર નિયંત્રણ રાખવું. વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસમાં તકલીફ અનુભવાય. નવા આયોજનો તેમજ નવા કામ માટે ઉત્તરાર્ધના સમયમાં આપનામાં સાહસ અને હિંમત જાગે.

**વૃશ્ચિક**

આ સમયમાં આપને વિજાતીય પાત્ર પ્રત્યે વધુ આકર્ષણ રહે, પરંતુ નવા સંબંધોની શરૂઆત કરવામાં ઉતાવળિયો નિર્ણય ન લેતાં વ્યાજ, કમિશન, બેન્કિંગ, શરાફી પેઢી વગેરેના બિઝનેસમાં ખૂબ સારો લાભ થાય. જે લોકો લેખન, સાહિત્ય, પ્રકાશન વગેરેમાં જોડાયેલા છે તેમનામાં સર્જનાત્મકતા વધશે. તા. ૧૧ પછી વાણીમાં ઉગ્રતા આવી શકે છે. તેના કારણે કુટુંબમાં થોડો વિવાદ પણ થાય.

**ધન**

તમારી વાણીનો પ્રભાવ શરૂઆતના સમયમાં ઘણો સારો રહેવાથી પ્રેમપ્રસંગની સંભાવના નકારી શકાય નહીં. આર્થિક આવક માટે પણ સાનુકૂળ સમય છે. ઘરમાં શુભ પ્રસંગનું આયોજન થાય અથવા કોઇ નવી વસ્તુ કે વાહન, ઇલેક્ટ્રોનિક્સ ગેઝેટ્સ વગેરેની ખરીદીનું આયોજન થઇ શકે છે. જોકે, ભાઇ-બહેનોની સ્વાસ્થ્યની તકલીફ રહે. વિદ્યાર્થીઓને પણ વિદ્યાભ્યાસમાં અનુકૂળતા રહે.

**મકર**

આપ કોઇ ખાસ વ્યક્તિ સમક્ષ પ્રેમનો પ્રસ્તાવ મૂકવા માટે તલપાપડ થશો. આપનામાં ઉત્સાહ કે આવેશ વધુ રહેશે, જેથી નવા સંબંધોની શરૂઆતમાં તેના કારણે અવરોધ ન આવે તેનો ખાસ ખ્યાલ રાખજો. પ્રકાશન, બેન્કિંગ, શરાફી પેઢી, લેખન, સર્જન, બૌદ્ધિક બાબત, શિક્ષણ વગેરેમાં જોડાયેલા જાતકોને હાલ થોડા સતર્ક રહીને કામ કરવું. ઉઘરાણીના કાર્યો શક્ય હોય તો ૧૧મી પહેલાં પતાવી દેજો.

**કુંભ**

જીવનસાથી જોડે આપની આત્મીયતા વધશે. પ્રેમસંબંધોમાં પ્રિયપાત્ર સાથે હરવા-ફરવા, મોજ-મજા કરવા માટે ઉત્તમ સમય ગણી શકાય. જોકે, પોતાના સ્વાસ્થ્યની ખાસ કાળજી રાખવી. અસ્થિભંગ કે લોહી નીકળે તેવી ઇજાની સંભાવના વધુ છે. પૂજા-પાઠ અને સત્સંગ જેવા કાર્યોમાં આપ વધુ રૂચિ લેશો. ઉત્તરાર્ધના સમયમાં આપનામાં સાહસિકતાનું પ્રમાણ વધશે.

**મીન**

જેઓ કોઇ ખાસ વ્યક્તિ તરફથી આકર્ષિત થયા હોય તેઓ આ સમયમાં પ્રેમનો પ્રસ્તાવ મૂકી શકે છે. વારસાગત મિલકત સંબંધિત કાર્યોનો ઉકેલ આવે તેમજ કોર્ટમાં જો આ મામલે કેસ ચાલતો હોય તો આપની તરફેણમાં ચુકાદો આવી શકે છે. તા.૬, ૭ થોડો ખર્ચ વધી શકે છે તેમજ કામકાજમાં અવરોધોનો સામનો કરવો પડે. ઉત્તરાર્ધના સમયમાં આપના માન-પ્રતિષ્ઠામાં વધારો થાય.

## કુંડળીમાં ચંદ્ર અને શુક્રની યુતિ જાતકને રોમેન્ટિક ઉપરાંત સ્વચ્છંદી અને વિલાસી પણ બનાવે છે

- **ધર્મેશ જોષી,** ધ ગણેશાસ્પીક્સ ટીમ

જ્યોતિષશાસ્ત્રમાં ખાસ કરીને કોઇપણ જાતકના પ્રેમસંબંધો માટે પ્રથમ સ્થાન અને શુક્રની સ્થિતિ જોવામાં આવે છે. તેમાં પણ જો મનના કારક ચંદ્ર અને પ્રેમ તેમજ શૃંગાર, કલા અને ભોગવિલાસના કારક શુક્રની યુતિ હોય તો જાતકમાં પ્રણયસંબંધોની ભાવના ખૂબ જ વધી જાય છે. પંચમ ભાવ પ્રણયસંબંધો સૂચવે છે જ્યારે સપ્તમ ભાવ દામ્પત્ય જીવન સૂચવે છે માટે જો પંચમ ભાવમાં શુક્ર અને ચંદ્રની યુતિ હોય તો તેવા લોકો ખૂબ જ રોમેન્ટિક સ્વભાવના હોય છે. જોકે માત્ર આ બંને ગ્રહોની યુતિ જ પૂરતી નથી. અન્ય ગ્રહોને પણ ધ્યાનમાં લેવા જરૂરી છે.

સામાન્યપણે જોવામાં આવે તો કુંડળીમાં ચંદ્ર અને શુક્રની યુતિ ધરાવતી વ્યક્તિઓ વૈભવ-વિલાસ-શૃંગારિક જીવન, કામી, ખાવા-પીવાના અને અવનવા વસ્ત્રોના શોખીન હોય છે. જો આ યુતિ ગુરુના નિયંત્રણમાં હોય તો તેઓ આ તમામ બાબતે મર્યાદા જાળવે છે અને તેમના સાથી પ્રત્યે વફાદારીનું ભાન હોય. મોજશોખ કે વૈભવ ભોગવવામાં પણ અતિરેક નથી કરતા. પરંતુ જો આ યુતિ ગુરુના અંકુશમાં ન હોય તેમજ વ્યય સ્થાનમાં હોય તો જાતક અતિ વિલાસી થઇ જાય છે. આવા જાતકો પ્રત્યે વિજાતીય સંબંધોમાં સંપૂર્ણ વફાદારીની અપેક્ષા ન રાખી શકાય. તેઓ ખર્ચ કરવામાં પણ બેફામ રહે છે. આવા જાતકોની કુંડળીમાં બીજો ભાવ એટલે કે ધન ભાવ દૂષિત હોય અથવા તો રાહુ કે શનિ જેવા ગ્રહોના પ્રભાવ હેઠળ હોય તો તેઓ વિલાસી જીવનના કારણે દેવામાં ડૂબી જાય અને મર્યાદિત આવક વચ્ચે પણ બેફામ ખર્ચ કરવા પ્રેરાય તેવી શક્યતા બને છે.

પ્રથમ ભાવમાં ચંદ્ર અને શુક્રની યુતિ જાતકને સૌંદર્ય આપે છે. આકર્ષક વ્યક્તિત્વ સાથે તેઓ કલાપ્રેમી પણ હોય છે. આવી યુતિ ધરાવતી મહિલાઓ સુંદર વસ્ત્રો, આભૂષણો વગેરેની ખરીદી કરે છે અને સૌંદર્ય પ્રસાધનોના ક્ષેત્રમાં પ્રોફેશનલ મોરચે સારી પ્રગતિ કરે છે તેમને બ્યૂટી ટ્રીટમેન્ટ લેવાનું પણ વધુ પસંદ હોય છે. લગ્ને, બીજે કે બારમે ચંદ્ર અને શુક્રની યુતિ ધરાવતી મહિલાઓની આંખો ખૂબ જ આકર્ષક હોય અને કોઇપણ વ્યક્તિને પોતાના સૌંદર્યને વશમાં કરી શકે તેવી હોય છે. સ્થાવર મિલકતોના વૈભવ માટે ચોથા ભાવમાં શુક્ર-ચંદ્રની યુતિને શુભ માનવામાં આવે છે. જો કે, તે કોઇપણ ગ્રહથી દૂષિત બનતી હોય તો જાતકને મોટી ઉંમરની વ્યક્તિ તરફ વિજાતીય આકર્ષણ વધુ રહે છે. છઠ્ઠા ભાવમાં શુક્ર અને ચંદ્રની યુતિ જાતકને નોકરીમાં ખાસ કરીને સર્જનાત્મક ક્ષેત્રે લાભ અપાવી શકે છે. કુંડળીના સાતમા ભાવે આ યુતિ પ્રેમલગ્ન કરાવે પણ જો દૂષિત હોય તો બેમાંથી એક વ્યક્તિનું આરોગ્ય બગાડે. લગ્નમાં વિખવાદ થાય અને વાત છૂટાછેડા સુધી જતી જોવા મળે છે. અષ્ટમ ભાવમાં આવી યુતિ ગુપ્તભાગોમાં સમસ્યાનું કારણ બની શકે છે. મનોરંજન, કલાજગત, ગારમેન્ટ્સ, શ્વેત ચીજો, કલ્પનાશક્તિની જરૂર હોય તેવા વિષયો, ચાંદી વગેરેમાં સારી પ્રગતિ કરી શકે છે.




નોકરી, ધંધો, વ્યવસાય, લગ્ન, સંતાન પ્રાપ્તિ જેવા આર્થિક અને સામાજીક પ્રશ્નોના ઉકેલ માટે ડાયલ કરો

55181*

વોડાફોન | આઇડિયા | એરટેલ | વિડીયોકોન | યુનિનોર | રિલાયન્સ

www.GaneshaSpeaks.com - હવે ગુજરાતી અને હિન્દીમાં પણ ઉપલબ્ધ!

GaneshaSpeaks®.com

Your friend, astrologer & guide

FOR ASTROLOGY DIAL 55181*

ગુજરાતી આવૃત્તિ | હિંદી आवृत्ति

Ph. : 079-30215316



## રંગસૂત્ર ચિકિત્સા અને રત્નચિકિત્સાના આધારે ગ્રહોની દશા અને જીવનની દિશા નક્કી કરતા જ્યોતિષવિદ્

# દીપક શાહ

દરેક જણને પોતાના ભાવિ જીવનના સુખની અને વર્તમાનની બહેતરીની જીવનમાં એક મહેચ્છા રહેલી હોય છે. માણસના જન્મ સાથે તેના ગ્રહો-નક્ષત્રોનું વિજ્ઞાન પણ જોડાયેલું રહે છે.

એસ્ટ્રોલોજીના ગૂઢ વિજ્ઞાનની સાથે સાથે રંગસૂત્ર ચિકિત્સા અને રત્નચિકિત્સાનો ગહન અભ્યાસ કરનાર 'દીપક શિવલાલ શાહ' એસ્ટ્રોલોજી અને માનવ શરીર સાથે રંગોનો સંબંધ કેવા લાભદાયી પરિણામ લાવી શકે છે તેના વિશે વિસ્તારથી ફીલિંગ્સ સાથે વાત કરે છે.

'જેવી રીતે એસ્ટ્રોલોજીમાં ૭ ગ્રહોનું મહત્વ છે તેવું જ મહત્વ ૭ રંગોનું રંગસૂત્રમાં છે જે વિશે દીપકભાઈ રંગની ખામીને ગ્રહોની સ્ટ્રેન્થ અને વીકનેસ સાથે સરખાવી એ મુજબ ક્યા રંગની ખામી કેવી રીતે દૂર કરવી તેની વિશિષ્ટ સમજ એસ્ટ્રોલોજીમાં જોવા મળે છે એવું જણાવે છે.

જેમ પ્રાચીન કાળમાં વસ્ત્રોનું મહત્વ ખૂબ જ ઓછું અને રત્નોનું મહત્વ વધું હતું. કારણકે પ્રાચીન સમયમાં રાજા-રજવાડાઓ રંગસૂત્રની ઉણપને રત્નો થકી પૂર્ણ કરતા હતા. એ વિશે દીપકભાઈ જણાવે છે કે જ્યારે પૂર્વકાલીન સમયમાં શરીરમાં ખૂટતા દ્રવ્યોના ઉપયોગથી શરીર સૌષ્ઠવ સુદ્રઢ બનાવીને દીર્ઘાયુ થવાતું તેની સાથે સાથે ખૂટતા રંગોના રત્નો પહેરવાથી એ રંગોની ઉણપ જતા એ ગ્રહો મજબૂત થાય છે.

રંગ ચિકિત્સાથી લોકોનું આયુષ્યમાન દીર્ઘ અને તંદુરસ્તીપૂર્ણ બને છે તે વાત દીપકભાઈ સાથે ઉંડી ચર્ચા કરતાં ખ્યાલમાં આવી. રંગસૂત્રોના એક્યુરેટ જવાબ મળે અને વ્યક્તિને રંગચિકિત્સા લાગુ પડી શકે તેના માટે વ્યક્તિના જન્મ, સ્થળ, સમય અને વાર નિશ્ચિત હોવા જોઈએ. જો એ નિશ્ચિત ન હોય તો રંગસૂત્રોની જાણકારી ન મળે અને તે મુજબના રત્નોની પસંદગી કરવામાં પણ ભૂલ થઈ જાય.

આ વિશે દીપકભાઈ વિદેશ યાત્રાના તેમના અનુભવોથી ખાસ એક વાત જણાવે છે કે પહેલાના સમયમાં પરદેશગમન બહુ જ દુઃખદ ઘટના કહેવાતી કારણકે પરદેશમાં કમાવવા જાય ત્યારે એવા સમયમાં અનિશ્ચિતતાઓ ખૂબ હતી. જેના લીધે કુંડળીમાં ૨ કે તેથી વધુ ગ્રહો નીચ(નબળા) હોય તો તેવી ગ્રહદશામાં પરદેશગમનના યોગ બનતા. તેવા સમયે વ્યક્તિ જશે તો પરત આવશે કે કેમ તેની અનિશ્ચિતતાને કારણે પરિવાર સદૈવ ચિંતિત રહેતો. પરંતુ આજના યુગમાં પરદેશ ગમન એ અર્થોપાર્જનના સૌથી સારા વિકલ્પ તરીકે બહાર આવ્યો છે. આ વિશેનું શ્રેષ્ઠ જ્ઞાન જ્યોતિષશાસ્ત્રમાં આપેલું છે. જેમાં એવું દર્શાવાયું છે કે સ્થળાંતર કરવાથી આર્થિક લાભ સાથે ભાગ્યોદય થાય છે.


આ માટે પૌરાણિક વાતોનો ઉલ્લેખ કરતાં તેઓ જણાવે છે કે કૃષ્ણ ભગવાનનો જન્મ મથુરા-વૃન્દાવનમાં થયો હતો પણ એમણે સોનાની નગરી દ્વારકામાં સ્થાપી. એનું કારણ શું? કારણકે શ્રીકૃષ્ણને જ્યોતિષ શાસ્ત્રનું જ્ઞાન હતું જે મુજબ જો અમુક દૂર અંતરે જઈને વસે તો સોનાની નગરી વસાવવી શક્ય બનશે.

વધુમાં દીપકભાઈ જણાવે છે કે માત્ર અર્થોપાર્જન પૂરતી જ મર્યાદિત ન રહેતા માણસના આયુષ્યને સંબંધિત વાત પણ છે જેમાં કોઈપણ બીમારી/માંદગીની જીવનમાં વધું પડતી પીડા પડવા લાગી હોય તેવા સમયમાં સ્થાનફેર કરવાથી તંદુરસ્તીમાં વધુ ફાયદો થાય છે. આ માટે જન્મના ગ્રહોના અક્ષાંશ રેખાંશ ખૂબ મહત્વનું કામ કરે છે.


આ વિષયમાં જ્યોતિષશાસ્ત્ર મુજબ બધું જ બદલી શકાય પરંતુ આયુષ્ય અને ધનપ્રાપ્તિ એ નસીબના અને કર્મોના આધારિત જ હોય છે. તેમાં ફેરફાર ન કરી શકાય. હા એક વાત ચોક્કસ છે કે નસીબમાં ૧ રૂપિયો લખાયો હોય તો ૧ રૂપિયો જ મળવાનો છે. પણ આ ૧ રૂપિયાને બદલવો હોય તો સ્થાનફેરથી આવકની મર્યાદા સુધરી શકે. જેમકે ભારતનો ૧ રૂપિયો અને અમેરિકાનો ડોલર. તોય કન્વર્ઝનથી જોઈએ તો રૂપિયામાં ડોલરનું મૂલ્ય વધી જાય. જેથી કરીને આવક ભલે ૧રૂપિયો જ ગણાય પરંતુ સ્થાનફેરથી ચલણના મૂલ્યના ફેરના લીધે આવકનું ધોરણ સુધરી શકે છે. આયુષ્યમાં પણ ભલે આયુષ્યરેખા સુનિશ્ચિત હોય પરંતુ તંદુરસ્તી સ્થાનફેરથી મેળવી શકાય છે. ફી



**આ તમામ પુસ્તકો ઘેરબેઠાં ખરીદવા ફોન/વોટ્સએપ કરો : 74054 79678**
**ઓનલાઇન ખરીદવા મુલાકાત લો www.dhoomkharidi.com**





## આહુતિ....




**સંપાદન :** સંજુ સદાનંદન અને નિરુપકા બી.
**પેજ** : ૪૬
**ભાષા** : અંગ્રેજી
**પ્રકાશક** : Centre for Kerala Socio-economic & Political Studies
**સંપર્ક** : (૦૮૦)-૨૫૩૧૫૮૪૨

અત્યાર સુધી ઘણી બધી વાતોનો ઈતિહાસ અને રાજકીય ઉથલ-પાથલ વિશે ઘણી બધી કિતાબો ખ્યાતનામ લેખકો દ્વારા લખવામાં આવી. પરંતુ અખંડ ભારતની બે મોટી કોમો હિંદુ અને મુસલમાન એ એક જ નદીના બે છેવાડા થઈ ગયા. તે છતાં પણ ભારત આજે પણ તેની પ્રાચીન હિંદુરાષ્ટ્રની આગવી ઓળખ ધરાવે છે. તેમાં હિન્દુત્વની ધારાને વરેલો પક્ષ ભારતીય જનતા પક્ષ અને તેની મધર સંસ્થા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ પ્રાચીનકાળથી હિંદુ રાષ્ટ્રનું હિમાયતી રહ્યું છે. એટલું જ નહીં, તેની આગવી શિસ્ત અને રાષ્ટ્રભક્તિ માટે તેમના દ્વારા કરવામાં આવતી ચળવળોમાં સંઘે ઘણું જ વેઠવું પડ્યું છે. આજે સ્વતંત્રતાના વર્ષો પછી પણ હજી કેરલ જેવા દક્ષિણ ભારતના રાજ્યમાં કે સંઘની રાષ્ટ્ર જાગૃતિની પ્રવૃત્તિઓ ચાલતી હતી તે પ્રવૃત્તિઓના કાર્યમાં પોતાના તમામ સુખ-સગવડો જતા કરનાર વીર સ્વયંસેવકોને ઈસ્લામિક કટ્ટરવાદનો સતત ભોગ બનતા રહેવું પડ્યું. અત્યાર સુધી ઉત્તર ભારત મધ્ય ભારત અને મધ્ય દક્ષિણ ભારતના જ ઈતિહાસ અને શહીદ થયેલા રાજપૂત કે મરાઠા લડવૈયાઓની વીરગાથાને વર્ણવવામાં આવતી રહી છે. પરંતુ દક્ષિણ ભારતના હાર્દ સમા કેરાલા કે જ્યાંના અનેક યુવાનો સંઘના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીયતા અને હિન્દુત્વના માર્ગે સતત દેશની જનતાને જાગૃત કરતા રહ્યાં તેવા નવયુવાનો, શિક્ષકો અને વિવિધ સંગઠનોના આગેવાનો તથા સમાજસેવકોએ પોતાના પ્રાણોની આહૂતિ આપી તેની આઝાદીના ૭૦ વર્ષ થવા આવ્યા છતાં કોઈએ નાની સરખી નોંધ પણ લીધી નથી. આ પુસ્તક પ્રારંભિક ધોરણે તો કટ્ટરવાદ કે હિન્દુવાદના એજન્ડાને વાચા આપતું હોય તેવો પ્રાથમિક અહેસાસ કરાવે છે. પરંતુ વાંચ્યા બાદ સંઘના સેવકોની શહીદી સાચા અર્થમાં રાષ્ટ્રવાદને વાચા આપનારી છે. રૂંવાડા ઉભા કરનારું ક્રાંતિકારી પુસ્તક..!!


## કિંમતી બક્ષિસ કોમનસેન્સની...




**લેખક** : વનરાજ માલવી
**પેજ** : ૧૯૪
**મૂલ્ય** : રૂા.૧૭૦/-
**પ્રકાશક** : ગ્રંથલોક
**સંપર્ક** : (૦૭૯)-૨૨૧૩૬૬૫૭


સમજ હોવી અને સમજદારી હોવી એમાં બહુ ફરક હોય છે. માણસમાં સમજ તો માણસ જન્મ્યો ત્યારથી જ ભગવાને ભરેલી છે. પરંતુ તે સમજનો સમજદારીપૂર્વકનો ઉપયોગ કરતા જો માણસને ન આવડે તો માણસની સમજદારી વિશે ચર્ચાઓ થવા લાગે છે. એટલેજ કેટલીકવાર ભણેલા અભણ કરતાં અભણ ગણેલો વધારે સારી રીતે પરિસ્થિતિને હેન્ડલ કરી શકે છે. આ સમજદારી એટલે કે કોમન સેન્સ..! આજે દરેક જણ પોતપોતાની રીતે પોતાની સમજ અને સમજદારીને સાચી મૂલવે છે. લેખકનું આ પુસ્તક પણ માણસને મળેલી કિંમતી ભેટ એવી કોમન સેન્સની વાત કરે છે. લેખકે તેમના સુક્ષ્મ અભ્યાસથી કોમન સેન્સની દ્રષ્ટિ કેળવવાની વાત કરી છે. તથા જ્યાં ધિક્કારવૃત્તિ હોય છે ત્યાં વિવેકબુદ્ધિ નથી કામ આવતી એ વિષય પર પણ લેખકે ખૂબ જ સરસ વિવેચન કર્યું છે. સાથે સાથે બીજાઓને રાજી કે ખુશ કરવા વિશે પણ લેખકે ખૂબજ સરસ વાત વર્ણવીને કહ્યું છે કે જ્યારે માણસ બીજાઓને રાજી કરવા જાય છે ત્યાં પોતાનો અંતરનો રાજીપો ગુમાવી બેસે છે. ક્યાંક વધુ પડતું નમવાને સામેવાળા લાચારી સમજી લે છે. આવા સમયે કોમન સેન્સથી વાત વિચારવા પર લેખકે ભાર મૂક્યો છે. સાથે સાથે જે લોકો પોતાના વચન સાથે બંધાતા નથી તેઓ ક્યારેય વ્યવહારને પાત્ર હોઈ શકે નહીં તેવું પણ લેખકનું ખૂબજ સચોટ ઓબ્ઝર્વેશન છે જેમાં ઉદાહરણો થકી લેખકે સહજ ભાષામાં સમજાવવાનો પ્રયત્ન કરેલો છે. જ્યારે કોઈપણ કાર્ય નિષ્ફળ જવાનું કારણ આયોજનનો અભાવ હોઈ શકે છે. એ વિશે પણ સહજ સ્વભાવની કેટલીક લાક્ષણિકતાઓ વર્ણવી છે. જ્યારે હ્યુમન સાયકોલોજી કેટલી ચંચળ છે અને એ ચંચળતામાં પણ દ્રષ્ટિ ખુલ્લી રાખીએ અને જાગૃત રાખીએ તો બધા જ માર્ગો સરળ અને સહજપ્રાપ્ય થઈ શકે છે. ટૂંકમાં કહીએ તો લેખકે રોજીંદા અનુભવોમાંથી પસાર થયા પછી અનુભવે શીખતા માણસના જીવનમાં વિકાસ પામતી કોમન સેન્સ વિશેનું સ-રસ આલેખન કર્યું છે. સ્વમૂલન માટે વસાવવા જેવું પુસ્તક છે...!

## આઈ સું કરીયું બાવાજી..!





**લેખક** : હરીશ નાયક
**પેજ** : ૨૫૨
**મૂલ્ય** : રૂા.૪૬૦/-
**પ્રકાશક** : રન્નાદે પ્રકાશન
**સંપર્ક** : (૦૭૯)-૨૨૧૧૦૦૬૪

## મિશન....Love




**લેખક** : બી.આર. પ્રજાપતિ
**પેજ** : ૧૫૨
**મૂલ્ય** : રૂા.૧૨૫/-
**પ્રકાશક** : આર.આર.શેઠ એન્ડ કંપની પ્રા.લિ.
**સંપર્ક** : (૦૭૯)-૨૫૫૦૬૫૭૩

## વીર સાવરકર-મારી જન્મટીપ




**મૂળ મરાઠી લેખક :** વીર વી. દા. સાવરકર
**અનુવાદક :** ગોપાળરાવ ભાગવત
**પેજ** : ૩૯૧ **મૂલ્ય** : રૂા.૩૨૫/-
**પ્રકાશક** : આર.આર. શેઠ એન્ડ કંપની પ્રા.લિ.
**મુદ્રક સંપર્ક** : (૦૭૯)-૨૫૫૦૬૫૭૩

**આપનાં પુસ્તકો/સીડી રિવ્યુ અર્થ ફીલિંગ્સના કાર્યાલય પર મોકલી શકો છો.**




01) જૈન શ્વેતાંબર વડોદરા સ્થિત ઉ. 35 વર્ષ, ઉં. 5'-7" ITI Diploma Mechanical થયેલ ટ્રાવેલ્સ ઓફીસ ધરાવતાં યુવક માટે જૈન / વૈષ્ણવ યુવતી બાયોડેટા સાથે સંપર્ક કરવા વિનંતી.
ફોન (0265) 6641040, મો.: 8401349999
Email : parshvaonline@gmail.com

02) અમદાવાદ સ્થિત જૈન શ્વેતાંબર યુવક ઉં. 5'-7", જન્મ તા. 29-12-1982 પોતાનો સ્વતંત્ર બીઝનેસ ધરાવતા યુવક માટે જૈન યુવતી આવકાર્ય
સંપર્ક : કોકીલાબેન જે. શાહ
ફોન : (079) 22137000,
મો.: 9825967000, 9327687000

03) વેલસેટ ફેમીલીનો, 32 વર્ષ, 5'-11", 70 કીલો, એજ્યુકેટેડ, GACL (PSU)માં જોબ કરતા જૈન યુવક માટે માત્ર જૈન વેલસેટલ યુવતીઓના વાલીઓ સંપૂર્ણ વિગત સાથે સંપર્ક કરો.
મો.: 8460458901, 9228382546, 9725004267
Email : dashah10@yahoo.com

04) વેલસેટ ફેમીલીનો, 31 વર્ષ, 5'-2", 49 કીલો, એજ્યુકેટેડ, GACL (PSU)માં જોબ કરતી જૈન યુવતી માટે માત્ર જૈન વેલસેટલ યુવકોના વાલીઓ સંપૂર્ણ વિગત સાથે સંપર્ક કરો.
મો.: 8460458901, 9228382546
Email : rajvi.mayuri@gmail.com

05) ફેર, સ્માર્ટ, બ્યૂટીફુલ, અમદાવાદ સ્થિત, શ્રીમાલી સોની, 36 વર્ષ, 5'5, B.com MFA જોબ ધરાવતી, ડિવોર્સી(એક બાળક) માટે વેલસેટલ યુવકોના વાલીઓ સંપૂર્ણ વિગત સાથે સંપર્ક કરો.
મો. 8980447417
Email : ankitaguruji@gmail.com

06) વૈષ્ણવ વણિક, ભરુચ સેટલ, 28 વર્ષ, B.com P.G. Dip. in Material Mgt., 5.'7" સારી સર્વિસ ધરાવતા યુવક માટે સમકક્ષ યુવતીઓના વાલીઓ સંપૂર્ણ બાયોડેટા સાથે સંપર્ક કરે.
Sheth Faliya, Nr. Pushpabaug, Bharuch-01.
Mo.: 9723267427, Re.: 02642-261973,
Email: shethad22@gmail.com




07) સ્માર્ટ એન્ડ બ્યૂટીફુલ, શ્વેતામ્બર વિશા ઓશવાળ જૈન, 5'5, 22 વર્ષ, Post Graduate થયેલ, વડોદરામાં વેલસેટલ ફેમિલીની યુવતી માટે માત્ર જૈન, વેલસેટલ, વેલ ક્વોલિફાઇડ યુવકોના વાલીઓ સંપૂર્ણ વિગત સાથે સંપર્ક કરે.
મહેન્દ્રભાઈ શાહ, A-11, Swapnalok Apartment, Muktanand, Karelibaug, Vadodara.
M.: 9426982748
E-mail : nidhishah199413@yahoo.com

08) ફેર, સ્માર્ટ એન્ડ બ્યૂટિફૂલ, વડોદરા સ્થિત, સ્થાનકવાસી શ્વેતાંમ્બર જૈન, 5'.3", 40 વર્ષ, M.A. B.Ed. થયેલ સારી સ્કૂલમાં જોબ ધરાવતી અનમેરીડ યુવતી માટે જૈન/વૈષ્ણવ જ્ઞાતિના યુવકો સંપૂર્ણ બાયોડેટા સાથે સંપર્ક કરે.
Ph.: 0265-2489220 Mo: 94279 41693,
Email:lovesh19parikh@yahoo.com

09) દશા શ્રીમાળી વૈષ્ણવ, મુંબઇમાં ઓટો એસેસરીઝનો બિઝનેસ ધરાવતા, 5'.9", 32 વર્ષ, Diploma in Automobiles થયેલ યુવક માટે જૈન / વૈષ્ણવ જ્ઞાતિની સંસ્કારી, ભણેલી યુવતીઓના વાલીઓ સંપર્ક કરે.
ચંદ્રકાન્તભાઈ મહેતા, M.: 94284 08483
106, Sun Corner Apartment, Limbadiya, Ghogha Circle, Bhavnagar.

10) Canada work permit ધરાવતા, સ્થાનકવાસી જૈન, અમદાવાદમાં હાઇલી સેટલ ફેમિલીના, 5'.6", 31 વર્ષ, M.B.A. (Finance & Banking) Canada, સ્માર્ટ યુવક માટે જૈન જ્ઞાતિની હાઇલી ક્વોલિફાઇડ યુવતીઓના વાલીઓ – બાયોડેટા + ફોટો + જન્માક્ષર સાથે સંપર્ક કરે.
Ph.: 079-27680003, M.: 09979994560
E-mail : pradeepmodi1@yahoo.com
B-4/2, Amikunj Society, Opp. D. K. Patel Hall, Near Navrang School, Naranpura, Ahmedabad - 13

11) ફેર, સ્માર્ટ એન્ડ બ્યૂટીફૂલ, હાઇલી સેટલ, M.B.A, 23 વર્ષ, 5'.3" વડોદરા સ્થિત બ્રાહ્મણ યુવતી માટે ઉચ્ચ જ્ઞાતિના હાઇલી સેટલ, વેલ ક્વોલિફાઇડ India / abroad ના યુવકોના બાયોડેટા આવકાર્ય.
અરુણાબેન વ્યાસ, 56, Mangalam Duplex, Opp. Bravo Bazar, Sama-Salvi Road, Sama, Vadodara. M. 9825439718
E-mail : priyavyas_25@yahoo.in

12) Portugal (EU)ની Citizenship ધરાવતા વૈષ્ણવ, ઉં.વ.50, ઊંચાઇ 5'.9", Divorcee Fair નિઃસંતાન, પોતાનો ધંધો ધરાવતા યુવક માટે NRI વૈષ્ણવ,Fair, નિઃસંતાન, સંસ્કારી, ભરોસાપાત્ર યુવતી જોઇએ છે (USA સિવાય). યુવતીના વાલીઓ સંપૂર્ણ બાયોડેટા, ફોટો સાથે પત્ર દ્વારા અથવા ઇ–મેલ દ્વારા સંપર્ક. (યુવતી સાથે કોઈ પણ દેશમાં settle થવા તૈયાર)
Rakesh M.Parekh, B/81, Rajlaxmi Society, Old Padra Road, Nr. Race Cource Circle, Vadodara-390015 Gujarat.
M.: 09228488890, 09228579688, 09586553084
E: rmpxbombay2000@yahoo.co.in

**રોયલ ક્લબ વડોદરા**
વર્ષના કુલ ૬ પ્રોગ્રામ
* મુંબઈના ૪ ગુજરાતી નાટક * મ્યુઝિકલ નાઈટ -૨
**કપલ વાર્ષિક મેમ્બરશિપ**
સયાજી નગરગૃહ- ૪૦૦૦-૩૫૦૦-૩૦૦૦-૨૫૦૦-૨૦૦૦-૧૫૦૦-૧૦૦૦
ગાંધી નગરગૃહ-૩૫૦૦-૩૦૦૦-૨૫૦૦-૨૦૦૦-૧૫૦૦-૧૨૦૦-૧૦૦૦
પ્રોગ્રામ વખતે મેમ્બર્સને મિનરલ વોટર તેમજ ચા/કોફીની સુવિધા ફીમાં આપવામાં આવશે.
સંપર્ક :-
પંથેશ શાહ, ઈવેન્ટ ઓર્ગેનાઈઝર - 94095 80576 - 75673 03646
મેમ્બરશિપ વર્ષ-જુલાઈ-૨૦૧૬ થી મે-૨૦૧૭ સુધી રહેશે..

*Fair complexion, Tall, Smart & Beautiful*
**Jain shwetamber deravasi girl**
1983 born, 5'-7" Height,
Fashion design & Information technology from NIFT doing freelance fashion designing from well settled family at Vadodara looking for a upper caste, well settled & educated boy from India / abroad.
Contact with your full details :
**Kirtibhai Shah**
1, Anandvan Society, Sama, Vadodara - 8.
Email : deshana.shah@gmail.com
Ph.: 0265-2781143, 2782956
**Mob.: 98240 94884**




# FICCI-KPMG રિપોર્ટ -૨૦૧૬

## 'ભારતના વિકાસમાં ડાયરેક્ટ સેલિંગનો ફાળો'

ફિક્કી (FICCI) ડાયરેક્ટ, ૨૦૧૬ના એન્યુઅલ ફ્લેગશિપ ઈવેન્ટનું તાજેતરમાં આયોજન થયું હતું. જેમાં નીટી આયોગના ચીફ એક્ઝિક્યુટિવ અમિતાભ કાંતે ડાયરેક્ટ સેલિંગમાં કે જે ભારતમાં ઉત્પાદન અને MSMEsમાં સ્ત્રીઓનો વિશેષ ફાળો જોતાં આ કોન્સેપ્ટને વિશેષ મહત્ત્વ આપવા પર ભાર મૂક્યો હતો. એ સાથે કન્ઝ્યુમર્સ અફેર્સ દ્વારા ડાયરેક્ટ સેલિંગના સુચારુ સંચાલન માટે માર્ગદર્શિકા તૈયાર કરી વિવિધ રાજ્યોમાં તેનો અમલ થાય તેના માટે તેમણે આશા સેવી હતી. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે જો આ માર્ગદર્શિકાનો યોગ્ય અમલ થાય તો તે ડાયરેક્ટ સેલિંગ ઈન્ડસ્ટ્રીના વિકાસમાં વધુ મદદરૂપ થઈ શકશે. જ્યારે 'મોકા'ના એડિ. સેક્રેટરી કુ. મધુલિકા પી. સુકુલે FICCI-KPMG ના ૨૦૧૬ના રિપોર્ટમાં જણાવ્યું હતું કે ડાયરેક્ટ સેલિંગ સેક્ટરનો સ્ત્રીસશક્તિકરણમાં ફાળો ખૂબ જ મહત્વનો રહ્યો છે. લગભગ ૬૦% ઉપરાંત સ્ત્રીઓ આ વ્યવસાય સાથે સંકળાયેલી છે. ઈન્ડસ્ટ્રીને મોકાના સહકારથી આ માર્ગદર્શિકાના યોગ્ય અમલ માટે પણ તેમણે ભાર મૂક્યો હતો. જ્યારે એમ-વેના શ્રી આશુ બુદ્ધરાજાએ Perspective રજૂ કરતા જણાવ્યું કે આ ક્ષેત્ર પાસે બહોળી તકો અને સાથે કામની એક નવી દિશા પણ મળી શકે છે. ખાસ તો આ ક્ષેત્રે ગોલ્ડ સ્ટાન્ડર્ડઝનો અમલ થાય તે જરૂરી છે જેમાં સ્વનિયમન એ એક મહત્વનો કોન્સેપ્ટ છે. આશુ બુદ્ધરાજાનું માનવું છે કે, ૨૦૨૫ સુધી આ ઈન્ડસ્ટ્રીનો ગ્રોથરેટ ૭૨૦૦ કરોડથી વધીને ૭૨૦૦૦ કરોડ થઈ જવાની સંભાવના છે જેમાં ૧.૮ મિલિયન જેટલા લોકોને સ્વનિર્ભર થવા મળશે.

જ્યારે પ્રવિણ ખંડેલવાલ કે જેઓ CAITના જનરલ સેક્રેટરી છે તેમણે રિટેઈલ પોલિસી પર ભાર મૂક્યો હતો જેનાથી આ ઉદ્યોગના નવા ક્ષેત્રના વિકાસની સંભાવનાઓ રહી શકે. જો કન્ઝ્યુમર પ્રોટેક્શન બિલ પસાર કરાય તો તેનાથી આ ઉદ્યોગને વધુ ફાયદો થઈ શકે. આ પ્રસંગે ડૉ. એ દિદાર સિંઘ, FICCIના સેક્રેટરી જનરલે કહ્યું, 'ભારતના અર્થતંત્ર માટે આ ડાયરેક્ટ સેલિંગ ઈન્ડસ્ટ્રી એ એક મહત્વનો કોમ્પોનન્ટ છે. દિદાર સિંઘે આ બાબતે મોકાનું અભિવાદન કરીને ગાઈડલાઈન્સ ઈમ્પ્લીમેન્ટ કરવાની વાતને બિરદાવી હતી. આ પ્રસંગે ડાયરેક્ટ સેલિંગ ઈન્ડસ્ટ્રી દ્વારા FICCI-KPMG ના અહેવાલો રજૂ કરાયા હતા જેમાં ભારતીય અર્થવ્યવસ્થામાં આ ઉદ્યોગના મહત્વના યોગદાન વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

# યુવાઓના વિકાસ માટે સતત કાર્યરત પેટ્રિએટ ક્લબ






આજે આપણાં દેશમાં સાચા અર્થમાં વિવિધ NGOs દ્વારા દેશના હીન-દીન અને તિરસ્કૃત રહેલા પરિવાર અને તેમના બાળકોના ઉત્થાન માટે ઉત્કૃષ્ટ પહેલ કરવામાં આવી રહી છે.


આવા જ પાયાકીય સેવા અને સંસ્કારોના સિંચનની કર્મધૂણી ધખાવી બેઠેલા આણંદ સ્થિત વિવેક ક્લબ, પેટ્રિએટ ક્લબની સ્થાપના કરનાર ડૉ. કમલેશ ડી. શાહ અને તેમના પત્ની પલ્લવી શાહ કે જેઓ વ્યવસાયે વકીલ છે તેઓ આ વિશિષ્ટ કાર્યને આ ક્લબના ઉપક્રમે પાર પાડી રહ્યા છે.

આ વિવેક ક્લબની સ્થાપના ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૦૦ના રોજ થઈ હતી જેના સંસ્થાપક શ્રીમતી પલ્લવી શાહના માર્ગદર્શન હેઠળ ચાલતી સંસ્થાની પ્રવૃત્તિઓમાં બાળકોને મૂલ્યનિષ્ઠ શિક્ષણ પૂરું પાડી ગરીબ અને ભીખ માંગીને જીવનારા બાળકોમાં આપણી સંસ્કૃતિ અને સંસ્કારોનું સિંચન કરવામાં આવે છે. આ બાળકોને જરૂરી માર્ગદર્શન અને માહિતી મળી રહે તે માટે લગભગ ૧૫૦૦ જેટલા પુસ્તકો પણ લાઈબ્રેરીમાં વસાવ્યા છે. આ પરિવારના બાળકો તહેવારોની ઉજવણી કરી શકે તે હેતુથી સંસ્થા દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. તેઓ દિવાળીની પણ ધૂમધામથી ઉજવણી કર છે. તો જરૂરિયાતવાળા પરિવારોને પૂર જેવી આપત્તિના સમયમાં અન્નક્ષેત્રોની સાથે સાથે ટાઢ-તડકાથી રક્ષણ આપવા બ્લેન્કેટસનું પણ વિતરણ કરે છે.

**પેટ્રીએટ ક્લબ :** ૨૦૧૧માં સ્થપાયેલું પેટ્રિએટ ક્લબ ઓફ ઈન્ડિયા, યુવાધનના વિકાસાર્થે કાર્યરત છે. ડૉ. કમલેશ શાહ જાતે ખૂબ જ ઉંડો રસ લઈને નવયુવાનોને જીવનશૈલીને યોગ્ય દિશામાં વાળીને કેવી રીતે લોકોપયોગી થવું અને રાષ્ટ્ર માટે સમર્પિત થવું તે અંગે પ્રેરણા આપે છે. તેમના માર્ગદર્શન હેઠળ યુવા વિવેક વૉકનું સ્વામી વિવેકાનંદના જન્મદિને આયોજન કરવામાં આવ્યું હતું. આ યુવા વિવેક વૉકમાં લગભગ ૪૫૦ જેટલા યુવાઓ સહિત અનેક મહાનુભાવો પણ જોડાયા હતા. સાથે પછાત વિસ્તારના અન્ય બાળકો માટે સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા સંસ્થાને આપવામાં આવેલ કોમ્પ્યુટર્સ થકી અને આણંદની અન્ય કેટલીક શૈક્ષણિક સંસ્થાઓના વિશિષ્ટ સહયોગથી બાળકોને કોમ્પ્યુટરની બેઝિક ટ્રેનિંગ આપવાનું કાર્ય પણ આ પેટ્રિએટ ક્લબ દ્વારા કરવામાં આવે છે.

આમ, વ્યવસાયે તબીબ ડૉ. કમલેશભાઈ અને કાયદાકીય વિષયોના નિષ્ણાત ઋજુ હૃદયના તેમના પત્ની પલ્લવીબેન આ વિશિષ્ટ કામગીરી થકી સમાજનું ઋણ અદા કરવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. જેના માટે ખૂબ જ વિનમ્રભાવે 'આ તો ઈશ્વરની ઈચ્છાથી થાય છે' કહીને ઈશ્વર પ્રત્યેની કૃતાર્થતા વ્યક્ત કરે છે.


Luxurious Stay
Memorable Events
Hotel SURYA™
A Government Of India Approved 3 Star Hotel
80 Luxurious Rooms With Modern Amenities
Exquisite Banquet Facilities.
Multi Cuisine restaurants: MYRA & VEGA
Sayajigunj, Vadodara. Ph: 0265 2226161/2361361 Email- sales@hotelsurya.com Web- www.hotelsurya.com


Don't wait to buy
REAL ESTATE
Buy Real Estate and WAIT
Now God is not going to create new Land
FOR SALE
STRONG PRESENCE IN GUJARAT & MAHARASHTRA
Property Consultant.
Numbers of NRI clients enjoying healthy returns.
Having good rapport & contacts with Developers, Builders & Legal Departments.
FEELINGS
PROPERTY
SOLUTION
102-104, Pacific Plaza, VIP Road, Karelibaug, Vadodara - 390 018. Gujarat (INDIA)
Cell : +91 98253 28488, +91 7096487431, Ph.: +91 265 248 9477
Email : feelingsproperties@gmail.com, atulshah496@gmail.com
NRI Clients base
INTERNATIONAL ASSOCIATES USA | UK | CANADA | AUSTRALIA | KENYA | MUSCAT | DUBAI | MALAYSIA
INDIA DELHI | KOLKATTA | CHENNAI | MUMBAI | SURAT | VADODARA | AHMEDABAD | RAJKOT | KUTCH


વર્ષ 1975 થી આપના સાથ સહકારથી
The Pride of Saurashtra
RAJANI
GROUP
Since : 1975
રાજાણી ગ્રુપ એટલે જીવન ભરનું અતુટ બંધન...
રાજાણી ગ્રૂપની સીલબંધ પેકીંગમાં આવતી પ્રોડક્ટસ્
એક્સ્ટ્રા પ્રિમીયમ પત્તી ચા
Extra Premium
પ્રિમીયમ ચા
અગરબત્તી
બાથ સોપ
મીઠો મુખવાસ
સ્ટાન્ડર્ડ એગમાર્ક મસાલા
માચીસ
૨૫૦ ગ્રામ M.R.P. 75/-
ડીટર્જન્ટ બાર
ડીશવોશ બાર
રાજાણી ગ્રૂપની ઓફીસો : સાબલપુર (જી.આઇ.ડી.સી.), જૂનાગઢ, નવી સાંકળી, અમદાવાદ, સુરત, જયપુર (રાજસ્થાન), ભીવંડી (મહારાષ્ટ્ર), છીંદવાડા (મધ્યપ્રદેશ) અન્ય રાજ્યમાં C&F માટે જીલ્લા તથા તાલુકા લેવલે ડીલરશીપ માટે કોન્ટેકટ કરી શકો છો. મો. ૯૯૭૯૮૪૨૮૪૭
Rajani Group of Companies - Junagadh
Website : www.rajanigroup.in, E-mail : info@rajanigroup.in, Help Line No. 98256 07989


VERTIFOCAL SPECIALIST
ARIHANT
Pticals
Only Qualified Opticians in Baroda
Free Eye Testing by Optometrist
One hour delivery
Specialised Progressive
Hitech Lenses
Fixed - Guaranteed Price
Safilo
HUGO
HUGO BOSS
MaxMara
DIESEL
CARRERA
RACING SUNGLASSES SINCE 1956
GUCCI
Dior
Special Gift on this coupon
G/6, Concord, R.C. Dutt Road, Alkapuri, Vadodara Ph.: 91-265-2322731, 6623030
Email : arihantoptic@gmail.com www.arihantopticals.net

## મૌલિક ત્રિવેદીના પુસ્તક 'આપઘાતની ઘાત ટાળીએ' પુસ્તકનું લોકાર્પણ



સુરેન્દ્રનગરની ન્યૂ એસ.પી. વિદ્યાલય ખાતે એક સુંદર પુસ્તકનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મૌલિક ત્રિવેદી દ્વારા સંપાદિત પુસ્તક 'આપઘાતની ઘાત ટાળીએ'ની બીજી આવૃત્તિના આ લોકાર્પણનો કાર્યક્રમ જિલ્લા પોલીસ વડા દીપકકુમાર મેઘાણીના પ્રમુખ સ્થાને તથા જિલ્લા શિક્ષણાધિકારી આર.સી.પટેલના અતિથિ વિશેષ સ્થાને યોજાયો હતો. આ સમારંભમાં સુરેન્દ્રનગર જિલ્લાની આશરે ૭૦૦ જેટલી પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના આચાર્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત જાણીતા શિક્ષણવિદ ભદ્રાયુ વછરાજાની તેમજ જાણીતા હાસ્યકાર શાહબુદ્દીન રાઠોડે પ્રસંગોચિત પ્રવચન કર્યું હતું.

## ક્રીશ ગાલા બન્યા તીર્થઘોષ વિજયજી મ.સા.



**'યૌવન વયમાં સુખ છોડનારા મહાન,**
**આ કાળમાં સાધુ થનારા મહાન..'**

મુંબઇના મલાડ ખાતે યોજાયેલ 'સંયમ કબ હી મિલે' નામના કાર્યક્રમમાં રજૂ થયેલી આ ઉપરોક્ત પંક્તિ જૈન શાસનમાં અપાતી દીક્ષા વિશેની સુંદર વાત રજૂ કરે છે. આ કાર્યક્રમ હતો ક્રીશ ગાલાની દીક્ષાનો. મુંબઇના વૈભવી પરિવારના લાડકવાયા પુત્ર ક્રીશે ૧૪ વર્ષની ઉંમરે સંસારનો ત્યાગ કરી સંયમ જીવન અંગીકાર કરવા તરફ પ્રયાણ કર્યું હતું. પાંચ દિવસના આ મહોત્સવમાં સુપ્રસિદ્ધ ગાયક કર્ણિક શાહે તેમના ગ્રૂપ દ્વારા 'કિડ્સ સિમ્ફોની' નામે સંયમ જીવન પર આધારિત અદભુત કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો. જેમાં ૭થી ૧૪ વર્ષના બાળકોએ ક્રીશને વિદાય આપી હતી. ૫૦૦૦થી વધુ શ્રોતાગણો, ૪૦ સાધ્વીજી ભગવંત અને ૪૫ સાધુ ભગવંત ઉપસ્થિત રહ્યા હતા.

## મલ્ટિ ટેલેન્ટેડ નીલિમા સોમપુરાને ક્લાસિકલ મ્યુઝિક માટે એવોર્ડ અપાયો



કોઇ એક જ વ્યક્તિમાં અનેક ટેલેન્ટ હોય એ અપવાદરૂપ હોઇ શકે. ડૉ.નીલિમા સોમપુરા એક એવું વ્યક્તિત્વ છે જેમનામાં ઘણી ટેલેન્ટ રહેલી છે. ગાયનેક તબીબ હોવા સાથે તેઓ એક સારા એન્કર, ગાયિકા, મોડેલ, અભિનેત્રી, યોગા ટીચર, બેડમિન્ટન પ્લેયર પણ છે. આ ઉપરાંત તેઓ મ્યુઝિકમાં પણ માસ્ટર છે. હાલમાં જ તેમને ક્લાસિકલ મ્યુઝિક માટે એવોર્ડ આપવામાં આવ્યો હતો. નાગપુરમાં યોજાતા એક કાર્યક્રમમાં દેશભરમાંથી વિવિધ કલાકારોને બોલાવી તેમનું સન્માન કરવામાં આવે છે. ત્યારે આ વખતે ગુજરાતમાંથી ડૉ.નીલિમા સોમપુરાની પસંદગી થઇ હતી.

## શ્રેયા ઘોષાલ લાઇવ ઇન કોન્સર્ટ



જીવન સંગીત ઇવેન્ટ્સના પ્રોપરાઇટર દક્ષેસ ગાંધી દ્વારા વડોદરા ખાતે લાઇવ કોન્સર્ટનું આયોજન કરાયું હતું. જેમાં જાણીતા ગાયિકા શ્રેયા ઘોષાલે આકર્ષણ જમાવ્યું હતું. એક સુંદર વિશાળ બુકે તેમને અર્પણ કરાયો હતો.



## વુડબ્રિજ સિનિયર્સ એસો.ની સામાન્ય સભા યોજાઇ

ઇન્ડો-અમેરિકન સિનિયર્સ એસોસિએશન ઓફ વુડબ્રિજ ટાઉનશિપની ૧૬મી વાર્ષિક સામાન્ય સભા યોજાઇ હતી. ન્યૂજર્સીના ફોર્ડ ખાતે રોયલ આલ્બર્ટ પેલેસમાં યોજાયેલ આ સભામાં ભૂતપૂર્વ પ્રમુખ જી.કે.પટેલે એસો.ના આગામી બે વર્ષ માટેના પ્રમુખ તરીકે મધુસુદન બુટાલાનું નામ સૂચવ્યું હતું. જેને ઉપસ્થિત સભ્યોએ હર્ષોલ્લાસથી વધાવ્યું હતું. મધુસુદન બુટાલા યુવાવસ્થાથી જ સ્ટુડન્ટ્સ યુનિયન, શિક્ષક સંઘ, અધ્યાપક મંડળ અને રોટરી કલબ જેવી સંસ્થાઓ સાથે સક્રિયપણે સંકળાયેલા છે.

# ધારાસભ્ય રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા ભાજપ કાર્યકર્તાઓનું સંમેલન યોજાયું

વડોદરાના રાવપુરા વિધાનસભાના કાર્યકર્તા તથા શુભેચ્છકોનું એક સ્નેહ મિલન સંમેલન તાજેતરમાં જ વડોદરા ખાતે યોજાયું હતું. ધારાસભ્ય અને રાજ્યના રમત-ગમત મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા આયોજિત આ સંમેલનમાં ભાજપા ગુજ.પ્રદેશના મહામંત્રી શબ્દશરણ બ્રહ્મભટ્ટ, મંત્રી જીવરાજભાઇ ચૌહાણ, ઉપપ્રમુખ ભાર્ગવભાઇ ભટ્ટ, મહિલા મોરચાના પ્રદેશ પ્રમુખ ડૉ. જ્યોતિબેન પંડ્યા મુખ્ય મહેમાન હતા. આ પ્રસંગે ભાર્ગવભાઇએ પ્રાસંગોચિત પ્રવચન સાથે નોટબંધીની વાત પણ કરી હતી. નોટબંધીના નિર્ણયને તેમણે આજના પરિવર્તનના યુગમાં એક અભિનવ પ્રયોગ તરીકે ગણાવ્યો હતો. જ્યારે આયોજક રાજેન્દ્ર ત્રિવેદીએ પણ ભૂતકાળના તેમના અનુભવોને વાગોળી ઘણી સુંદર વાતો કહી હતી. પીએમ મોદીને તેમણે આજના યુગના વિવેકાનંદ ગણાવી તેમની દરેક યોજનાને બિરદાવી હતી.



વડોદરાના રાવપુરા વિધાનસભાના કાર્યકર્તાઓના સંમેલનમાં ઉપસ્થિત અગ્રણીઓ.




## VCCI સમિટમાં કેશલેસ ઈકોનોમીને સમર્થન

વડોદરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા વડોદરામાં ૧૦મું ઈન્ડસ્ટ્રીયલ એક્ઝિબિશન યોજાઇ ગયું. ગુજરાતના સીએમ વિજય રૂપાણીએ આરંભ કરાવેલ આ એકસ્પોમાં ૭૦૦થી વધુ એક્ઝિબિટર્સે ભાગ લીધો હતો. સમિટમાં કેશલેસ ઇકોનોમીની ચર્ચા રહી હતી. સીએમ રૂપાણીએ પણ તેને સમર્થન આપતો પ્રેરણાદાયક મેસેજ મૂક્યો હતો. એક્ઝિબિશનમાં યુવાઓ દ્વારા રજૂ થયેલ ઇનોવેશન તેમજ નવી ટેક્નોલોજિને લોકોએ ખૂબ વખાણી હતી.


BRIGHT DAY SCHOOL: VADODARA

*Introduces*

CBSE – i (International Board)

BRITISH COUNCIL INTERNATIONAL SCHOOL AWARD 2016-2019

**Key features of CBSE i**

- Enquiry and skill based curriculum
- Catering to individual learning styles
- Learner and learning centric
- Focus on real world experiences
- Focus on experiential learning
- Focus on analysis and discovery approach

**Salient features of CBSE i**

- Teacher student ratio 1:20
- Smart class rooms

*Come be a part of Bright Family, experience the revolutionized face of education in Vadodara.*

Admissions open for CBSE i

Classes I – VI



Airport Road, Harni, Vadodara.
Ph. No. 2486891, 2486892

■ વિજય રોહિત
M : 7405656870

## કવિતા-ગઝલ

### પ્રેમ

હોય ભલે તારાં ઘણાં દિવાના અહીં,
શબ્દોમાં તને ઢાળનાર હું એક જ છું!

નજરોથી કદાચ પામશે લોકો તને,
ગઝલમાં તને પામનાર, હું એક જ છું!

હશે ઘણાં 'મરીઝ', પ્રેમમાં 'શૂન્ય' થયેલાં,
તારી નજરોથી 'ઘાયલ', હું એક જ છું!

નથી તું ઈશ્વર, કે કણેકણમાં જઈ વસે,
તોય બધે તને પામનાર, હું એક જ છું!

મને ખબર છે, કે તનેય આ ખબર છે,
કે તારાં પ્રેમમાં 'ઘેલો' હું એક જ છું!

- દર્શન રાણા

### આયકા SMS

લખી લેજો હહેળીમાં 'નામ મારું,
સ્નેહના દેશમાં છે ધામ મારું,
કોઈક દિવસ જો તરસ લાગશે તમને,
હહેળીથી પાણી પીતા યાદ આવશે
નામ મારું

- જયંત પટેલ, આણંદ

## હલ્લા-ગુલ્લા

**Teacher :** Pappu what is ur cast?
**Pappu :** Phele to Hum Verma the..!
Fir Shrma ho gye.
Uske bad Sunaar fir Luhar ho gye. Abhi hai Darzi
Aage MUMY ki Marzi .!!

- દેવેન પંચાલ, સુરત

## સૂડી-સોપારી

લાગણીઓના કિનારા હોતા નથી માટે જ
તરતા ના આવડે તો તણાઈ જવાય.

- વોટ્સએપ જ્ઞાન

**મિત્રો, તમે પણ અવનવી માહિતી, મૌલિક કૃતિ, કવિતા, એસએમએસ, ગઝલ, જોક્સ વગેરે નીચેના ઈ-મેઈલ એડ્રેસ પર અથવા પોસ્ટથી મોકલી શકો છો**

info@feelingsmultimedia.com
www.feelingsmultimedia.com

## ફીલિંગ્સ 'હટ કે' પિક્ચર્સ ગેલેરી




## આ હોટલમાંથી બહાર આવો એટલે તલાક પાક્કા...!!!



નોટબંધીની અસર વચ્ચે પણ મેરેજ સિઝન હાલમાં પૂરબહાર ખીલેલી છે. હવે નવા ટ્રેન્ડ મુજબ જેવો લગ્નોત્સવ પૂરો થાય કે તરત દુલ્હા-દુલ્હન હનિમૂન માટે ઉપડી જાય છે. બ્યૂટીફૂલ લોકેશન અને ભવ્ય હોટલનું એડવાન્સ બુકિંગ પણ થાય છે. જોકે અમે આજે એક એવી હોટલ વિશે આપને બતાવવાના છે જ્યાં પતિ-પત્ની આવે તો છે પણ હોટલની બહાર નીકળે છે ત્યારે તેમના છૂટાછેડા થઈ ચૂક્યા હોય છે. નેધરલેન્ડ સ્થિત આ હોટલની ખૂબી એ છે કે સમુદ્ર કિનારે ભવ્ય સુવિધા ધરાવે છે અને ફક્ત દંપતિને જ એન્ટ્રી મળે છે. હકીકત એ છે કે અહીંયા એ જ દંપતી આવે છે જેમના દામ્પત્ય જીવનમાં ખૂબ મુશ્કેલી હોય, એકબીજા પ્રત્યે પ્રેમ રહ્યો ના હોય અને વિવાહીત જીવન તૂટવાની અણી પર હોય. આ હોટલમાં આવા કપલ્સ માટે ખાસ વ્યવસ્થા રાખવામાં આવી છે, તેમને સંબંધ સમજવા અને પૂરો કરવા માટે તક આપવામાં આવે છે, એડવોકેટ પણ ઉપલબ્ધ રહે છે. મોટેભાગે જ્યારે કપલ હોટલની બહાર નીકળે ત્યારે તેમના છૂટાછેડા થઈ ચૂક્યા હોય છે...!!!

## આ કામ કરીને પણ રૂપિયા કમાઈ શકાય છે...!!!

આજે અમે તમને એવી કેટલીક નોકરી બતાવીએ છે જેના વિશે તમે સ્વપ્નમાં પણ નહીં વિચાર્યું હોય ! આ કામ દરેકના ગજાનું નથી, આના માટે જિગર જોઈએ. કાનૂની તપાસ કરવા માટે મૃતદેહના કેટલાક અવશેષો અને હાડકાં પર લેપ લગાવીને ફોરેન્સિક લેબમાં આપવાની આ જોબ છે જેમાં સારા રૂપિયા મળી શકે છે. વિદેશમાં કેટલીય હોટલો તેમના બેડ કેટલા આરામદાયક છે એ તપાસવા પ્રોફેશનલને તેના પર સૂવાડે છે અને તેનો ફીડબેક માંગે છે. બીજું એક કામ છે ખરાબ ગેસ સૂંઘીને બીમારી બતાવવાનું જેમાં ટ્રેનીંગ લીધા બાદ સારા પૈસા કમાઈ શકાય છે.



હજુ છે અમારી પાસે તમારા માટે કામ.... હા, જાનવરોના ખોરાકને ટેસ્ટ કરવાનું આ કામ છે જેનો ટેસ્ટ તમારે કરવાનો છે. જેને કામ કરવું હોય એના માટે સો પ્રકારના કામ હાજર છે!

Owned & Published by Atul J. Shah
(Hi-Tech Vision) Feelings Multimedia Ltd., 102-104, Pacific Plaza, V.I.P. Road,
Karelibaug, Vadodara - 18. Ph. 0265-2489477 Editor : Atul Shah


asopalav.com
ONCE UPON A TIME
inspired from the past, crafted for today
AsōPalav®
AHMEDABAD
satellite | ashram road | ratanpole
SURAT
parle point

FEELINGS FORTNIGHTLY MAGAZINE, VADODARA (GUJ.) RNI NO. : 70471/98
Published On : 1st and 15th Every month

